ઓપિનિયન

यो वै भूमा तत् सुखम्।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 14 ● પ્રકરણ : 08 ● સળંગ અંક : 164 | 26 નવેમ્બર 2008 | શેષ લવાજમ : £35.36 / £56.61

ગિરા ગુર્જરીને વિશ્વગુર્જરી બનાવીએ

○ નારાયણ દેસાઈ

ગિરા ગુર્જરીને વિશ્વ-ગુર્જરી બનાવવા સારુ કદાચ સૌથી મોટી જરૂરિયાત ગુજરાતી સાહિત્યકારોની ગુણવત્તા વધે એને ગણી શકાય. ગુણવત્તા વધારવાની જ્યારે હું વાત કરું છું ત્યારે મારા મનમાં નીતિ વિષેના કોઈ વિધિનિષેધનો કે કોઈ માનસિક આભડછેટનો આશય હરગિજ નથી. જેને દુનિયા નીતિ માનતી હોય એવી કોઈ નીતિનું પાલન ન કરનાર પણ ઊંચા પ્રકારનું સાહિત્ય લખી શકે, એમ હું માનું છું. સાહિત્ય અંગેની નીતિ એટલે મારા મનમાં પોતાને અંગેની ઈમાનદારી, ચિત્તની વિશાળતા, ને સમાજના આક્ષેપો ઝીલવાનું સાહસ છે. આ ઉપરાંત સાહિત્કારમાં અભિવ્યક્તિની કુશળતા પણ જોઈએ. પણ ઉપરોક્ત ગુણવિહોણી કુશળતા નહીં.

આવા ગુણો કાંઈક અંશે જન્મજાત હોય તો પણ તે મુખ્યત્વે ખંતપૂર્વક કેળવવાથી વિકસે છે. આ પ્રક્રિયા એક પ્રકારે ઊર્ધ્વારોહણની હોય છે. ઊર્ધ્વારોહણનો આરંભ પોતાની જાતથી જ થાય છે. કોઈના અનુકરણથી નથી થતો.

“પરબ”ના વાચકોને આ વિષય જ્યાં સુધી લાગુ પડે છે તેટલા પુરતો એને તપાસીએ.

આવા ગુણવિકાસ સારુ ગુજરાતી સાહિત્ય પરિષદે પોતાનું વર્તુળ વિસ્તૃત કરવું પડશે. એની સાથે સંબંધિત સૌ કોઈએ પોતાના વ્યક્તિગત રાગદ્વેષ કે પૂર્વગ્રહો પરિષદના રાગદ્વેષ કે પૂર્વગ્રહ ન બને એની કાળજી રાખવી પડશે.

બીજું, પરિષદે સર્વસમાવેશકતા તરફ ગતિ કરવાની છે. આપણે આપણી કલ્પના અને તર્ક પ્રમાણે સાહિત્યના વિવિધ યુગો પાડ્યા છે. આજે પણ ગુજરાતી સાહિત્યમાં કેટલુંક પંડિતયુગનું ગણાય તેવું, કેટલુંક ગાંધીયુગનું ગણાય તેવું. કેટલુંક આધુનિકયુગનું અને કેટલુંક અનુઆધુનિકયુગનું ગણાય તેવું સાહિત્ય રચાય છે. એ સાહિત્યના યુગ કે એના વાદને લીધે એ સાહિત્ય ગ્રાહ્ય કે અગ્રાહ્ય ન ગણાવું જોઈએ. એ જ રીતે સાહિત્ય કોઈ એક વર્ણની ઈજારદારી નથી. સર્વ વર્ણોનો તેની પર સરખો અધિકાર છે. વળી નાગરી સાહિત્ય જેવું જ સ્થાન આપણી ભાષામાં ગ્રામીણ સાહિત્યને પણ હોવું જોઈએ. સાહિત્યકારની રુચિ મુજબ સાહિત્ય વાસ્તવવાદી કે આદર્શવાદી હોઈ શકે. એમાં કાંઈ એકને ઉતારી પાડવા કે ચઢાવવાની જરૂર નથી. બંને પ્રકારના સાહિત્ય પરસ્પર વિરોધી નથી, પણ પૂરક છે. એ જ રીતે સામાન્ય સાહિત્ય અને વિવેચન સાહિત્ય પણ પરસ્પર પૂરક બની શકે. એમાં જરૂર છે વિવેચકે કાજી બનવાને બદલે કેળવણીકાર બનવાની અને સાહિત્યકારે વિવેચનને તરછોડનારને બદલે એમાંથી ગ્રહણકાર બનવાની.



નારાયણ દેસાઈ

ગુજરાતી સાહિત્ય પરિષદના અધ્યક્ષ સહિત એના તમામ હોદ્દેદારોએ એ વાત કદી ન વિસારવી જોઈએ કે એમના હોદ્દા કરતાં એમની ઉપર મુકાયેલા વિશ્વાસનું મૂલ્ય વધુ છે. એમની સાથે સંબંધમાં આવનારામાં ઘણાયે એમના કરતાં વધુ અનુભવી કે વધુ કાર્યક્ષમ હોઈ શકે છે. સો કરતાં વધુ વર્ષથી કાર્યરત સંસ્થામાં પ્રણાલિકાઓ સ્વાભાવિક રીતે પડે જ. કેટલીક પ્રણાલિકાઓ સંસ્થાઓને ટકાવી રાખવામાં મદદરૂપ થઈ શકે છે. પણ પ્રણાલિકાઓ સંસ્થાને જડ પણ બનાવી શકે છે. પ્રણાલિકાઓ નિર્માણ થતી રહેવી એ પોતે એક ગત્યાત્મક પ્રક્રિયા છે એમ સમજીને હોદ્દેદારોએ આ બાબત વિવેકયુક્ત વર્તણૂક રાખવી જોઈએ.

પરિષદના તમામ સભ્યોએ સમ્માન કે પારિતોષિકો કરતાં પારસ્પરિક્તાને વધુ મહત્ત્વ આપવું પડશે. સાહિત્યકારની સાહિત્ય - સેવા જ એમના સ્થાનને ઊંચું ચઢાવે છે, એમનું પદ કે એમને મળેલાં પારિતોષિકો નહીં. આજકાલ મહત્ત્વાકાંક્ષાને ગૌરવવંતો ગુણ માનવામાં આવે છે. જ્યારે વિનોબા જેવા અનાસક્ત માણસ એવું વિધાન કરી ગયા છે કે ‘મહત્ત્વાકાંક્ષા એમને જ હોય, જેમનામાં મહત્ત્વ ન હોય’ ! આપણા સાહિત્યકારોના પરસ્પરના રાગદ્વેષ કરતાં જેટલે અંશે સાહિત્ય પ્રત્યેનો એમનો અનુરાગ ચઢિયાતો થશે એટલે અંશે ગુર્જરી ગિરા ઊર્ધ્વારોહણ કરશે.

સમાજમાં પ્રચલિત દૂષણો, દાખલા તરીકે કોમવાદ, જાતિવાદ, લિંગવાદ, રંગદ્વેષ, ક્ષેત્રવાદ વગેરેની અસર જાણ્યે અજાણ્યે સાહિત્યકારના માનસ પટ પર ઓછેવત્તે અંશે પડતી હોય છે. સાહિત્યકાર માણસ માણસ વચ્ચે ભેદ ઊભા કરનારાં તત્ત્વોને જેટલે અંશે દૂષણો સમજીને પોતાના અંતરના ઊંડાણમાંથી વીણી વીણીને એ દૂષણોને દૂર કરવા પ્રયત્ન કરશે તેટલે અંશે ગુર્જરી ગિરા વિશ્વગુર્જરી બનવાની દિશામાં અચૂક પગલાં માંડશે.

ગીતાના બારમા અધ્યાયમાં અદ્વેષ મૈત્રી અને કરુણાના ત્રણ ગુણોને એકી શ્વાસમાં ગાવામાં આવ્યા છે. સાહિત્યકાર જેમ જેમ પોતાનાથી આગળ ગયેલા વિષે અદ્વેષ, બરાબરીના વિષે મૈત્રી અને પાછળ રહેલા વિષે કરુણાભાવ કેળવશે તેમ તેમ એનો એવો ગુણવિકાસ થશે કે જે એના સર્જનને પણ એટલું વિકસિત કરશે.

સાહિત્યકારે નવી નવી ક્ષિતિજો શોધતાં રહેવું પડશે. સ્વાધ્યાયનો પ્રમાદ એને કદી નહીં પોષાય. ભારતની અન્ય ભાષાઓ પણ આપણી ભાષાને સમૃદ્ધ બનવામાં સહાયક થઈ શકે છે એ હકીકત આપણે કદી ન વિસારીએ. વિશ્વના ઉત્તમ સાહિત્ય સાથે પણ આપણો સંબંધ તાજો રહે એના સર્વ ઉપાયો આપણે યોજવા પડશે.

ગિરા ગુર્જરીને વિશ્વગુર્જરી બનાવવાની દડમજલ લાંબી છે. પણ એની શરૂઆત આપણા પહેલા પગલાંથી થાય છે. અને એ કોઈ પણ રીતે આપણા ગજા બહારની વસ્તુ નથી.

(સદ્ભાવ : ‘પરિષદ-પ્રમુખનો પત્ર’, “પરબ”, ઑક્ટોબર ૨૦૦૮; પૃષ્ઠ ૭ - ૮)

ઓપિનિયન

- *"ઓપિનિયન" ગુજરાતી ભાષાનું માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.*
- *"ઓપિનિયન"ના ગ્રાહક ગમે તે અંકથી થઈ શકાય છે.*
- *"ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.*
- *એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.*
- *"ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.*
- *લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.*
- *ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.*
- *જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.*

લવાજમના દર

શેષ લવાજમ આ દેશ માટે £37.44 તેમ જ પરદેશ માટે £59.94 છે. ચેક યા પૉસ્ટલ ઑર્ડર અથવા ડ્રાફ્ટ Parivaar Communicationsને મોકલવો.

◆

લવાજમ - સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Kutir', 4 Rosecroft Walk, WEMBLEY, Middlsex HA0 2JZ [U.K.]

Tel. : [+44] 020 - 8902 0993

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

.

ભારત માટે લવાજમ ભરવાનું ઠેકાણું

Villa Bellevue 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

Tel. : [022] 2386 2843

Fax : [022] 2826 1155/1166

e.mail : bharti_parekh@hotmail.com

સંપર્ક : ભારતીબહેન પારેખ

◆

માત્ર ભારતમાંના ગ્રાહકોએ જ, ફક્ત Rs. 4,000ની શેષ રકમ, Vipool Kalyani ને નામે લખી મોકલવી

ગ્રાહક પત્રિકા :

Name : ....

Address : ....

....

Post Code : ....

Telephone : ....

e.mail : ....

Subscription : £25 / £40

Date : ....

બુકર પ્રાઈઝ વિજેતા અરવિંદ અડિગાના વ્હાઈટ ટાઈગરની ડણક ભારે વાસ્તવિક છે

● દીપક મહેતા

એક બિઝનેસ જર્નલિસ્ટ આંકડાની માયાજાળ અને પિંક, ગ્લોસી કાગળની માયામાંથી મુક્ત થઇ ચળકાટ-અંધકારવાળી દુનિયામાં ડોકિયું કરાવી શકે તે કદાચ માની ન શકાય તેવી વાત છે, પરંતુ વાસ્તવિકતા છે.

મૂળ ભારતીય એવા અરવિંદ અડિગાએ પોતાનું શૈશવ ભલે ચેન્નઇની શાંત વનરાજીમાં વિતાવ્યું હોય, કારકિર્દી માટે મુંબઇ અને દિલ્હીમાં સ્થાયી થયા પછી જ આ નવલકથાનું બીજ તેમના મનમાં રોપાયું. અલબત્ત, ૨૦૦૫માં આ નવલકથા લખી પોતે જ એક કોરાણે મૂકી રાખી હતી.



અરવિંદ અડિગા

અડિગા વાત કરે છે એ મોડર્ન ઇન્ડિયાની જ્યાં અદના માણસ પાસે, મહિને રૂ. ૩,૦૦૦ કમાતા વ્યક્તિ પાસે મોબાઇલ છે. કારણ? મોબાઇલ ભારતની પ્રગતિનું જાણે પ્રતીક બની ગયું છે. એ જ ભારતનાં ગામોમાં પીવાનાં પાણી દોહ્યલાં છે. પાણી, વીજળી, સેનિટેશન જેવી મૂળભૂત જરૂરિયાતોને જાણે કોઇ પ્રાથમિકતા જ નથી.

'વ્હાઇટ ટાઇગર'ના હાર્દમાં આ માહોલ છે.

ભારતમાં ધનાઢ્યોની નવાઇ નથી. સાથે સાથે આ વર્ગથી સો ગણો વધુ વર્ગ છે એવા લોકોનો જેમને દિવસના ૧૮ કલાક વિના કોઇ રજા કામ કરવા પર પણ બે ટંકનો જોગ નથી થતો.

વ્હાઇટ ટાઇગરનો નાયક છે ડ્રાઇવર બલરામ હલવાઇ. ગામડાના ગરીબ પરિવારમાં જન્મેલા, વાતોડિયા બલરામની કારકિર્દી નિર્માઇ છે ગુડગાંવના એક લાંચિયા, ભ્રષ્ટ બિઝનેસમેનને ત્યાં, અને નવલકથા એ બે અંતિમ વચ્ચેથી શરૂ થઇને ગુજરે છે એ પડાવ પરથી જ્યાં બલરામ પાસે ગુનો કરવા સિવાય ઝાઝા વિકલ્પ જ નથી. અડિગાએ એક વેધક વાત બલરામને મોઢે કહેવડાવી છેઃ અમારા નળમાં પાણીનું ટીપું નથી. તમે દિલ્હીવાળાઓ અમને આપી શું શકો છો? (વાસ્તવિકતા એ છે કે ભારતમાં ૨૪ કરોડ લોકો પાસે મોબાઇલ છે)

૨૦૦૮નું બુકર પ્રાઇઝ લઇ જનાર ભારતીય વાચકોને કદાચ હિંદી થ્રિલર ફિલ્મની પટકથા જેવી લાગે, પરંતુ પશ્ચિમી દેશોમાં અમીરી-ગરીબી વચ્ચેના આ પ્રકારનાં બે અંતિમો, આર્થિક શોષણથી લઇને ભારત જેટલા મોટા, આર્થિક રીતે ઊભરતાં સુપરપાવર દેશ વિષે વાંચવી રસપ્રદ લાગવાની જને!

પોતાની સૌપ્રથમ નવલકથાથી બુકર પ્રાઇઝ મેળવીને અરવિંદ અડિગા ભારતની વરવી વાસ્તવિકતાઓને પ્રકાશમાં લાવવાનું કામ કરી શક્યા છે. ૧૯૭૪માં ચેન્નઈમાં જન્મેલા ૩૩ વર્ષના અડિગાની આ નવલકથા બુકર પ્રાઇઝમાં છ નામાંકિત લેખકોની સાથે સ્પર્ધામાં હતી. જેમાં ભારતીય લેખક અમિતાવ ઘોષની સી ઓફ પોપીઝ પણ શામેલ હતી.

મેંગલોર, ઓસ્ટ્રેલિયામાં ભણ્યા પછી ફાઈનાન્શિયલ ટાઇમ્સ, મની અને વોલ સ્ટ્રીટ જર્નલ માટે કાર્યરત રહેતા રહેતાં અડિગાએ અનુભવ્યું તે તેમણે એક ઇન્ટરવ્યુમાં કહ્યું હતું કે 'હું આર્થિક અખબારમાં છપાતા આંકડાઓને ક્યારેય ગંભીરતાપૂર્વક લેતો નથી.' કદાચ આ જ ફિલોસોફીએ તેમને વ્હાઇટ ટાઇગર જેવી કૃતિ લખવા પ્રેર્યા.

૧૯૬૯માં બુકર પ્રાઇઝ અપાવાની શરૂઆત થઇ પછી કુલ ૪૧ નવલકથાકારોએ આ સન્માન મેળવ્યું છે. જે પૂર્વે ભારતમાં જન્મેલા ત્રણ લેખકોને આ પુરસ્કાર મળી ચૂક્યો છે. સલમાન રશદી, અરુંધતી રોય, કિરણ દેસાઇ અને હવે અડિગા આ ઇનામ મેળવનારા ચોથા ભારતીય લેખક છે. ■

(સદ્દભાવ : 'વર્ડનેટ, "મુંબઈ સમાચાર", ૧૬ ઑક્ટોબર ૨૦૦૮)

આપ કી તારીફ

○ નિર્મિશ ઠાકર

પ્રકાશ ન. શાહને –

સાહિત્ય ના સદે, તો સમીક્ષક બની શકો !

પૂછતા રહીને પ્રશ્ન પરીક્ષક બની શકો !

અજ્ઞાનીઓના વિશ્વમાં હાંફી જશો 'પ્રકાશ',

વ્યાપે છે અંધકાર, નિરીક્ષક બની શકો !

આર્થિક મંદીના સૂસવાટા સામે દેશાંતરગમનનું ઉછાળાયેલું બોદું હથિયાર

મહારાજા સોલોમન, રાજા ભોજ અને શહેનશાહ જહાંગીર વચ્ચે બખૂબી એક પ્રકારનું દેખીતું સરખાપણું સવિશેષ દેખાતું આવ્યું છે. અચરજ થાય; પરંતુ, સૈકાઓથી લગભગ એક સરખી અનેક વાયકાઓ તેમની ચોમેર જડબેસલાક ફરતી રહી છે. એ દરેક જરૂર અદ્દલ ન્યાયી શાસક હતા, એમ કહેવાતું રહ્યું છે. ખેર ! ... આજે આવો અદ્દલ ન્યાય, ભલા, ક્યાં સાંપડતો હશે ? ધોળે દહાડે બત્તી લઈને શોધવા નીકળીએ તો ય તેવો ન્યાય તો કદાચ ભાળ્યો પણ ન જડે ! અને આપણે વળી નિયતકાલિક વહેવારિયાઓ, ગણતરીબાજી મતદાન પદ્ધતિ આધારિત, લોકશાહીની રીતરસમોમાં હરખાયા કરીએ છીએ !

વારુ, અમારા દેશની લોકશાહી પરંપરાનો જોટો કદાચ જડવો મુશ્કેલ છે; અને વળી, તેની ન્યાય પ્રણાલિ વિશે મગરૂર બની, હકીકત આધારિત વર્ણનો ઠીક ઠીક વાંચવા, સાંભળવા મળતા આવ્યા છે. આ દેશની ન્યાયતંત્ર વ્યવસ્થામાં પંદરેક વરસની સેવાઓનો અનુભવ લીધા પછી કહી શકાય કે અહીં ન્યાય શાસકીય કાયદાકાનૂન પર જ મહદ્ અંશે મદાર રાખે છે.

ગુજરાતી સમાજના એક જાણીતા વકીલ જય પટેલને તાજેતરમાં મળવાનો એક પ્રસંગ પડ્યો. દેશાંતરગમન બાબતના વિવિધ કાયદાકાનૂનોના માહેર આ નિષ્ણાત વકીલે 'શરણાર્થી અને દેશાંતરગમન ન્યાયપંચ'ના (અસાયલમ એન્ડ ઈમિગ્રેશન ટ્રાયબ્યુનલ) કેટલાક ચુકાદાઓની વાત છેડતા છેડતા પ્રચ્છન્ન રંગભેદની આછેરી ઝલકના દાખલાઓ સામે આંગળી ચીંધી હતી. ઈ.સ. ૨૦૦૨માં પસાર કરાયેલા 'નેશનાલિટી, ઈમિગ્રેશન અને અસાયલમ' ધારા અન્વયે આવી કેટલીક અપીલ અંગેના આ ચુકાદાઓ હતા.

આવા બે દાખલાઓમાં માતા બ્રિટનમાં વસે છે. અને પોતાના દીકરાઓને આ દેશમાં લાવવા માટે પ્રયાસ કરતાં રહ્યાં છે. આ માતાઓને પૂર્વ આફ્રિકી દેશો સાથેનો સંબંધ રહ્યો હતો. 'બ્રિટિશ નેશનાલિટી એક્ટ ૧૯૮૧'ના વિભાગ 'ફોરબી' અનુસાર, તે માતા, પરિણામે, બ્રિટિશ નાગરિક બનેલાં છે. આપણે આગળ જોયું તેમ, પેલા ૨૦૦૨ના કાયદાઓ અનુસાર, આ બાબતને આ સુધારાવધારાઓને, આ ૧૯૮૧ના કાનૂન સાથે આમેજ કરવામાં આવી છે અને તેને ૩૦ એપ્રિલ ૨૦૦૩થી અમલમાં લવાઈ છે. આ બંને અરજદારોએ પોતાના દીકરાઓને પોતાના અશ્રિત હોવાનું અરજીમાં જણાવ્યું હતું. અરજ ટાંકણે એ દરેકની વય ૧૮ વર્ષથી વધુ હોવાને કારણે એ અરજીઓ નામજૂર કરવામાં આવેલી.

ન્યાયપંચ સામે અરજદારોએ અપીલ કરી ધા નાંખી, અને બે તરફી દલીલો સાંભળ્યા પછી, છેવટે, માનવીય અધિકારો અન્વયે આ અરજીઓનો સ્વીકાર કરવામાં આવ્યો. કાયદાકીય ઈતિહાસની સબળ રજૂઆત અને ભૂતકાળના ચુકાદાઓના નક્કર દૃષ્ટાન્તો પણ પેશ થયા હતા. આમ, આ બંને દાખલાઓમાં, દીકરાઓને આખરે બ્રિટન પ્રવેશ કરવાની છૂટછાટ આપવાનો આદેશ આપવામાં આવેલો.

આ અને આવા આવા વિવિધ સંદર્ભો સાથે, દેશાંતરગમન (ઈમિગ્રેશન) જેવી બાબતોને કેન્દ્રમાં રાખી, ન્યાય બાબત આ પરંપરાને તપાસવાનો આ ફેરે પ્રયાસ કરવો છે. લેબર પ્રધાન મંત્રી ગોરડન બ્રાઉનના પ્રધાન મંડળમાંના હાલના ફેરફારોની પછીતે, તેના નવાસવા સીમાઓ અને ઈમિગ્રેશન બાબતના રાજ્ય સ્તરના પ્રધાન ફિલિપ વૂલાસના નિવેદનોને કારણે ઊભી થયેલી સમસ્યાઓ ય ચકાસવી રહી.

આ મુઠી શા નાનકડા દેશમા રોજગારીની અછત વર્તાવી શરૂ થઈ છે. પૂર્વ પ્રધાન ફ્રેન્ક ફિલ્ડ, પૂર્વ આર્ચબિશપ કેરી તેમ જ 'ઈમિગ્રેશન વૉચ'ના વડાએ, આથીસ્તો, આ કોયડાના હાર્દને પકડીને આ આખી દલીલમાંની વાસ્તવિકતા ભણી નજર ઠેરવાનો નિર્દેશ કરેલો જ છે. બીજી તરફ આ જાગતિક સ્તરની આર્થિક મંદીની અસર ઠામઠામ જોવા મળે છે. કેટલાક તજજ્ઞો તો હવે વિલાયતમાં પણ મંદીનું વાવાઝોડું ફુંકાઈ રહ્યું છે, તેમ માને છે. ત્યારે શાસનના આ એક પ્રધાન દેશાંતરગમનની બાબત આ રીતે છેડે છે ત્યારે નવાઈ લાગે છે. કામચલાઉ ધોરણે બ્રિટન આવતા આપ્રવાસીઓ રોજગારીઓ મેળવે છે અને પરિણામે નાગરિકોને રોજગારીની તકોમાંથી વંચિત બનવાનું આવે છે, તેવો તેમનો આરંભનો સૂર હતો. આ ભડકામણી દલીલબાજીમાં રંગભેદની બૂ સતાવતી હોવાનું કેટલાંકોને લાગ્યું. ટૉરી તેમ જ લિબરલ ડેમોક્રેટ પક્ષોના આગેવાનોએ આ મુદ્દો પકડીને ભારે આલોચનાઓ કરી. અને પછી, ફિલિપભાઈ શુષ્ઠુ શુષ્ઠુ બોલતા થઈ ગયા.

પોલીશ લોકો સામે એક વખત આવી દલીલો ઉછળતી હતી. ચોમેર વર્તાતી બેકારી પાછળ આ મંદીની હાલતનો સામનો કરવાને બદલે અનેક પોલીશ આપ્રવાસીઓ પોતાના મુલક ભણી પરત થયાના અધિકૃત આંકડાઓ સાંપડતા રહ્યા છે. હકીકતમાં તો પૂર્વ યુરોપીય દેશોમાંથી આવતા આપ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયાનું પણ સરકારી સ્તરમાંથી જાણવા મળે છે. સામે પક્ષે, વિલાયતમાંથી અનેક લોકો જગતના બીજીત્રીજા દેશોમાં અને તેમાં ય ખાસ કરીને યુરોપના અન્ય દેશોમાં રોજગારી માટે ગયા હોવાના પણ નક્કર દાખલાઓ છે. તેને નજર અંદાજ કરી, આમ જનતાને, ભલા, ભરમાવાનો તો અહીં પ્રયાસ નથી ને ? – આવું આવું કહેવાતું રહ્યું છે. આ બધી દલીલોને કારણે બહુ સાંસ્કૃતિક સમાજના પાયામાં પલીતો ચાંપવાનો પ્રયાસ હોય તેમ પણ લાગે છે.

લંડન કૉલિંગ

બીજી તરફ, ભારત જેવા દેશોમાંથી વિસિત મુલકોમાં ગેરકાયદે લોકોને ઘુસાડવાના અનેક ષડયંત્રો પકડાતા રહ્યા છે. આવી એક ઘટના બેલ્જિયમમાં હાલ બની હતી. પોલીસોએ રાજધાની બ્રસેલ્સમાં કેટલીક જગ્યાઓએ છાપા મારીને ધોલકાઓમાંથી પંદરેક આવા 'માનવ તસ્કરો'ને ઝબ્બે કરેલા. વળી તેની સાથે સબડતા આશરે બસો જેટલા હિંદી નાગરિકોને પણ અટકમાં લેવામાં આવેલા હતા. આ સૌ ભારતથી બ્રિટન પ્રવેશ કરવાના હતા, એવી બાતમી સાંપડે છે. કહે છે કે એક એક અંધારિયા ઓરડાઓમાં, બબ્બે દઝન લોકોને રાખવામાં આવેલા. સ્થાનિક ગુરુદ્વારામાંથી પણ બીજા પચાસેક લોકોને અટકમાં લેવાયા હતા, તેમ જાણવા મળ્યું છે.

બ્રસેલ્સના આ ઘોલકામાં હિંદી આપ્રવાસીઓ

આ વિશ્વવ્યાપી અર્થકારણ તેમ જ બજારુ અર્થતંત્રની અસરનું પણ દ્યોતક હોઈ શકે. નવી દિલ્હીની જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીનાં અધ્યાપિકા અને જાણીતાં અર્થશાસ્ત્રી પ્રાધ્યાપક જયતી ઘોષની 'બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કૉરપોરેશન' માટે આપેલી તાજેતરની એક મુલાકાતમાં ય આવું સમજાતું રહ્યું છે. તેમના મત અનુસાર, નૂતન ઉદારીકરણના અર્થતંત્રના આ નમૂનાઓ બૌદ્ધિક રીતે ખાલીખમ્મ રહ્યા છે. આથી તે ભયજનક તેમ જ અસ્થિર બનતા ગયા છે. આ દેવાળિયા નમૂનાઓ અને પ્રતિમાનોને ઠેકાણે, વિશેષ પ્રમાણિત તેમ જ લોકશાહી રીતરસમ આધારિત વિકલ્પોનો આશરો લેવાનું એ કહેતા હતાં.

(૨૧ ઑક્ટોબર ૨૦૦૮)

ખારાં પાણીની અજબગજબની મીઠાશ

ફિનીશ સ્થપતિ અલ્વર આલ્ટો (૧૮૯૮-૧૯૭૬)ને નામ એક ઉક્તિ બોલે છે : આપણો સાંપ્રત સમય ઝાઝેરો વિશિષ્ટ બનતો ગયો છે, કેમ કે આપણી વચ્ચે એવા લોકો છે જે, ઓછી અને વધુ ઓછી માહિતીવિગતો બાબત, વધુ ને વધુ જાણકારી ધરાવે છે. (Our time is so specialised that we have people who know more and more about less and less. – Alvar Aalto). આપણામાંના કેટકેટલા પંડિતોને આ લાગુ પડી શકે ?!

વારુ, ગુજરાતી ભાષાનો પ્રથમ શબ્દાર્થ કોશ જેને માનવામાં આવે છે તે 'નર્મકોશ' સામે છે. કોશકાર છે કવિ નર્મદાશંકર લાલશંકર. સંપાદક છે રમેશભાઈ મ. શુક્લ. પ્રકાશક છે કવિ નર્મદ યુગાવર્ત ટ્રસ્ટ, સુરત. સુરતસ્થિત સાહિત્ય સંકુલ અને સાહિત્ય સંગમનો પ્રકાશન સારુ સહયોગ મળેલો છે. મગરૂરીપૂર્વક આ કોશ ઉપયોગમાં લેવાનો થાય છે. આપણી ગુજરાતી ભાષા-સાહિત્યનું એ સોહતું છોગું છે.

આ કોશમાં આરંભે, 'કોશ એટલે કોશ એટલે કોશ' મથાળા સાથે, આ આદરમાન વિદ્વાન સંપાદકે ૩૬ પાનામાં પ્રસ્તાવના આપી છે. કોશસાહિત્યમાં જેમને જેમને રસ હોય અને ભાષાવિજ્ઞાનમાં થોડીઘણી સમજણ પડતી હોય, તેમને માટે આ અગત્યની વાંચનસામગ્રી છે. ગણપતરામને ઉદ્દેશીને ૭ જુલાઈ ૧૮૬૮ના દિવસે નર્મદાશંકરે એક ચિઠ્ઠી લખી હતી. આરંભે, તે ટાંકવામાં આવી છે. નર્મદાશંકરે લખ્યું છે : *'નર્મકોશ છપાવવાની ચર્ચા ચાલે છે તેથી ખેદ પામું છઉં ... જારે બેકદર લોકમાં ગમે તેમ ચર્ચા ચાલે તારે મારા સરખાનું મન કેમ ન દુભાય ? ... ભાઈ ! એ કોશ વહેલો મોડો પણ છપાશે જ ને પ્રસ્તાવનામાં લખવાનું થશે કે મદદ માટે ગુજરાતીઓમાંથી કોઈ સદ્ગૃહસ્થ ન મળ્યો. ... '*

આ ઘટનાને ફક્ત ૧૪૦ વર્ષ થયાં છે. પણ છે કોઈ ફરક ? આપણે તો ઠેરના ઠેર ! ... આજકાલ, ગુજરાતી લેક્સિકોનવાળા રતિલાલ ચંદરયા અહીં લંડનમાં છે. એમણે દીધા ડિજિટલ કોશની વાત પણ સાથે સાથે આજકાલ સમાચારમાં કેન્દ્રસ્થાને છે. આમ ગુજરાતીલેક્સિકોનની, ડિજિટલ કોશની અને રતિભાઈની વાત અહીં કરવી છે. પરિણામસ્વરૂપ, વાચક દોસ્ત, ચંદરયા ઘરાનાની વાત અહીં કરવી નથી. એ જૂથના ધંધાધાપાની વાત પણ છેડવી નથી. આંગળીના વેઢા ય ઝાઝા પડે; ફક્ત એટલી જ માંડ ચોપડી ભણનાર આ માણસે 'ગુજરાતીલેક્સિકોન' ક્ષેત્રે જે અભૂતપૂર્વ કામ ગુજરાતીને ચરણે ધર્યું છે તેની જ વાત કરવી છે. સાતે ય કોઠે દીવા પ્રગટે અને ભારોભાર અચરજ થાય તેવું આ મહાભારત કામ છે. અને તેમ છતાં, રતિલાલ ચંદરયા જો ખમતીધર ન હોત, તો ભલા, નર્મદની પેઠે તેમને ય ક્યાંક લખાણ કરવાનો વારો આવ્યો હોત : 'ગુજરાતીઓમાંથી કોઈ સદ્ગૃહસ્થ ન મળ્યો ... !' ... વારુ, ડાયસ્પોરિક ગુજરાતીનું આ અદકેરું કામ છે અને રચયિતા તેનું ઉમદા ઘરેણું છે. અને છતાં, હાલમાં અહીંથી પ્રગટ 'બ્રિટિશ ગુજરાતીઝ' ચોપડીમાં, આ ઘટના બારામાં મૌન વર્તાયું છે ! આવું ભલા કેમ ? ખેર, સંપાદકની સૂઝબૂઝનો આ મુદ્દો છે અને તેમને ય કોઈક કારણબારણ હશે તેમ ધારી લઈ, આપણે ય આછીપાતળી વેવલાઈની બીજી કોરે ફંટાઈ જઈએ.

આ લખાણ થાય છે ત્યાં સુધીમાં ૧૫,૫૬,૯૨૨ જેટલા લોકોએ આ ડિજિટલ કોશ જોવાનો રાખ્યો છે. ગુજરાતી લેક્સિકોન જૂથના એક તજજ્ઞ કમ્પ્યૂટરનવીસ કાર્તિક મિસ્ત્રીની જહેમતથી પ્રાપ્ય આંકડાઓ તપાસવા સમ છે. આપણે માત્ર ગયા માસની જ વાત અહીં કરીએ તો જગતભરમાંથી ૪,૨૬૯ લોકોએ ગુજરાતી લેક્સિકોનની કોમ્પક્ટ ડિસ્ક ઇન્ટરનેટ પરેથી સીધી ઊતારી હતી. ગુજરાતીલેક્સિકોનના કોશને ૬,૨૭૧ જેટલાં મેળવનારાઓમાં હતા. બીજી પાસ, 'સરસ' સ્પેલચેકરનો લાભ ૧,૫૨૯ લોકોએ લીધો હતો. આ તો ફક્ત એક જ માસના આંકડાઓ છે. હજુ નવેમ્બર માસ આટોપાયો નથી, ત્યાં હાથવગા આંકડા તપાસીએ તો સીધુંસપાટ સમજાય છે કે આ સામગ્રીનો ઉપયોગ રોજ-બ-રોજ વધી જ રહ્યો છે.

ગઈ સાલ, ડિસેમ્બર માસના અંત ભાગે, ગાંધીનગર મુકામે, ગૂજરાત વિદ્યાપીઠના સાર્થ જોડણીકોશને વિધિવત્ ડિજિટલ અવતાર સાંપડેલો. એ ગંજાવર કામમાં, રતિભાઈની નિશ્રામાં 'ગુજરાતી લેક્સિકોન' જૂથની સેવાઓ પણ તન, મન ધને ધરબાઈ છે. એ કામ ફક્ત ગૂજરાત વિદ્યાપીઠનું નહોતું; એ કામ માત્ર રતિભાઈ અને ગુજરાતી લેક્સિકોન તંત્રનું નહોતું; એ કામ આપણી ગુજરાતીનું જ હતું. અને તેથી મારા સહિત અનેકોએ તેમાં મનથી, વચનથી, કર્મથી તપ પૂર્યું. એ અભૂતપૂર્વ કામ આપણી જબાન સિવાય અન્યત્ર થયું હોત, તો ગૂજરાત વિદ્યાપીઠ અને ગુજરાતી લેક્સિકોનને, ઉપરતળેથી, સરકારી અને અ-સરકારી સ્તરેથી, ભાષા - સાહિત્યની સંસ્થાઓ વડે કેટકેટલાં માનઅકરામો સાંપડ્યાં હોત. પણ આપણે નર્મદે લખ્યું છે તેવા 'બેકદર લોક', ફરીવાર, અહીં સાબિત થઈને રહ્યા છીએ !

આરંભના દિવસોમાં કેટલાક કહ્યા કરતા કે આ ગુજરાતી લેક્સિકોનની સામગ્રી વૈજ્ઞાનિક ઢબછબે બનવી જોઈએ. તેમાં આ શબ્દોનો ખડકલો છે તેને સરખી રીતે શાસ્ત્રીય રીતે ગોઠવવા જોઈએ. થયું. ગૂજરાત વિદ્યાપીઠની કૂનેહ અને જહેમતથી હવે આ કામ પણ પાર પડ્યું છે. ગુજરાતી લેક્સિકોનની સામગ્રી ગૂજરાત વિદ્યાપીઠ દીધા સાર્થ જોડણીકોશની શાસ્ત્રીયતા અનુસાર હવે ઠેર ઠેર જોવાની સાંપડશે. આ એક ભારે અગત્યનું ઐતિહાસિક પગલું છે અને તેનાથી પોરસ ચડે છે. ગજ ગજ છાતી ફૂલાય પણ છે. ટૂંકામાં, વિદ્યાપીઠ અને ગુજરાતી લેક્સિકોનનું આ સહિયારું તપ આપણી ગુજરાતીનું ભવિષ્ય અંકે કરી આપે છે.

પણ હવે શું ? આપણી સામે હવે કેવો નકશો હોય ? આ સાર્થ જોડણીકોશનો વપરાશ વધે તેને સારુ ગુજરાતી ભાષાશિક્ષણના ડિજિટલ કાર્યક્રમો તૈયાર કરવા પડશે. તેમાં આ બંને સંસ્થાઓએ ફરી વાર જોતરાવું રહે. વળી, સમસામયિકો અને પુસ્તક પ્રકાશન સારુ સજ્જ પ્રૂફરીડર્સ તૈયાર કરવાના છે. આ વિશાળકાય કામ બાબતના તાલીમ વર્ગોની એક યોજના વિદ્યાપીઠ તેમ જ લેક્સિકોને સહિયારી વિચારવી રહે છે. બીજી પાસ, આટલાઆટલા ફોન્ટ્સ અને ગુજરાતી ભાષામાં લખાણ કરતાં કમ્પ્યૂટર માંહેના અનેકાનેક પ્રૉગ્રામો છતાં, આપણને પારાવાર અરાજકતાઓ અડેનડે છે. કેટલુંક આડેધડ હીંડ્યા કરે છે. એ ક્ષેત્રે ગુજરાતી લેક્સિકોને આગેવાની લીધા વગર કોઈ જ ચારો નથી. અંગ્રેજીની પેઠે, આપણે ત્યાં, સુઘડ એકવાક્યતા આવે, તેવા તેવા દિવસના આપણને પણ ઓરતા છે.

નર્મદે ગણપતરામને લખ્યું હતું કે, *'મદદ માટે ગુજરાતીઓમાંથી કોઈ સદ્ગૃહસ્થ ન મળ્યો. ... '* આપણી યોજનાઓ માત્ર ગૂજરાત વિદ્યાપીઠની જ નથી; એ ફક્ત ગુજરાતી લેક્સિકોનની જ નથી; વળી, તે રતિલાલ ચંદરયાની કે પછી ચંદરયા ફાઉન્ડેશનની જ જવાબદારી નથી; એ આપણા દરેકની, તમામની સહિયારી જવાબદારી ઠરે છે. અને તેને કોઈ પણ ભૌગોલિક સીમાડાઓ નથી, ગુજરાતીની વ્યાખ્યા ય, કોઈ પણ પ્રકારે, સાંકડી નથી. તેને કોઈ રંગ, વર્ણ, ધર્મ, પંથ, જાતિ કે રાષ્ટ્રનાં ય ટીલાંટપકાં નથી. વિશ્વભરની આપણી ગુજરાતી જમાતની, એક માત્ર, આ વાત છે. આથીસ્તો, ચાલો, આપણે દરેક સક્રિયપણે હાથવાટકો બનીએ; અને આપણે, દરેક શાણા લોક, રૂડી ગુજરાતી વાણી રાણીના વકીલ બનીએ, અને આ કોશનો કોશ છલકાવી દઈએ.

પાનબીડું :

થી બેનમક મેરી હી ઝબાઁ વરના સચ હૈ યે
નમકીન પાનિયોં મેં ગઝબ કી મીઠાશ હૈ

- હકીમ મન્ઝૂર

(૧૭ નવેમ્બર ૨૦૦૮)

e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

‘મુઠ્ઠીમાં રાખતાં તો માટીની પાંદડી ... ને વેર્યે ફોરમનો ફાલ –’

ગુજરાતી સાહિત્યના એક મેરુ સમ કવિ એટલે મકરંદ દવે. તેમનું અને અને તેમની કવિતાઓનું ભારે વળગણ રહ્યું છે. આ મરમી કવિ ‘ગમતાંનો કરીએ ગુલાલ’માં, સચોટ સવાલ છેડીને, સટોસટ જવાબ પણ આપી દે છે :

ગાંઠે ગરથ બાંધી ખાટી શું જિંદગી ?

સરી સરી જાય એને સાચવશે ક્યાં લગી ?

આવે તે આપ કરી પળમાં પસંદગી,

મુઠ્ઠીમાં રાખતાં તો માટીની પાંદડી

ને વેર્યે ફોરમનો ફાલ. –

અમારાં વિલાસબહેન ધનાણીએ, વાસ્તવમાં, વરસોથી, ફોરમનો ભર્યોભાદર્યો ફાલ ચોમેર સતત વેર્યા કર્યો છે. વિલાસબહેન ધનાણી વ્યક્તિ માત્ર જ નથી; એ ખુદ, હવે, સંપૂર્ણ અર્થમાં, ચેતનવંતી હૂંફાળી સંસ્થા છે. વિલાયતની ગુજરાતી સમાજમાંની સેંકડો બહેનોને માટે એ અધિષ્ઠાત્રી છે, આદર્શ છે. મુઠ્ઠી ઊંચેરું અમારું એક માનવધન છે. જયન્ત મ. પંડ્યાએ, એક દા, લખેલું, ‘ ... નજરે પડે છે સારવાર લેતી વ્યક્તિઓ, પોતપોતાનાં કામમાં વ્યસ્ત બહેનોનું વૃંદ અને વચ્ચે એક નાનકડા ટેબલ ખુરશી ઉપર બેઠેલાં એક બહેન તથા આસપાસની ખુરશી પર બેઠેલી સલાહસૂચન મેળવતી બેત્રણ બહેનો. ખુરશી ઉપર બેઠેલાં સન્નારીની સમીપે કોઈ ઠાઠ નહીં, કોઈ ઠસ્સો નહીં. હતું એક શાન્ત અને શીળું સ્મિત, નેહ નીતરતી આંખો અને કરુણાળુ હૈયું. એ હતાં વિલાસબહેન ધનાણી.’ દિલના હોજમાંથી ફૂટતા રહ્યા આવા આવા ફૂવારામાં ભીંજાતી અને પરિતૃપ્ત બનતી, અનેક બહેનોને સાંભળવાની અબીહાલ તક સાંપડી. વિક્રમ સંવત ૨૦૬૪ની આથમતી સંધ્યાએ, ‘શ્રાવિકા સત્સંગ મંડળ’ હેઠળ, સપરમા દિવસોને વધાવવાનો એ અવસર હતો.

ઓપિનિયન”માં, ઑગસ્ટ ૧૯૯૯ દરમિયાન, પ્રગટ દિવંગત મિત્ર જયન્ત પંડ્યાની કલમ, પ્રથમપહેલાં, માણી લઈએ : ‘શ્રાવિકા સત્સંગ મંડળ’માં સારવાર પામેલા એક દરદીની કેફિયત સાંભળવા જેવી છે. દરદીનું નામ સુરેશ દલાલ. વ્યવસાય કવિતા લખવી, વાંચવી અને ફેલાવવી. પરંતુ એમની કેફિયત કવિતા વિશે નથી, ખુશાલી પ્રગટ કરી છે એમણે જીવનધારામાં વહેતી જોયેલી કવિતાની :

‘એક માણસને એનો રોગ થયો હતો કે એ પથારીમાં ઊભો પણ નહોતો થઈ શકતો, પછી ચાલવાની તો વાત જ ક્યાંથી હોય ?

‘વિલાસબહેને એ માણસને એટલી હદે સાજો નરવો કરી દીધો કે આજે એ હરે છે, ફરે છે, દોડધામ કરે છે, ગાડી ચલાવે છે અને નોર્મલ માણસ તરીકે જીવે છે. મારી પોતાની વાત કરું તો થોડાક મહિના પહેલાં જ હું લંડન ગયો હતો. લંડનથી અમેરિકા જવાનો હતો ત્યાં એવો સખત બીમાર પડ્યો કે ખુરશી પરથી ઊઠતાંબેસતાં કે પથારીમાંથી ઊઠતાં ચીસ પડાઈ જાય એવું શૂળ હતું. કમરમાં અસહ્ય દરદ થતું હતું. મનમાં વિચાર કર્યો કે અમેરિકા જવાનું માંડી વાળવું પડશે. વિલાસબહેને અને એમના સહકાર્યકર્તાઓએ બેત્રણ દિવસ, દોઢબે કલાકની, એવી સારવાર કરી કે દરદ ગાયબ થઈ ગયું. મોટીબહેનની જેમ, માતાની જેમ માવજત કરે. મેં કહ્યું, મને તમારા નિયમ પ્રમાણે ત્રણ પાઉન્ડ આપવા દો. એમણે કહ્યું કે અમારે પાઉન્ડ નથી જોઈતા. તમે અમને કવિતા સંભળાવો. મેં એમને રાજેન્દ્ર શાહ અને મારી કવિતા સંભળાવી.’

‘સુરેશ દલાલની સારવાર બેઠકના સાક્ષી છે, મંગળદાસ પટેલ; અને પેલા ત્રણ પાઉન્ડનો છે ઈતિહાસ.’ સાહિત્યકાર જયન્ત પંડ્યા ઈતિહાસકાર મંગળદાસ પટેલની વાતને સરાણે ચડાવે છે, અને પછી, એમની કલમ, જુઓ કેવી સરસ આગળ ધપે છે : ‘પહેલાં મફત સારવાર આપવામાં આવતી, પણ સંખ્યા એટલી બધી વધી ગઈ કે જે સારવારના બીજે ઠેકાણે ત્રીસ પાઉન્ડ આપવા પડે તે સારવાર શ્રાવિકા સત્સંગ મંડળમાં ત્રણ પાઉન્ડમાં મળે. એ ત્રણ પાઉન્ડ પડે વચ્ચોવચ મૂકેલી એક થાળીમાં. દિવસને અંતે એનો સરવાળો થાય અને છેવટે એ બધા પાઉન્ડ નીકળી પડે અસહાય અને અભાવગ્રસ્ત માણસોને જીવનનો થોડો ઉમંગ અને ઉત્સાહ બંધાવવા. ‘આવા કેટલા પાઉન્ડ ગયા હશે ?’ એવા સવાલના જવાબમાં વિલાસબહેન કહે કે એનો ચોપડે હિસાબ નહીં મળે પણ, અંદાજે સાડાત્રણ ચાર લાખ પાઉન્ડ ! મારી આંખ પહોળી થઈ ગઈ. સાડા ત્રણ લાખ પાઉન્ડ એટલે બે કરોડ, પિસ્તાળીસ લાખ રૂપિયા ! માય ગોડ ! કોઈ દાનેશરીને ઈર્ષા થાય એવું કામ આ નાનકડી સંસ્થા કરે છે ! મારી અહોભાવભરી નજર આમતેમ ફરે છે અને નજરે પડે છે સંસ્થામાં રહીને પિયરનો અનુભવ કરતી કરાવતી અને આનંદ-સંતોષનો ભાવ વ્યક્ત કરતી – જયાબહેન, ઉષાબહેન, ભારતી, અનિલા, કુસુમબહેન, સુશીલાબહેન, સુમતિબહેન, શાન્તાબહેન, તારાબહેન, સુશીલાબહેન, દેવકોરબહેન, જયાબહેન, ધનુબહેન, રમાબહેન, નિર્મળા, સરલા, વિમળા જેવી બહેનો ઉપર. એમાં ઝિયા રવજી નામે મુંબઈનાં ખોજાં પરિવારનાં બહેન છે જે ગીતા અને આયુર્વેદ ઉપર વાર્તાલાપ આપી શકે છે. પ્રેમસગાઈના તાંતણે અહીં સહુ બંધાયાં છે.’

બુધવારિયા શિબિરમાં એક વિકલાંગ દરદીને એક્યુપ્રેશર વાટે સારવાર આપતાં જયાબહેન દેસાઈ

પ્રેમસગાઈને તાંતણે બાંધનારાં આપણાં આ વિલાસબહેન ધનાણીનો જન્મ નાયરોબીમાં, માતા હીરુબહેન અને, જામનગર જિલ્લાના આરીખાણા ગામના મૂળ વતની, પિતા શાહ દેવચંદ મૂળજી દોઢિયાને ત્યાં, ૩ એપ્રિલ ૧૯૩૭ના રોજ થયો. વિલાસબહેનથી એક મોટા ભાઈ ધીરુભાઈ દોઢિયા; અને પછી, વિલાસબહેન, તેમ જ અન્ય ભાઈભાંડુંનો ક્રમ આમ આવે : સુશીલાબહેન રમણીકભાઈ શાહ, અનસૂયાબહેન કાંતિલાલ શાહ, રશ્મિભાઈ દોઢિયા, દિવંગત રોહિતભાઈ દોઢિયા અને ગિરીશભાઈ દોઢિયા. નાયરોબીમાં આર્ય સમાજી નિશાળમાંથી સિનિયર કેમ્બ્રિજ સુધીનો શાળાંત અભ્યાસ વિલાસબહેને કરેલો. અને પછી જામનગર જિલ્લાના ચેલા ગામના મૂળ વતની અને કેન્યાના મકૂયુ ગામે સ્થાયી થયેલા રતિલાલ જેઠાલાલ ધનાણી સાથે ૧૯૫૫માં વિલાસબહેન લગ્નગ્રંથિથી જોડાયાં.

કેનિયાને ૧૯૬૩માં આઝાદી સાંપડી. આફ્રિકા ખંડના બીજા આઝાદ મુલકોમાં જે વાયરો વાતો હતો તેની અસર અહીં પણ શરૂ થઈ. ૧૯૬૯ દરમિયાન, કેન્યાઈકરણનો વાયરો ફૂંકાવો શરૂ થયો અને તેની અસર હેઠળ અનેક હિંદવી નસલના લોકો ઐતિહાસિક કારણે બ્રિટન સહિતના દેશો ભણી ડોકાતા થયા અને તે ભણી રવાના ય થવા લાગ્યા. આવા કોઈક કારણે વિલાસબહેન અને રતિભાઈ ધનાણી પણ ૧૯૭૨ના અરસામાં, વિલાયતમાં ઠરીઠામ થવા આવ્યાં. અને પછી રતિભાઈએ પોતીકી કોઠાસૂઝ અને કૂનેહથી ધંધોધાપો માંડ્યો. રતિભાઈએ કેન્યાથી ફળફળાદિ મેળવીને તેનો જથ્થાબંધ વેપાર આદરેલો. અને હવે જગતના લગભગ દરેક ખંડમાંથી આવતી આવી સામગ્રીઓનું જથ્થાબંધ વિતરણ

કરવા સુધીનો વ્યવસાયિક વ્યાપ વધ્યો છે. ‘વીલમોર લિ.’ને નામે વિકસતો એ વ્યવસાય આજે જગતભરમાં પંકાતો થયો છે અને તેની ક્ષિતિજ દેશદેશાવરમાં પ્રસરી ગઈ છે.

વિલાસબહેનને ‘લોકમિલાપ ટ્રસ્ટ’ના મહેન્દ્રભાઈ મેઘાણી સાથે ગાંધી શતાબ્દિના ગાળાથી સંપર્ક બંધાયેલો. વિધવિધ ગાંધીસાહિત્યની ખેપ લઈને મહેન્દ્રભાઈ એ દિવસોમાં જગત ભરમાં ઘૂમી વળેલા. એ કેન્યા પણ ગયેલા. અને ૧૯૭૯ના અરસામાં મહેન્દ્રભાઈ ફરી બ્રિટનની સફરે આવ્યા. અને પરિણામે, મહેન્દ્રભાઈને કારણે, વિલાસબહેન અને રતિભાઈના નિજી સંપર્કમાં આવવાનું બન્યું. હવે એ સંબંધ પણ વિકસીને ઘાટો બન્યો છે. એ આરંભના દિવસોમાં સાહિત્યની હાટડીઓ ઊભી કરીને એ સરસ અને ઉમદા સાહિત્ય લોકો સુધી પહોંચતું કરવા માટે અમે સમય અને શક્તિને વહેતાં મૂક્યાં હતાં. એ સિલસિલો લાંબા સમય સુધી ચાલેલો.

વિલાસબહેન ધનાણી

વિલાસબહેન ધનાણીમાં બીજાને સહાયક થવાની જબ્બર સમજણ છે. આર્યસમાજી પરંપરામાં લીધેલાં શિક્ષણની અસર વિલાસબહેનમાં આજે સભર સભર જોવાની સાંપડે છે. આપણાં ધર્મગ્રંથો અને આદિગ્રંથો વિશેની એમની સમજણ, આથીસ્તો, સતત જીવંત રહેવા પામી છે. એ ખુદ વાંચે છે ખૂબ, અને સાથીસહોદરોને પણ વંચાવે છે પણ ઘણું. અને તેને લક્ષમાં રાખીને ‘શ્રાવિકા સત્સંગ મંડળ’ની ૧૯૭૩માં રચના કરી. આરંભમાં ઘેર ઘેર હળવા મળવાનું થતું અને સમાજસેવાનાં કામો હાથ ધરાતાં રહેલાં. ધીમે ધીમે પશ્ચિમ લંડનના વેમ્બલી, કેન્ટન વિસ્તારોમાં જગ્યા ભાડે રાખીને કેન્દ્ર ચલાવવાની જોગવાઈ ઊભી કરી. અને આમ, આજે, વેમ્બલીના લંડન રોડ પરેના ડેનિસ જેક્સન સેન્ટરમાં, દર બુધવારે સવારે ૧૦.૦૦થી બપોરે અઢીત્રણ વાગ્યા સુધી એમનો સેવાયજ્ઞ ચાલુ રહેતો હોય છે.

ગુજરાતના ધરમપુર વિસ્તારમાં પિંડવળ ખાતેના સર્વોદય સમાજ સંચાલિત સેવાકામોમાં જેમ એમનો અમર્યાદ નિધિ પહોંચ્યો છે, તેમ જામનગરની વિખ્યાત કસ્તૂરબા સ્ત્રીવિકાસ ગૃહમાં પણ એવી સહાય પહોંચી જ છે. છેવાડાના લોકોને મદદરૂપ થતી અનેક સરવાણીઓ દાયકાઓથી આ જૂથમાંથી અન્યત્ર ય સ્રવ્યા કરી છે. શ્રાવિકા સત્સંગ મંડળની બહેનો તરવાનું શીખે અને તંદુરસ્તી હાંસલ કરવા તેનો ય લાભ મેળવે, તે બાબત પણ વિલાસબહેને નજરઅંદાઝ કરી નથી. ભારતીય લિબાશમાં હરતીફરતી અનેક બહેનોનો ક્ષોભ ટાળીને એમને ‘સ્વીમીંગ કોશ્ચ્યુમ’ પહેરતી કરી, તરતાં શીખવી છે. આવી વીસેક જેટલી બહેનો આજે તરવાનો જબ્બર આનંદ લૂંટતી થઈ છે. જ્ઞાન અને જીવનની ક્ષિતિજ વિસ્તરતી રહે તેને સારુ, વળી એમણે અનેક સ્થળોએ બહેનોને જૂથમાં લઈ જવાનું રાખ્યું છે. અરે ! સંગ્રહાલયો જેવાં અનેક સ્થળોએ લઈ જઈને જ્ઞાનવૃદ્ધિ પણ કરાવી છે. દેશ ભરમાં, ઠામઠામ એમણે વળી અનેક પ્રકારની કાર્યશાળાઓ અને શિબિરોનું પણ આયોજન કરવાનું રાખ્યું છે.

વિલાસબહેનનો બીજો અગત્યનો વિષય છે યોગાસન. ‘વ્યાસ’ નામે જાણીતી બનેલી બેંગલોરસ્થિત ‘વિવેકાનંદ યોગ અનુસાધના સંસ્થા’ જેવી સંસ્થાઓમાં પણ વિલાસબહેન સક્રિય રહ્યાં છે. આ દેશમાં ય વિસ્તરેલી વિપસ્યના જેવી બૌદ્ધ પરંપરાની ધ્યાન પ્રવૃત્તિઓમાં પણ એ સક્રિયપણે અગ્રેસર છે. એ પોતે દર સાલ ધ્યાન માટેની શિબિરોમાં નિયમિત જતાં જ હોય છે, અને સાથે સાથે, અનેક લોકોને પણ તે ભણી આકર્ષીને તેનો લાભ એ દરેકને અપાવતાં જ રહે છે. ટૂંકમાં, દરેક ક્ષેત્રે, વિલાસબહેન સંગાથે, પ્રેમસગાઈને તાંતણે, સૌ કોઈ બંધાઈ રહ્યાં છે. વિલાસબહેને અમારા આ સમાજમાં બદલાવ લાવવા ગજાની બહાર જઈને તપ કર્યું છે. અને તેથી જ મારા સરીખા અનેકો એમને હળે છે મળે છે, ત્યારે નિતાંત પોતાપણું અનુભવે છે. … વિલાસબહેનનું આવું આવું આ તપ વિપુલપણે ચોમેર વિસ્તરજો.

પાનબીડું :

The woods are lovely, dark, and deep,
But I have promises to keep,
And miles to go before I sleep,
And miles to go before I sleep.

- Robert Frost

ગહન, સઘન, મનમોહક બનતરુ મુઝકો આજ બુલાતે હૈં
કિન્તુ કિયે જો વાદે મૈંને, યાદ મુઝે આ જાતે હૈં
અભી કહાઁ આરામ બંદા, યહ મૂક નિમંત્રણ છલના હૈ
અરે અભી તો મીલોઁ મુઝ કો, મીલોઁ મુઝ કો ચલના હૈ.

- હરિવંશરાય બચ્ચન

(અમેરિકાના વિશ્વવિખ્યાત કવિ રોબર્ટ ફ્રોસ્ટની Stopping by woods on a snowy evening નામની કવિતાની આ ભારે પ્રસિદ્ધ પંક્તિનું, હિન્દી કાવ્ય રૂપાંતર વિખ્યાત કવિ હરિવંશરાય બચ્ચને કરેલું છે. લંડનસ્થિત હિન્દી વિદ્વાન ડૉ. રૂપર્ટ સ્નેલના સદ્દભાવે, અબીહાલ, મનીષ મોદીની વેબસાઈટે આ તરતી જોવા સાંપડી છે.)

(૦૩ નવેમ્બર ૨૦૦૮)

•

‘મોહ નથી કાવ્યનો; માત્ર જીવી રહ્યો તુજ મહાકાવ્યની એક આશે.’

નરસિંહરાવ દિવેટિયાઓ ૧૯૨૮માં, મુંબઈ યુનિવર્સિટીમાં આપેલા વ્યાખ્યાનમાં, નરસિંહ મહેતાના ‘નીરખને ગગનમાં’ સાથે, હરિહર ભટ્ટની રચના ‘કાવ્યની નિરર્થકતા’નું સ્મરણ કરીને તાત્ત્વિક સામ્ય દર્શાવ્યું હતું, એમ રઘુવીર ચૌધરીએ લખ્યું છે. અને પછી નરસિંહરાવ દિવેટિયાએ ઉમેર્યું હતું કે બંને કવિના પરમ તત્ત્વ પ્રત્યેની કવિત્વ-દર્શનની વૃત્તિસ્થિતિમાં (ઍટીટ્યુડ) સૂક્ષ્મ ભેદે છે. સન ૨૦૦૩માં, રંગદ્વાર પ્રકાશન દ્વારા, હરિહર ભટ્ટની ‘એક જ દે ચિનગારી’ નામે એક કાવ્યસંગ્રહ બહાર પડેલો, ત્યારે ‘આવકાર’માં રઘુવીરભાઈએ આમ લખ્યું હતું.

હરિહર પ્રાણશંકર ભટ્ટ(જન્મ : ૧ મે, ૧૮૯૫ - અવસાન : ૧૦ માર્ચ, ૧૯૭૮)ના બે સંતાનો સુબોધ ભટ્ટ તથા સુધાકર ભટ્ટ અમેરિકા વસે છે, એક કેલિફોર્નિયા રાજ્યમાં, બીજા ન્યૂ યૉર્ક રાજ્યમાં. તેમણે પિતા, હરિહરભાઈના પહેલા કાવ્યસંગ્રહ ‘હૃદયરંગ’ અને અપ્રગટ ‘હૃદયનૃત્ય’ને એકરૂપ આપીને પ્રગટ કરવાનો ઋણભાર સ્વીકાર્યો હતો. અમેરિકાનિવાસી લેખકો, હરનિશ જાની તથા કિશોર રાવળે

અને હવે, આ સુધારાવધારાવાળો કાવ્યસંગ્રહ, નવેસરથી, 'ઈમેજ પબ્લિકેશન્સ' વાટે, નવેમ્બર દરમિયાન, પ્રગટ થઈ રહ્યો છે. તેની જોડાજોડ, હરિહરભાઈનાં કેટલાંક કાવ્યોને, સંગીતબદ્ધ કરી, રજૂ કરવાનું સૂચન પણ અમલમાં આવી રહ્યું છે. આસિત દેસાઈના નિયોજનમાં આ પ્રકલ્પ પણ આ અવસરે પાર પડશે. ગુજરાતી ડાયસ્પોરામાં વસનારાઓ માટે, વધુ એક વાર, પોતાના સાફામાં આ પણ એક છોગું છે.

વરસો પહેલાં, આપણા એક અવ્વલ સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીના પુત્ર, અશોક મેઘાણીએ આપણને 'વેવિશાળ'નો અંગ્રેજી અનુવાદ આપેલો. અશોકભાઈ પણ અમેરિકામાં વસવાટ કરે છે અને ત્યાંની સાહિત્ય અકાદમીમાં આરંભથી સક્રિય રહ્યા છે. 'ધ પ્રોમિસ્ડ હેન્ડ' નામનો આ અનુવાદ નવી દિલ્હીસ્થિત, કેન્દ્રીય 'સાહિત્ય અકાદમી'એ સન ૨૦૦૨માં પ્રકાશિત કરેલો છે. એ પહેલાં, સન ૨૦૦૦ વેળા, ભાવનગરસ્થિત 'પ્રસાર' હેઠળ, અશોક મેઘાણી દીધો અનુવાદ, 'સંત દેવીદાસ - ધ સ્ટોરી ઑવ્ અ સૈન્ટલી લાઈફ' પ્રગટ થયો હતો. ઝવેરચંદ મેઘાણીના મૂળ 'સંત દેવીદાસ' પરેથી આ અનુવાદ કરવામાં આવ્યો છે. અમારા અહીંના, લેસ્ટરનિવાસી, વિનય કવિએ એમના લેખક પિતા, જૂની રંગભૂમિ સાથે સંકળાયેલા કવિ અને પત્રકાર જીવણલાલ કહાનજી બ્રહ્મભટ્ટનાં નાટકોનું એક પુસ્તક, 'એક મોતી એક જ્યોતિ', સન ૨૦૦૫ દરમિયાન, સુમન બુક સેન્ટર વાટે પ્રગટ કર્યું છે.

ગયે વરસે સુધાકરભાઈ ભટ્ટ વિલાયતની મુલાકાતે આવેલા ત્યારે 'એક જ દે ચિનગારી' સહિતનાં કાવ્યોને સ્વરબદ્ધ કરી, ગુજરાતને અર્પણ કરવાનું સૂચન કર્યું હતું. હવે તે બર આવે છે ત્યારે ઉમળકો વ્યક્ત કરી લઉં છું.

હરિહર ભટ્ટનો 'હૃદયરંગ' કાવ્યસંગ્રહ ૧૯૩૪માં બહાર પડેલો. તેના ઉપોદ્ઘાતમાં, આપણા વરીષ્ઠ સાહિત્યકાર રામનારાયણ વિશ્વનાથ પાઠકે કહ્યું છે : 'થોડાં કાવ્યો લખવાથી કવિ નથી થવાતું. કવિ તો કાવ્યો વરસાવતો જ રહે છે એ દૃષ્ટિએ જોતાં હરિહરભાઈને કવિ ન કહેવા હોય તો ન કહીએ, પણ તેમનાં કાવ્યોમાં ઘણાં સારાં કાવ્યો છે અને તેમાં તેમનું વ્યક્તિત્વ સ્પષ્ટ દીપી આવે છે તેમાં શંકા નથી.' પાઠકસાહેબે વિશેષે લખ્યું છે : '... હરિહરભાઈનાં કાવ્યોનાં લક્ષણો એકદમ નજરમાં આવે એવાં છે. તેમાં સૌથી પ્રથમ હું તેમની ઈશ્વર ઉપરની શ્રદ્ધા મૂકું છું. 'એક જ દે ચિનગારી' એ એમનું પહેલું જ કાવ્ય છે કે કેમ તે મને યાદ નથી, પણ એ જ કાવ્યથી તેઓ સૌથી પ્રથમ પ્રસિદ્ધ થયા એમાં ભલે આકસ્મિક જ પણ ઔચિત્ય છે. ... '

રઘુવીર ચૌધરીએ અને એમના 'રંગદ્વાર' પ્રકાશને વરસોથી ડાયસ્પોરામાં વસવાટ કરતાં અનેક કવિલેખકોનાં પુસ્તકો પ્રકાશિત કરીને પહેલ પાડી છે. અહીંની 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના અનિયતકાલીન, "અસ્મિતા"ના પ્રકાશિત તમામ અંકો એ રંગદ્વારની જ દેણગી છે. આ દરેક વાંચનસામગ્રી રોચક છે અને વાંચનક્ષમ પણ છે. ઈતિહાસ નોંધે છે, એક દા, અમદાવાદવાળા દિવંગત ઈશ્વરભાઈ મો. દવે તેમ જ તેમની પેઢી, 'ભારતી સાહિત્ય સંઘ પ્રાઈવેટ લિમિટેડ'ની સહાયતાથી, આફ્રિકા વસ્યા અનેક લેખકકવિઓની ચોપડીઓ મુખ્ય પ્રવાહ ભણી સભર સભર વહેતી રહી હતી. 'ઈમેજ પબ્લિકેશન્સ' દ્વારા, સાંપ્રત સમયમાં, તો, એક પછી એક, ઢગલાબંધ પુસ્તકોનો ફાલ જોવા સાંપડે છે. આ ફાલમાં ગુજરાતી ડાયસ્પોરાનું કેટલુંક ધ્યાનાકર્ષક અને સોજ્જું સાહિત્ય સાંપડી આવે છે. અને આવું 'નવભારત સાહિત્ય મંદિર' દ્વારા ય થયું છે. આફ્રિકા અને વિલાયતના અનેક કવિલેખકોને ધનજીભાઈ શાહ અને અશોકભાઈ શાહે હૂંફટેકો આપ્યો છે. વળી, આર.આર. શેઠની કંપની, ગૂર્જર એજન્સીસ, પ્રવીણ પ્રકાશન, રન્નાદે પ્રકાશન, પાર્શ્વ પ્રકાશન, સુમન બુક સેન્ટર, સાહિત્ય સંગમ, જેવી જેવી કેટલીકઆપણી ધંધાદારી પ્રકાશન સંસ્થાઓએ પણ આ ક્ષેત્રે સેતુ બાંધી આપ્યા છે.

અમેરિકાનિવાસી સુધાકરભાઈ ભટ્ટનું આ પગલું ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યનું પગેરું દર્શાવતું નથી, એ ખરું; પરંતુ, ડાયસ્પોરાના એક ખમતીધરનું તેમાં પિતૃતર્પણ જરૂર છે. આ પગલાંથી આપણું ગુજરાતી સાહિત્ય થોડુંક વધારે વિસ્તૃત અને સબળ પણ બને છે. અને આથીસ્તો, આપણે આ કામનું સહૃદય સ્વાગત કરીએ છીએ.

પાનબીડું :

રોજ સવેરે મૈં થોડા-સા અતીત મેં જી લેતા હૂઁ

ક્યોંકી રોજ શામ કો મૈં થોડા-સા ભવિષ્ય મેં મર જાતા હૂઁ.

- સચ્ચિદાનંદ હીરાનંદ વાત્સ્યાયન 'અજ્ઞેય'

(૨૭ ઑક્ટોબર ૨૦૦૮)

•

'દૃઢ હૃદય, પ્રબુદ્ધ માનસ તેમ જ સંકલ્પિત હાથ તમામ વિષમતાઓનો સામનો કરી શકે'

'દૃઢ હૃદય, પ્રબુદ્ધ માનસ તેમ જ સંકલ્પિત હાથ તમામ વિષમતાઓનો સામનો કરી શકે.' (મહાત્મા ગાંધી). – ['Strong hearts, enlightened minds and willing hands can brave all odds.' (Mahatma Gandhi)] લેખિકામિત્ર સોનલબહેન પરીખના, તાજેતરના એક પત્રાચારમાં, આ ગાંધી-સુક્તિનો ધ્વનિ સહજપણે સતત વહેતો રહ્યો હતો. અને બીજી પા, આપણે જાણ્યું, જોયું : 'વિચિત્ર નામવાળા એક સૂકલકડી યુવાને' અબીહાલ વિક્રમ સર્જ્યો છે. દૃઢ હૃદય, પ્રબુદ્ધ માનસ અને સંકલ્પિત હાથ વડે આ યુવાને આ અસાધારણ વિજય હાંસલ કર્યો છે. એ યુવાનનું નામ છે બરાક હુસૈન ઑબામા. વય ૪૭ વર્ષ. અને યુનાઈટેડ સ્ટેટ્સ ઑવ્ અમેરિકાના સર્વોચ્ચ પદ પર – ૪૪મા રાષ્ટ્રપ્રમુખ તરીકેની તાજેતરની સાર્વત્રિક ચૂંટણીઓમાં એમણે ફતેહ મેળવ્યો છે.

'ચારેતરફ વિશ્વાસની કટોકટીનો આ સમયગાળો છે, અને તેમાં બરાક ઑબામાએ સંચાર કર્યો છે', તેમ મુલકી અધિકારોના એક લડવૈયા અને ડેમોક્રેટિક પક્ષના એક ઘડવૈયા જેસી જેક્સને હાલમાં કહ્યું છે. બીજી બાજુ, આ જાગતિક સ્તરની ઐતિહાસિક ઘટનાને પરિણામે, અમારા મુલકમાં, આ મુદ્દે વિવાદનો એક મધપૂડો હાલ છેડાયો છે. 'સમતા અને માનવ અધિકાર પંચ'ના (ઈક્વલિટી ઍન્ડ હ્યુમન રાઈટ્સ કમિશન) અધ્યક્ષ ટ્રેવર ફિલીપ્સે દૈનિક "ધ ટાઈમ્સ"ને આપેલી મુલાકાતમાં કહ્યું હતું : 'ઉત્તમ; પરંતુ આ મુલકમાં ઑબામા ડાઉનિંગ સ્ટ્રીટ પહોંચી જ શક્યા ન હોત.'

દક્ષિણ અમેરિકાના ઓતરાદા મુલક ગુયાનાથી અહીં ઠરીઠામ થવા આવેલા બ્રિટિશ ગુયાની ટપાલી પિતાના દીકરા ટ્રેવર ફિલીપ્સનો જન્મ ૩૧ ડિસેમ્બર ૧૯૫૩ના દિવસે, ઉત્તર લંડનના વૂડગ્રિન વિસ્તારમાં, થયો હતો. દીકરામાં વારસાના સંસ્કાર કાયમી બને તે સારુ પિતાએ ગુયાનાના પાટનગર જ્યોર્જટાઉનની એક નિશાળમાં, તેમને ભણવા ય મોકલેલા. ટ્રેવર ફિલીપ્સે લંડન યુનિવર્સિટીની ઈમ્પિરિયલ કૉલેજમાં ઉચ્ચ અભ્યાસ કરી,

રેડિંગ યુનિવર્સિટીમાંથી માસ્ટર્સ ડિગ્રી હાંસલ કરેલી છે તેમ જ વેલ્સની યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી મેળવી છે. પત્રકાર જગત સાથે લાંબા સમય સુધી, વ્યવસાયિક કામ પાર પાડનારા ટ્રેવર ફિલીપ્સે, વચ્ચેના ગાળામાં, પાટનગર લંડનના ધારાગૃહમાં ચચ્ચાર વર્ષ સભાસદપદ પણ જાળવ્યું છે. આશા ભાવનગરી નામની ગુજરાતી મહિલાને પરણેલાં ટ્રેવર ફિલીપ્સ બે દીકરીઓના પિતા પણ છે. વળી, ટ્રેવર ફિલીપ્સને નામે બેપાંચ ચોપડીઓ પણ પ્રકાશિત થયેલી છે.

બ્રિટિશ આમ સભામાં અત્યારે શ્યામ અને એશિયાઈ નસ્સલનાં પંદર સાંસદો છે. એટલે કે ફક્ત બે જ ટકા. તેમાંથી બે ટોરી પક્ષના છે, જ્યારે તેર લેબર પક્ષનાં છે. આગામી ચૂંટણીઓમાં આ સંખ્યા પચીસ સુધી જઈ શકે છે, તેમ 'ફેબિયન સોસાયટી'નો તાજેતરનો સંશોધન હેવાલ જણાવે છે. અમારા મુલકમાં ૭.૫ ટકા લઘુમતી પ્રજા હોવાને કારણે સરેરાશ સાંસદોની આ સંખ્યા ૪૫/૫૦ની હોવી જોઈએ, એમ તાર્કીકપણે કહેવાતું આવ્યું છે.

આ વિવાદી મુલાકાતમાં, ટ્રેવર ફિલીપ્સે "ધ ટાઈમ્સ"નાં એલિસ ટોમસન અને રેચલ સિલ્વેસ્ટરને કહેલું, 'બરાક ઑબામા જો અહીં રહેતા હોત, તો એમના જેવી કોઈ વિચક્ષણ વ્યક્તિ લેબર પક્ષમાંની સત્તા માટેની સંસ્થાકીય ભયંકર પકડ તોડીને આગળ વધી શકી હોત તો જ મને ભારે અચરજ થાત.' શ્યામ અને એશિયાઈ ઉમેદવારોની પસંદગી માટે 'સંસ્થાકીય પ્રતિકાર' જેવી નીતિરીતિ અપનાવાતી રહી હોવાનો તેમને અનુભવ છે, તેમ પણ તે કહેતા હતા.

રાજકીય પક્ષો અને કામદાર મંડળો તેમ જ 'ચિંતન જૂથ' (થીન્ક ટેન્ક) – સઉ કોઈ લઘુમતીઓના હિતોની તરફદારી કરતા દસ્તાવેજ પરે સહીસિક્કા કરતા થાકતા જ નથી; પરંતુ એ કામ, ખુદ પહેલાં, અન્ય જ કરે તેમ દરેક ઈચ્છી રહ્યા છે. આ સંસ્થાકીય રંગભેદ છે, એમ તેનું માનવું હતું.

'બ્રિટિશ બ્રોડકાસ્ટીંગ કોરપોરેશન'ને આપેલી મુલાકાત વેળા, તેમણે જણાવેલું, બ્રિટિશ મતદારોને કોઈ છોછ નથી અને શ્યામ વડાપ્રધાનને ચૂંટી મોકલતા તેમને કોઈ ક્ષોભ નહીં થાય. બહુ શક્તિસામર્થ્યવાળાં શ્યામ રાજકારણીઓ સાથે મારે કામ પડતું આવ્યું છે. દેશ ભરમાંના પોતાના મતદારમંડળોમાં એ લોકો સારી રીતે હળવાભળવાનું રાખે છે. આપણા આ મતદારમંડળો, વળી, ભારે કાબેલ અને હોશિયાર છે. અને આપણે આ દેશમાં આપણા રાજકારણીઓને તેમની નીતિ દ્વારા જ ઓળખીએ છીએ, તેમની ચામડીના રંગથી નહીં.

ટ્રેવર ફિલીપ્સની આ આલોચના મુખ્યત્વે લેબર પક્ષને અસરકર્તા બની છે. આ વિવાદનો મધૂપડો છછેડાતો રહે અને તેમાંથી કંઈક નવનીત લાધે, તેવો આશય ટ્રેવર ફિલીપ્સનો હોય તેમ "ધ ગાર્ડિયન" દૈનિકના એક વરિષ્ટ પત્રકાર કટારચી માઈકલ વ્હાઈટ પણ માને છે. આ શ્યામ અને એશિયાઈ જૂથના સાંસદોમાં ટોટનમ મતવિસ્તારના ડેવિડ લેમી પ્રભાવશાળી અને આશાસ્પદ રાજકારણી હોવાની તેમણે દલીલ કરી છે. 'ફેબિયન સોસાયટી'ના મહામંત્રી સુંદર કાટવાલા અને "ધ ઈન્ડિપેન્ડન્ટ" દૈનિકનાં વિવાદાસ્પદ કટારચી યાસ્મિન અલીભાઈ-બ્રાઉને પણ આ ઊધડાંમાં જ વજન મૂક્યું છે. લેબર પક્ષના સાંસદ સાદિક ખાન સમેતના અનેક આગેવાન રાજકારણીઓએ પણ આ ટીકાનો જવાબ વાળ્યો છે અને ટ્રેવરભાઈની દલીલબાજી નબળી હોવાના નુસખા કરી જોયા છે.

લેબર પક્ષના એક પ્રવક્તાએ ઉત્તરમાં કહેલું : આ પક્ષે ઘણી બધી પહેલ કરી છે. પહેલવહેલાં શ્યામ મહિલા સાંસદની દેણગી આ પક્ષની જ છે. પ્રધાનમંડળમાં ય પહેલા શ્યામ પ્રધાન આ પક્ષને કારણે જ આવેલા. તે જ રીતે સૌથી પહેલાં શ્યામ મહિલા પ્રધાનની પસંદગી પણ આ પક્ષે જ કરી હતી ને. શ્યામ મહિલા મેયરને પદે ય કેટલાંક પહોચ્યા છે તે પણ આ પક્ષની મહેર નથી કે શું ? લેબર પક્ષ વખતોવખત પોતાની નીતિરીતિમાં ફેરફાર કરવાનું રાખે છે અને તે અનુસારનું વર્તન પણ કરે છે.

હાશ ! ... અમેરિકામાં કોઈક ઘટના બને છે અને તેના જાગતિક પડઘા પડે છે, તે ફરી એક વાર, અહીં સાબિત થાય છે. શ્રવણ ગર્ગને 'બરાક ઑબામા દાઝેલા ચહેરામાંથી ફૂટતી કવિતા' લાગે છે. એ લખતા હતા : 'યુવાનોની ધીરજ ખૂટી જાય તે પહેલાં સત્તાનું હસ્તાંતરણ થઈ જવું જોઈએ.' અમેરિકામાં પ્રથમ અશ્વેત યુવાન રાષ્ટ્ર પ્રમુખના આ રાષ્ટ્રીય વિજયે વિશ્વના અશ્વેતો, ગરીબો અને વંચિતોમાં એક નવી આશાનો સંચાર કર્યો છે, તેમ ગુજરાતના વિચારક રાજકારણી લેખક સનત મહેતાએ કહ્યું છે. પરંતુ તેનાથી નવી દિશા દોરાશે ખરી કે ? એ સવાલ કોયડો બનીને ઊભો છે. ઑબામાના વિજયથી આપણે પણ બોધપાઠ લેવા જેવા છે, તેમ નગીનદાસ સંઘવી જણાવે છે. તે કહેતા હતા તેમ, 'એ ચૂંટણીમાં ખરો વિજય તો અમેરિકી સમાજ અને અમેરિકાની લોકશાહીનો છે. દોઢસો વર્ષ તો હજુ હવે થશે પણ અમેરિકામાં 'કાળિયા' ગુલામ હતા અને પશુ ગણાઈને લોહીચૂસી મજૂરી કરતા હતા.'

અમેરકિના સાંપ્રત વિદેશમંત્રી કોન્ડોલિસા રાઈસ પણ આ વિજયથી રાજીપામાં હતાં. દક્ષિણના ઊંડા રાજ્યમાં જ્યાં રંગભેદે, એક દા, માઝા મૂકેલી, ત્યાંથી આવેલાં કોન્ડોલિસાબહેન કહેતા હતાં, એક આફ્રિકી અમેરિકી તરીકે મને આ વિજયનું ગૌરવ છે. આ મુલકમાંનો આ એક મહા લાંબો પ્રવાસ રહ્યો છે. આપણે ઘણા ઘા સહ્યા છે અને તેને રૂઝ્યા પણ છે. ધીમે ધીમે, વર્ણ હવે અગત્યની ઝાઝી વસ્તુ રહેવા પામતી નથી.

અમેરિકાની આ ચૂંટણીઓ પછીના ગુરુવારે કેન્યામાં જાહેર રજા પાળવાની રાષ્ટ્ર પ્રમુખ મ્વાઈ કિબાકીએ ઘોષણા કરેલી. બરાક ઑબામાના પિતા કિસુમ નગર પાસે, ન્યાન્ઝા વિસ્તારમાંના ન્યાન્ગોમા કોગેલો ગામે લૂઓ જાતિમાં જન્મેલા. એ જાણીતા અર્થશાસ્ત્રી હતા અને પ્રથમ પહેલા રાષ્ટ્ર પ્રમુખ જોમો કેન્યાટાના શાસન વખતે તંત્રમાં અગત્યનો ફાળો આપતા રહ્યા હતા. "આફ્રિકા સમાચાર" જૂથના તત્કાલીન પત્રકાર જનાર્દન ભટ્ટ એ દિવસોના ખુદ સાક્ષી છે. સૂચિબહેન ભટ્ટને તેમ જ જનાર્દનભાઈ ભટ્ટને, એ દિવસોમાં, આ અર્થશાસ્ત્રી બરાક ઑબામા (વરિષ્ટ) તેમ જ મૂળ કેન્સાસ રાજ્યના, વિચિટા નામે ગામનાં, તેમનાં ગોરાં અમેરિકી પત્ની એન ડનહામ સાથે ઓળખાણપિછાણનો નિજી સંબંધ પણ હતો. આ ભટ્ટ દંપતી કનેથી એ ઑબામા દંપતીની કેટલીક મજેદાર વાતો ય સાંભળવા મળી છે. બરાક ઑબામાએ પોતાની આત્મકથામાં પિતાના રંગીલા સ્વભાવ અંગે કહેલી વાતોનો તાળો ય અહીં મળતો રહ્યો હતો.

વારુ, નગીનદાસ સંઘવીએ હાલમાં લખ્યું છે કે, 'ઑબામાનો વિજય માત્ર અમેરિકામાં નહીં પણ દુનિયાભરમાં ખાસ કરીને આફ્રિકામાં ઊજવાશે અને ઉત્સાહપ્રેરક બનશે. ૧૯૦૪ની રૂસ-જપાન લડાઈમાં જપાનનો વિજય થયા પછી આખા એશિયામાં ઉત્સાહ ઉભરાયો અને રાષ્ટ્રીય આઝાદીની ચળવળો શરૂ થઈ તેમ ઑબામાનો વિજય આફ્રિકાનો હબસી સમાજ અને હબસી રાજ્યો માટે નવચેતનનો આરંભ છે. આખા હિન્દુસ્તાનમાં નથી તેવી હબસી કોમ ગુજરાતમાં વસે છે. પણ આપણા આંધળાપણાનાં કારણે આપણે તેમની સામે જોતાં નથી. ઑબામાને તેમના સુધી પહોંચાડવાનો આપણો ધર્મ આપણે બજાવવો જોઈએ.'

નગીનદાસભાઈની વાત સાચી છે. આફ્રિકા ખંડમાં તેવા તેવા પડઘા સ્વાભાવિક પડી જ રહ્યા છે. આફ્રિકાના જાણીતા ઘાનાનિવાસી પત્રકાર ક્વાકુ સકઈ-એક્રોનું એક લખાણ હાલ અહીં વાંચવામાં આવ્યું છે. અને તેમને કેવી કેવી અસર થઈ છે તેનું રોચક બ્યાન એ લેખમાં સાંપડે છે. એમ છતાં, બી.બી.સી.ના વૉશિંગ્ટન ખાતેના પત્રકાર નીક બ્રાયન્ટ કહે છે તેમ, બરાક ઑબામાએ બહુ જ સાવચેતીપૂર્વક વર્ણનો, રંગનો મુદ્દો કેન્દ્રમાં રાખ્યો જ નહોતો. તેમણે ઊર્મિલ તંત્રને, વળી, ખરડવા ય દીધું નહોતું. મુખ્ય પ્રવાહમાં રહેતા રહેતા જ મધ્યમ માર્ગે જ તેમણે યાત્રા આરંભી હતી અને સૌ કોઈને પોતાની જોડાજોડે તે સાંકળતા રહ્યા હતા. આ જીત સમજદારીની છે, તેમની સર્વસમાવિષ્ટ નેતાગીરીની છે.

આ બોધપાઠ જ જગતે લેવાનો આવે છે. ટ્રેવર ફિલીપ્સ અને જેસી જેક્સન જેવા બાહોશ લોકોને જે મુશ્કેલીઓ અડેનડે છે, તે પણ આ જ માત્ર છે. ફક્ત વિવાદ અને ઊર્મિલ ટીકા ટીપ્પણીથી વિજય હાંસલ કરાતો નથી; તેને માટે દરેકને યાત્રામાં સામેલ કરવાના આવે છે. વાદવિવાદ વાટે નહીં, પરંતુ સંવાદ દ્વારા જ સમાજને, મુલકને, રાષ્ટ્રને, જગતને આરેઓવારે લઈ જવાય છે. અને કદાચ, આ જ એક માત્ર પદાર્થપાઠ, ગુજરાત સમેતના સાંપ્રત ભારતને ય લાગુ પડી શકે.

પાનબીડું :

We have just enough religion to make us hate, but not enough to make us love one another. (ધિક્કારવાને સારુ આપણી વચ્ચે પૂરતા પ્રમાણમાં ધર્મપંથો છે, પરંતુ અરસપરસ હેત કરવા સારુ આપણી કને અપૂરતા ધર્મપંથો છે.)

– આયરિશ લેખક જોનથન સ્વીફ્ટ (૧૬૬૭ - ૧૭૪૫)

(૧૦ નવેમ્બર ૨૦૦૮)

આપણી આ ઘડી છે; ને આપણે સમર્થ છીએ

O બરાક ઓબામા

પરિવર્તન આવ્યું છે

અમેરિકા એક એવો મુલક છે કે જ્યાં તમામ વસ્તુઓ બનવી શક્ય છે; આપણા સ્થાપકોનાં સોણલાં હજુ ય ભર્યાંભાદર્યાં છે, તે બાબતની હજુ ય ક્યાંક કોઈને શંકા રહેતી હશે; આપણી લોકશાહીની શક્તિમાં પણ હજુ તેમને આશંકા રહેતી હોય, પરંતુ આજની રાત વેળા એ સઘળાના જવાબ તમને મળી ગયા છે.

રાષ્ટ્રએ ભૂતકાળમાં ક્યારે ય દીઠી ન હોય તેવી, નિશાળો તેમ જ દેવળોની ચોપાસ સંખ્યાબંધ લોકોની લાંબી હારમાળામાં તેનો જવાબ સાંપડતો હશે; ત્રણત્રણ કલાકની અને ક્યારેક ચચ્ચાર કલાકની લોકોએ રાહ જોવી પડી છે, કેટલાકે પોતાની જિંદગીમાં પહેલવહેલી વખત આવો અનુભવ લીધો હશે, કેમ કે આ વેળા જરૂર બદલાવ લાવવો જોઈએ એમ તેમણે વિચાર્યું જ હોય; વિભિન્ન અવાજનો એમાં પડઘો રહ્યો છે.

યુવાન અને વૃદ્ધ, નિર્ધન અને તવંગર, ડેમોક્રેટ અને રિપબ્લિકન, કાળા, ગોરા, લૅટિનો, એશિયાઈઓ, મૂળ અમેરિકીઓ, ‘ગેય’, સીધાસપાટ, વિકલાંગ તેમ જ વિકલાંગ ન હોય તેવા - અમેરિકીઓએ જગતને જે જવાબ મોકલ્યો છે તેમાં તેનો ઉત્તર જડી આવે છે. એમણે તારવ્યું છે કે આપણે રાતા રાજ્યો નથી અને ભૂરા રાજ્યો પણ નથી; આપણે દરેક, હંમેશની પેઠે, યુનાઈટેડ સ્ટેટ્સ ઑવ્ અમેરિકા જ છીએ.

બહુ લાંબા સમયથી જે લોકો છિદ્રાન્વેષક રહ્યા છે, ભયભીત રહ્યા છે અને આપણે જે પ્રાપ્ત કરી શકીએ એમ છીએ તે બાબત શંકાશીલ રહ્યા છે તેમને માટે આ જવાબ છે કે જેથી ઇતિહાસની પરિધિએ વળી જઈ તે ઝાંખશે તો તેમને સમજાશે કે વધુ સારા દિવસો માટેની આશાનું કિરણ ફૂટી રહ્યું છે.

બહુ ઝાઝા દિવસોથી લાગતું જ હતું કે તે આવુ આવું થતું જ રહ્યું છે, પરંતુ આજની રાતે, તેણે દેખા દીધી છે, કેમ કે દિવસ દરમિયાન, આ સાર્વત્રિક ચૂંટણીઓમાં, આ નિર્ધારિત ઘડીએ અમેરિકામાં પરિવર્તન આણ્યું છે.

યાત્રામાં સહચાર્ય

સેનેટર મેકેઇનનો હમણાં મને માયાળુ સંદેશો મળ્યો છે. આ ચૂંટણી ઝુંબેશમાં એમણે લાંબા સમયથી ભારે મહેનત લીધી છે, અને વળી આ દેશને એ ભારે ચાહે છે અને તેને માટે એથી ય વિશેષ એમણે લાંબી લડત આપી છે. આપણે વિચારી પણ ન શકીએ એટલી હદે જઈ એમણે અમેરિકાને સારુ જબ્બર ભોગ આપ્યો છે. આ બહાદુર અને નિઃસ્વાર્થી આગેવાને જે સેવાઓ બક્ષી છે તેનાથી આપણે વિશેષ રૂડા બન્યા છીએ.

એમણે જે કાંઈ પ્રાપ્ત કર્યું છે તે બદલ એમને તેમ જ ગવર્નર પેલિનને અભિનંદન મેં આપ્યાં છે. આ દેશના વચનો ફળિભૂત કરવાને સારુ એમનો સાથ સહકાર મેળવવા હું બનતું કરવાનો પણ છું.

મારી આ યાત્રામાં સહભાગી બનનાર મારા સાથીસહોદરનો ય હું આભારવશ છું. એ માણસે દિલ રેડીને ઝુંબેશ ચલાવી છે અને સ્કેન્ટનની શેરીઓમાં ઉછરીને મોટા થયેલાં અનેક નરનારીઓ સાથે એમણે સંવાદ કરેલો છે. અને પછી ડેલાવેર સુધી ટ્રેનનો પ્રવાસ પણ કર્યો છે. એ છે યુનાઈટેડ સ્ટેટ્સના વરાયેલા ઉપ-રાષ્ટ્રપ્રમુખ જો બિદેન.

(સદ્દભાવ : “ઇન્ડિયન એક્સપ્રેસ”, ૬ નવેમ્બર ૨૦૦૮)

સોળ સોળ વરસ જેવડા સમયગાળાનાં મારા સર્વશ્રેષ્ઠ મિત્રના અણનમ ટેકા વિના આજની રાતે હું અહીં ઊભો ય રહી શક્યો ન હોત. અમારા પરિવારની તે ગંજાવર શિલા છે અને મારી જિંદગીની સ્નેહસરવાણી છે. તે છે આપણા રાષ્ટ્રની આગામી પ્રથમ મહિલા, મિશેલ ઓબામા. સાશા અને મલિયા, હું તમને અમર્યાદ ચાહું છું, અને હવે, તમે નવું કુરકુરિયું મેળવવાને હકદાર બન્યાં છો, જે તમે વ્હાઈટ હાઉસમાં સંગાથે લઈ જઈ શકશો.

(સદ્દભાવ : “ઇન્ડિયન એક્સપ્રેસ”, ૮ નવેમ્બર ૨૦૦૮)

આજે હું જે કંઈ છું તેનું ઘડતર કરવામાં મોટો ફાળો આપનાર મારાં નાનીમા જે હવે આપણી વચ્ચાળે નથી તે મારા પરિવાર સંગાથે ઉપરથી નિરખતાં જ હશે. આજની રાતે મને તેમની ખોટ સાલે છે. એ દરેક પ્રત્યેનો મારો ઓશિંગણભાવ અમર્યાદ રહ્યો છે.

મારી હીલચાલના વ્યવસ્થાપક ડેવિડ પ્લૌફ, મારી વ્યૂહરચનાના મુખ્ય સંચાલક ડેવિડ એક્સલરોડ તેમ જ રાજકારણના ઇતિહાસમાં પ્રથમ પહેલી વાર રચવામાં આવેલું હોય તેવું મારું આ સર્વોત્તમ ઝુંબેશ જૂથ – હું તમારા દરેકનો સદાય ઋણી રહેવાનો છું. તમારાં શક્તિસામર્થ્યને કારણે આ શક્ય થયું છે.

જનતાનો વિજય

પરંતુ આથી પણ વિશેષ, આ જીત છેવટે કોની છે તે હું કેમ કરી ભૂલી શકું ? – આ વિજય તમારો છે.

આ પદ માટે હું ક્યારે ય અનુકૂળ ઉમેદવાર હતો જ નહીં. અમારી પાસે પૂરતા નાણાં પણ હતાં નહીં, વળી અનુમોદન પણ નહીંવત હતું. વૉશિંગ્ટનના સભાખંડમાં અમારી હીલચાલનો આરંભ તો થયો નહોતો – ડેસ મોઈન્સના પાછલા વાડામાં અને કોન્કોર્ડના દીવાનખંડમાં તેમ જ ચાર્લ્સ્ટનના આગલા દ્વારમંડપમાં તેની શરૂઆત થઈ હતી.

સાદીસીધી રોજગારીએ જતાં અનેક સ્ત્રીપુરુષોએ માવજત કરતાં કરતાં તેનું ચણતર કરેલું છે. પોતાની નહીંવત બચતમાંથી આ લોકોએ આ ઉદ્દેશ સારુ પાંચ ડોલર અને દસ ડોલર અને વીસ ડોલરનો નિધિ જોડ્યો છે.

વિધવિધ દંતકથાઓનો અસ્વીકાર કરતા કરતા, રોજગારીની શોધમાં પોતાનાં ઘર અને પરિવાર જેને ત્યાગવાં પડ્યા છે, અને સામે, ટૂંકા પગાર અને ઓછી ઊંઘ સહેવાનાં આવે છે, તેવા આ યુવાન લોકોની શક્તિમાંથી; કડકડતી ઠંડીમાં અને ધગધગતી ગરમીમાં તદ્દન અજાણ્યાઓના દરવાજા ખટખટકાવતાં આધેડ વયના લોકો વાટે; ફક્ત બે સદી પછી, લોકોની, લોકો માટેની અને લોકો વડે બનેલી સરકાર આ પૃથ્વીના પટ પરેથી નાશ પામી નથી તે પૂરવાર કરવા લાખો અમેરિકીઓએ સ્વયંસેવક બનીને પોતાની જાતને કૃતનિશ્ચયી બનાવી છે તેમાંથી ય તેનો વિકાસ થયો છે.

આ તમારો વિજય છે.

સન્મુખ કર્તવ્ય

ફક્ત ચૂંટણીમાં સરસાઈ મેળવવા માટે જ તમે આ કામ પાર પાડ્યું નથી. વળી, હું ચૂંટણીઓમાં ચૂંટાઉં એ માટે ય તમે આમ કર્યું નથી, એની મને સમજણ છે. આપણી સન્મુખ જે કર્તવ્ય પડેલાં છે તેની પ્રચંડતાની સમજણ સાથે તમે આ પગલું ભર્યું છે. આજની રાતે આપણે આ ઉજવણી કરીએ છીએ ત્યારે આવતી કાલે આપણી જિંદગી સામે જે પડકારો સહેવા સારુ આવવાના છે તેની પણ આપણને ગતાગમ છે – જેવાં કે, બે યુદ્ધો, આપણા ગૃહ સમક્ષના સંકટો, આ સદીની સૌથી આકરી નાણાંકીય કટોકટી.

આજની રાતે આપણે જ્યારે અહીં ઊભા છીએ ત્યારે આપણે જાણીએ છીએ તેમ, આપણી ખાતર પોતાના જાનની બાજી લગાવતાં લગાવતાં કેટલાં ય બહાદુર અમેરિકીઓ ઈરાકની

રેત વચ્ચે અને અફઘાનિસ્તાનના પહાડોમાં, અબીહાલ, જાગી રહ્યાં હશે.

પોતાનાં બાળકો ઊંઘી જાય તે પછી અસંખ્ય માતાઓ અને પિતાઓ આજકાલ વિચારે ચડી જતાં જ હશે કે પોતાને શિરેથી છાપરું ચાલી ન જાય તે માટે મોરગેજના હપ્તાની ભરપાઈ કેવી રીતે તેઓ કરી શકશે, કે પછી, દાક્તરોનાં બિલની કઈ રીતે ચૂકવણી તેઓ કરી શકશે, અથવા કૉલેજ સારુ કેવી રીતે બચત ઊભી કરી શકશે. નવી ઊર્જાશક્તિ પેદા કરવાની છે, નવી રોજગારીઓ પેદા કરવાની છે; નવી નિશાળો બાંધવાની છે, આગામી સંકટોના ભયનો સામનો કરવાનો છે અને સગપણનાં અને મૈત્રીનાં જોડાણોમાં પડેલી તિરાડ સાંધવાની છે.

રાષ્ટ્રનો પુનરુદ્ધાર

સામે દીર્ઘ માર્ગ છે. આપણે સારુ સીધા ચઢાણ હશે. આપણે એકાદા વરસમાં ય ત્યાં નહીં પહોંચી શકીએ, કે પછી એક સત્રમાં ય નહીં પહોંચાય, પરંતુ અમેરિકા – હું ક્યારે ય આશાસ્પદ નહોતો એટલો આજની રાતે છું. મને ખાતરી છે કે આપણે ત્યાં પહોંચીશું ખરા. હું વચનબદ્ધ છું – આપણે, આમ જનતા, ત્યાં જરૂર પહોંચી શકીશું.

વિઘ્નો આવશે અને શરૂઆતો પણ કદાચ ખોટી હશે. પ્રમુખ તરીકે લેવાનારા દરેક નિર્ણય અને નીતિ સાથે સઉ કોઈ સહમત થશે એમ પણ બનવાનું નથી, તેમ જ બધા કોયડાઓનો સરકાર ઉકેલ લાવી શકશે એમ પણ થવાનું નથી. પરંતુ આપણને જે પડકારો સહેવાના આવશે તે બાબત હું તમારી સંગાથે પ્રામાણિક થઈને વર્તીશ. હું તમને સાંભળતો રહીશ, એમાં ય આપણી અસહમતી વખતે તો ખાસ.

અને સૌથી વિશેષ, રાષ્ટ્રનું નવ ઘડતર કરવાનાં કામમાં ભાગીદાર બનવાને માટે હું તમને તેડું કરીશ. છેલ્લાં ૨૨૧ વર્ષથી અમેરિકામાં એ રીતે જ આપણે દેશને જાળવ્યો છે – ટુકડે ને ટુકડે, ચોરસે ને ચોરસે તેમ જ ગંઠાઈ ગયેલા હાથોએ ને ગંઠાઈ ગયેલા હાથો વડે.

એક રાષ્ટ્ર, એક જનતા

એકવીસ મહિનાઓ પહેલાં, ગાઢા શિયાળા દરમિયાન જેનો આદર કર્યો હતો તે કામ આ પાનખરની રાતે સમાપ્ત થતું નથી. આપણે જે બદલાવ ઈચ્છીએ છીએ તે આ વિજય માત્રથી આવી જશે તેમ આપણે માનતા નથી – એવો બદલાવ આણવા માટેની તે તક માત્ર જ છે. અને આ પહેલાં, આપણે જે રીતે જીવન ગુજારતાં હતાં તે અનુસાર તેમ જ પૂર્વવત્ જીવન વહેતું રાખવાથી એ બદલાવ આવી શકવાનો નથી. તમારા વગર એ ફેરફાર આવી શકે જ નહીં.

આથીસ્તો, દેશદાઝની ચેતનાને, ચાલો, આપણે આવાહ્ન કરીએ; અને વળી, સેવાની તથા જવાબદારીઓની ચેતના પણ જાગૃત કરીએ કે જેથી આપણે વધુ ને વધુ મંડી પડવાને સારુ યાહોમ કરીએ, ફક્ત પોતાની જ દરકાર ન રાખીએ, પણ સાથે સાથે એકબીજાંની કાળજીસંભાળ પણ લેતાં રહીએ. આપણે યાદ રાખવું જોઈશે કે આ નાણાંકીય ભીડામાંથી આપણે જો કંઈ પદાર્થપાઠ શીખ્યા હોઈએ, તો એ છે કે વૉલ સ્ટ્રીટની ચડતી કળા હોય ત્યારે મેઈન સ્ટ્રીટને પરેશાન થવાનું આવે, તે ચાલશે નહીં. આ મુલકમાં, આપણી ચડતી થાય કે પડતી થાય, તો ય આપણે સર્વ રાષ્ટ્રરૂપે, તથા એક સરખી જનતા તરીકે સાગમટે જ હોઈએ.

લાંબા સમયગાળાથી આપણાં રાજકારણને જે વેરઝેર અડેનડે છે, તેમાં ફરી પાછા, પક્ષપાતીપણાંને કારણે અને ક્ષુલ્લક તેમ જ અપરિપક્વ પરિસ્થિતિની લોભાણી વૃત્તિને લીધે આપણે દોરવાઈ જઈએ નહીં તેની તકેદારી રાખવી રહેશે. રિપબ્લિકન પક્ષનો પરચમ લઈને વ્હાઈટ હાઉસમાં જનારા પહેલા આદમી આ જ રાજ્યના જ હતા એ પણ યાદ રાખીએ. સ્વાશ્રય, વ્યક્તિગત સ્વતંત્રતા અને રાષ્ટ્રીય ઐકય જેવાં મૂલ્યોનાં પાયા પર એ પક્ષનું ઘડતર થયું છે.

આ તમામ મૂલ્યોમાં આપણી પણ એટલી હિસ્સાદારી છે. ડેમોક્રેટિક પક્ષને માટે, આજની રાતે, જબ્બર વિજય જમે પડ્યો છે, ત્યારે આપણે નમ્રતાપૂર્વક તેને અંગીકાર કરીએ. આપણો વિકાસ જ્યાં થંભી ગયો છે તેની તિરાડ સાંધવા માટે વળી જોમવંત મક્કમતા પણ દાખવવી રહે છે. આજે છે તે કરતાં વિશેષપણે આપણું રાષ્ટ્ર વિભાજિત હતું તેવા દિવસોમાં લિંકને કહ્યું હતું તેમ : 'આપણે દુઃશ્મનો નથી, પણ મિત્રો છીએ … જો કે જોમજુસ્સાને કારણે એમાં લસરકા લાગ્યા હોય તેમ બને, પરંતુ અરસપરસ પ્રીતિનાં બંધનને તેથી તોડફોડ કરાય જ નહીં.'

અને એવા અમેરિકીઓનો ટેકો હજુ મારે મેળવવાનો બાકી છે તેમને ય મારે આટલું કહેવાનું છે – તમારો મત મેળવવાને હું સદ્ભાગી બન્યો નથી, પરંતુ મને તમારો અવાજ કાને પહોંચે જ છે, મને તમારી સહાયની જરૂર છે, અને વળી, હું તમારો ય પ્રમુખ બની રહેવાનો છું.

વિશ્વમાં અમેરિકા

અને આજે જે લોકો આપણા આ કિનારાની સામી પાર, આ નિહાળી રહ્યા છે; સંસદસભાઓની તેમ જ રાજમહેલોની પેલે પાર દુનિયાના તરછોડાયા વિસ્તારોમાં રેડિયોને વળગીને આ સાંભળી રહ્યા છે, – આપણા સઉની અસાધારણ આ વાતો છે, પરંતુ આપણું ભાવિ એક સાથે જોડાયું પડ્યું છે, અને અમેરિકી નેતાગીરીનો નવો નક્કોર આ ઉષાકાળ આવી લાગ્યો છે.

અને એ લોકો જે આ જગતની તોડફોડ કરી રહ્યા છે – યાદ રાખજો, અમે તમને ખતમ કરીને જંપશું. જે લોકો શાંતિની ખોજમાં છે અને સલામતી ઝંખી રહ્યા છે – યાદ રાખવું, અમે તમને સહાયતા કરતા જ રહીશું.

અને અમેરિકાની મશાલ હજુ ય દેદીપ્યમાનપણે પ્રકાશી રહી છે તેનું જેમને અચરજ છે – શસ્ત્રાસ્ત્રોની તાકાત વડે કે પછી ધનના ખડકલાઓથી ખરી શક્તિ ઊભી થતી નથી, પરંતુ લોકશાહી, સ્વતંત્રતા, તક તેમ જ અણનમ મુરાદ જેવાં આપણા આદર્શોમાંની આપણી તિતિક્ષાવાળી શ્રદ્ધા વડે સાચી તાકાત પેદા થાય છે, તેમ આપણે, આજની રાતે, ફરી વાર, જગતને સાબિત કરી આપ્યું છે.

અમેરિકાની આ તો ખરી તાકાત છે – કે અમેરિકામાં બદલાવ આવી શકે છે. આપણો સંઘ પરિપૂર્ણ બની શકે છે. અત્યાર સુધી આપણે જે પ્રાપ્ત કર્યું છે તેનાથી આપણી સમર્થતા અંગે આપણામાં આશા પ્રસ્થાપિત બની છે તથા આવતી કાલે આપણે, વળી, એ મેળવીને જંપવાના છીએ.

આંદોલનનો ઈતિહાસ

આ ચૂંટણીઓમાં શરૂઆત બાબતે ઘણાં દૃષ્ટાન્તો ઊભાં થયાં છે તેમ જ વિવિધ ઘટનાઓ ઘટી છે. પેઢી દર પેઢી સુધી એની વાતો થયા જ કરવાની છે. પરંતુ એ સૌમાંથી મારા મનમાં આજે એક સળવળી રહી છે : અટલાન્ટામાં એક બાઈએ પહેલી વાર મતદાન કર્યું તેની આ વાત છે. પોતાના વિચારોનો પડઘો પાડવા માટે મતદાન કરતાં લાખો લોકોની પેઠે તેમનામાં પણ જો કે કોઈ નવાપણું હતું જ નહીં. છતાં એક તફાવત હતો – આપણાં આ એન નિક્સન કૂપર ૧૦૬ વર્ષની વયનાં છે.

એન નિક્સન કૂપર

ગુલામી પારની એકાદી પેઢીમાં તેમનો જન્મ થયો હતો; તે સમયે રસ્તાઓ પર ન ગાડીઓ હતી, ન આકાશમાં વિમાનો ઊડતાં હતાં; એ દિવસોમાં તેનાં જેવાંઓને બે કારણોસર મતદાન કરવાનો અધિકાર નહોતો – કારણ, તે મહિલા હતાં તેમ જ તેમની ચામડીનો રંગ.

અને આજની રાતે, પોતાની સદીના સમયગાળા દરમિયાન તેમણે અમેરિકામાં શું શું ભાળ્યું હશે, તેનું મને સ્મરણ થાય છે – દિલમાંની બળતરાઓ તથા આશાઓનો પૂંજ; આંદોલન અને પ્રગતિ; એવો એવો સમય જ્યારે આપણને કહેવાતું કે આપણે અસમર્થ છીએ, અને તેવી અમેરિકી સમજભાવનાઓ વચ્ચાળે આગળ ધપેલો પ્રજાસમૂહ : હા, આપણે સમર્થ છીએ.

એક એવા સમયગાળે જ્યારે મહિલાઓના અવાજને રૂંધી કઢાતો હતો અને તેમની આશાઓ નામંજૂર રહેતી હતી, ત્યારે તેમણે એ જોયું કે તે જૂથ ટટ્ટાર બનીને ખડું થતું ગયું છે અને બોલકું બનતું ગયું છે અને હવે મતદાન માટે આગળ ધપતું રહ્યું છે. હા, આપણે સમર્થ છીએ.

સૂકી ભઠ ભૂમિ પરે જ્યારે વિષાદ છવાયેલો હતો અને મુલકમાં ચોમેર મંદીનો સપાટો વીંઝાતો હતો, ત્યારે તેમણે જોયું કે નવી

બરાક ઑબામા : સ્વપ્નદૃષ્ટાની રાષ્ટ્રપ્રમુખપદ સારુ યાત્રા

○ ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી

"ઓપિનિયન"ના ફેબ્રુઆરી ૨૦૦૮ના અંકમાં, બરાક ઑબામાને 'નવ્ય અમેરિકી રાજકારણના સ્વપ્નદૃષ્ટા' તરીકે ઓળખાવ્યા હતા. ૪ નવેમ્બરના દિવસે ઑબામા અમેરિકાના સર્વોચ્ચ પદે - રાષ્ટ્રપ્રમુખ તથા રાષ્ટ્રના પહેલા નાગરિક બને છે. એમની જીવનકથા અને ૨૦૦૮ દરમિયાન રાષ્ટ્રપ્રમુખ પદ માટે ૨૧ મહિનાની યાત્રા અને ઝુંબેશ હવે એક અર્થમાં દંતકથા બની રહેવાની છે.

ફેબ્રુઆરીનો લેખ વાંચી, અમેરિકાનિવાસી લેખકમિત્ર હરનિશ જાનીએ પ્રતિભાવ આપ્યો હતો : 'આ ફેબ્રુઆરીના અંકમાં જૂના જોગી ડાહ્યાભાઈ મિસ્ત્રી પણ ચમક્યા છે. બરાક હુસૈન ઑબામા માટેનો એમનો ઉત્સાહ જણાઈ આવે છે. મને નથી લાગતું કે અમેરિકા હુસૈન નામ માટે તૈયાર હોય.' હરનિશભાઈની વાત પણ સાચી; આવી વિરલ અને ઐતિહાસિક ઘટના માટે માનસિક તૈયારી કોઈ પણની ન હોય. એક અમેરિકી વાર્તા માસિકના સંપાદક ડેવ ઈગર તો કહે છે કે આ ઘટના ધારવા કરતાં ત્રીસ-ચાળીસ વર્ષ વહેલી બની એટલે સાહિત્યકારોએ એ ઘટના માટે સર્જનાત્મક - કલ્પનાશક્તિ કેળવવી પડશે. ૩૧ ઑક્ટોબરના લેખમાં, તેમણે લખેલું : 'We're about to elect a guy who pretty much arrived 30 or 40 years sooner than most people expected. So may be we're being catapulated forward into a future in a way that our imaginations will need to catch up with.'

યુનાઈટેડ સ્ટેટ્સ ઑવ્ અમેરિકાના વરાયેલા રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામા ને પત્ની મિશેલ ઓબામા

ત્રણ વર્ષ પહેલાં, એક સંવાદદાતા ડેવિડ ઉસબોને બરાક ઑબામાની કર્મભૂમિ ઈલિનોઈસ રાજ્યની મુલાકાત લીધી અને નવયુવાન, નવા ચૂંટાયેલા રાજ્યના સેનેટર બરાક ઑબામાને મળ્યા. એમની સાથે વાતો કરી અને એમના જીવનની ઝરમર જોઈ, વાંચી અને પછી લખ્યું કે આ ઈલિનોઈસ રાજ્યનું સેનેટરપદ પ્રાપ્ત થયું એ જ એમના રાજકારણી ક્ષેત્રની ટોચ બની રહેવાની. ઈતિહાસ ભાખે છે : 'History argues that he may have already reached his politics zenith.' પછી ડેવિડ ઉસબોની આગાહી રહી કે એક આફ્રિકી - અમેરિકી રાજકારણી માટે, પછી, આવો બાહોશ નવયુવાન ઑબામા ભલે હોય, પણ વ્હાઈટ હાઉસનો રસ્તો કપરો - કઠણ છે. એવાં ચઢાણ માટે અત્યારે તો કોઈ હામ નહીં ભીડી શકે. લો, એમના શબ્દો જ રસપ્રદ નીવડશે : 'The path to the White House for an African American, whether it would be Obama or anyone else, for now, at least, remains dauntingly steep.'

આ બધું છતાં, માનવ જીવનની એક વિશેષતા - વિલક્ષણતા રહી છે કે શબદના સાધકોને, લલિતકળાના સર્જકો કે સામાન્યજનોએ ન કલ્પેલી ભૂમિ પર લાવી મૂકે છે. અને જીવનમાં રહેલી અજબગજબની શક્તિ અને સત્ય પ્રગટ થાય છે. એને માટે હામ - હિંમત અને ધીરજ હોવાં જોઈએ. જોસેફ કેમ્પબેલ નામક એક સમાજશાસ્ત્રીએ લખ્યું છે : 'If you have the guts to follow the risk, however, life opens, opens up all along the line.' બરાક ઑબામા અને અમેરિકી મતદારોએ જીવનનું આ સત્ય સાર્થક કર્યું છે. અને "ધ ટાઈમ્સ"ના એક સંવાદદાતાએ બાયબલની ભાષામાં લખ્યું હતું, તેમ : 'And it came to pass, in the eight year of the reign of the evil Bush the Younger (the Ignorant), when the whole land from the Arabian desert to the shores of the

---

સૂકી ભઠ્ઠ ભૂમિ પરે જ્યારે વિષાદ છવાયેલો હતો અને મુલકમાં ચોમેર મંદીનો સપાટો વીંઝાતો હતો, ત્યારે તેમણે જોયું કે નવી આર્થિક નીતિ (ન્યૂ ડીલ) હેઠળ, નવી રોજગારીઓ ઊભી કરતાં કરતાં તેમ જ સહિયારા ઈરાદાઓ મિષે રાષ્ટ્રે ભય પર વિજય પ્રસ્થાપિત કરેલો છે. હા, આપણે સમર્થ છીએ.

આપણી ગોદીઓ ઉપર જ્યારે બોમ્બ ઝીંકાતા હતા, તેમ જ જગત ભરમાં જોરજુલમના સંકટનું વાતાવરણ હતું, ત્યારે તેમણે અનુભવેલું જ હતું કે એક આખેઆખી પેઢીએ મહાનતા ભણીની કૂચ આદરી હતી અને વળી લોકશાહીને સલામતી બક્ષાઈ હતી. હા, આપણે સમર્થ છીએ.

મોન્ટગોમરીની બસોની ઘટના ટાંકણે, બર્મિંગમમાં પાણીના બંબા વાટે થયેલા સતત પાણીમારાઓ વેળા, સેલમાની પુલ ઘટના સમયે તેમ જ અટલાન્ટાના એ ઉપદેશકે જ્યારે કહેલું, 'હમ હોંગે કામયાબ' (વી શેલ ઑવરકમ), ત્યારે ય તે હાજરાહજૂર હતાં. ... હા. આપણે સમર્થ છીએ.

ચંદ્ર પર માણસે પગ મૂક્યો, બર્લિનની દીવાલ તૂટી, આપણાં વિજ્ઞાન તેમ જ કલ્પનાશક્તિથી જગત સાથે આપણે સંધાણજોડાણ કર્યું છે. અને આ વરસે, આ ચૂંટણીઓમાં, પડદા પરે તે બાઈએ પોતાની પસંદગી અનુસાર આંગળી મૂકી છે, અને તેમણે મતદાન કર્યું છે, કેમ કે અમેરિકામાંના તેમના અસ્તિત્વકાળનાં ૧૦૬ વર્ષ પછી, તેના ઉત્તમ સમય બાદ અને અંધારિયા સમય પછી, અમેરિકામાં બદલાવ આવી શકે છે, તેવી તેમની સમજણ છે.

હા, આપણે સમર્થ છીએ.

આપણી આ ઘડી છે

અમેરિકા, અમે અહીં લગીની યાત્રા કરી છે. અમે આટઆટલું નિરખ્યું છે. અને તેમ છતાં, હજુ ઘણું ય મેળવવાનું બાકી છે. આથી આજની રાતે, ચાલો, ખુદને આપણે પૂછી પાડીએ – હવે પછીની સદીને જો આપણાં સંતાનો જોઈમાણી શકે તેવું કરવું હોય; એન નિક્સન કૂપર જેવડી આવરદા અમારી દીકરીઓને ભાગ્યમાં સાંપડવાની હોય, તો એ સઉ કેવા કેવા ફેરફારો જોશે ? કેવી કેવી પ્રગતિ આપણે સાધવી રહેશે ?

આ બીડું ઝડપવા માટેની આપણી સમક્ષ આ તક છે. આપણી આ ઘડી છે.

આ આપણો વખત છે – આપણા લોકોને, ફરી વાર, રોજગારીમાં જોતરવાનો અને આપણા સંતાનો સારુ તક માટેના દરવાજા ઉઘાડી આપવાનો; સમૃદ્ધિ પુનઃ પ્રાપ્ત કરવાનો અને શાંતિની ખોજ માટે મંડી પડવાનો; અમેરિકી સોણલાંઓને ફરી વાર ધોરી માર્ગ પરે વચોવચ ખોડવાનો તેમ જ ઘણાંબધામાં આપણે તો ફક્ત એક જ છીએના સનાતન સત્યનો જાપ કરવાનો; આપણે શ્વાસોચ્છવાસ લઈએ છીએ, આપણે આશા બાંધીએ છીએ, અને આપણને જ્યારે અશ્રદ્ધા ને શંકાઓનો સામનો કરવાનો થાય છે, અને વળી કેટલાક આપણને કીધા કરે છે કે આપણે અસમર્થ નથી, ત્યારે આપણે આમ જનતાના મિજાજની ચાડી ખાતી, પેલી સમયાતીત ખરાઈ વાટે, તેનો સામનો કરતા જ રહીશું : હા, આપણે સમર્થ છીએ.

આભાર. ભગવાન તમારું ભલું કરજો, અને યુનાઈટેડ સ્ટેટ્સ ઑવ્ અમેરિકા પરે પરમકૃપાળુ પરમાત્માની મહેર વરસજો. ●

(અમેરિકાની તાજેતરની ચૂંટણીઓમાં રાષ્ટ્રપ્રમુખ માટે ચૂંટાયા બાદ, શિકાગોના જગપ્રસિદ્ધ ગ્રાન્ટ પાર્ક ખાતે, બુધવાર, ૫ નવેમ્બર ૨૦૦૮ની રાતે, આપેલા મૂળ અંગ્રેજી પ્રવચનનો ગુજરાતી અનુવાદ. અનુવાદક : વિપુલ કલ્યાણી)

Great Lakes had been lain barren, that a Child appeared in the wilderness.'

ફેબ્રુઆરી '૦૮ના અંકમાંનો એ લેખ, જરૂરી સુધારાવધારાઓ સાથે ફેર રજૂ કરું છું :

ઈરાક, સદામ હુસૈન, ઓસામા બિન-લાદેન – આ ત્રણેય નામનો અનુપ્રાસ જેના નામમાં મળે છે, એવા ૪૭ વર્ષીય બરાક હુસૈન ઑબામાએ દુનિયાની સૌથી મોટી મહાસત્તાના રાષ્ટ્રપતિના હોદ્દા માટેની અબીહાલની ચૂંટણીઓમાં ઝંપલાવ્યું અને હવે એ વિજયી બન્યા છે. આ પગલું લેતા પહેલાં, એમના મિત્રો, કુટુંબીજનો અને હિતેચ્છુઓએ એમને સલાહ આપી કે એમણે પોતાનું નામ બદલાવવું જોઈએ. પરંતુ બરાક ઑબામાએ એવું કંઈ કરવા સાફ ના પાડી અને ઉમેર્યું કે પોતાની ઓળખમાં અને નામમાં કંઈ પણ શરમજનક વસ્તુ નથી. એ ઓળખમાં, એ નામમાં વિશ્વાસ છે અને એ જ નામ અને ઓળખથી અમેરિકી પ્રજા સામે રજૂ થવું છે. વધુમાં સાથીસહોદરો, સલાહકારોને કહ્યું કે એ નામ અને પોતાની ઓળખ પર ખૂબ વિચાર કર્યો છે, મનન કર્યું છે અને લખ્યું પણ છે.

૩૩ વર્ષની ઉંમરે બરાક ઑબામાએ પોતાનું પહેલું પુસ્તક પ્રકાશિત કર્યું હતું અને તેનું નામ હતું : Dreams from my Father : A Story of Race and Inheritance [1995]. ૪૪ વર્ષની ઉંમરે બીજું પુસ્તક લખ્યું, જેમાં નવા અમેરિકી રાજકારણ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. પુસ્તકનું નામ આપ્યું હતું : The Audacity of Hope : Thoughts on Reclaiming the American Dream [2006]. આ બે પુસ્તકો અને બરાક ઑબામાએ જીવનમાં સેવેલાં સ્વપ્નો અને આશાઓ પર નજર નાંખવાનો અહીં આશય છે.

પંદરેક મહિનાઓ પહેલાં અમેરિકી પ્રજા સમક્ષ રજૂ થયા અને રાજકારણમાં ઝંપલાવ્યું ત્યારે એમનાં સ્વપ્નાંઓ અને આશાઓનો મહેલ એ કાચા પાયા પર બાંધે છે, એમ ઘણાં માનતા હતાં. પરંતુ બરાક ઑબામાનો અસ્ખલિત વાણી પ્રવાહ અને એમનાં ચૂંબકીય પ્રવચનોએ અમેરિકી મતદારોને જકડી રાખતા કર્યા છે. નૂતન રાજકારણનો પાસ નવયુવાન પેઢી પર અજબગજબનો જાદુ પાથરતો રહ્યો છે. થોડા જ વખતમાં એમણે એક નવા રાજકારણનું આંદોલન સર્જ્યું છે. આ આંદોલનનો જબરદસ્ત જાદુ ઐતિહાસિક બની રહે એવી સંભાવનાના ભણકારા સંભળાઈ રહ્યા હતા. બરાક ઑબામા પહેલા બિનશ્વેત - આફ્રિકી આ અમેરિકન દેશના ૪૪મા રાષ્ટ્રપતિ ચૂંટાઈ આવે તેવો અહેસાસ પેદા થયો હતો. આરંભમાં અમેરિકાના ૫૧ રાજ્યોમાંથી ૩૦ રાજ્યોમાં જે તે પક્ષના સભ્યોએ 'પ્રાથમિક' મતદાન કર્યું હતું અને સૌથી વધારે રાજ્યોમાં બરાક ઑબામાએ સફળતા મેળવી હતી. બરાક ઑબામા પોતાના નજદીકના પક્ષીય (ડેમોક્રેટિક) હરીફ તેમ જ ખૂબ બાહોશ અનુભવી રાજકારણી બીલ ક્લિન્ટનનાં પત્ની હિલરી ક્લિન્ટનની બરાબરી કરી સરસાઈ મેળવી હતી. ઘણા રાજ્યના મતદારોમાં બરાક ઑબામાની બોલબાલા રહી છે. વળી, પ્રખ્યાત કેનેડી પરિવારના ટેડ કેનેડી અને કેનેડી પરિવારના બીજાં સભ્યોનો ય સક્રિય સાથ ઑબામા મેળવવા સફળ રહ્યા હતા. આફ્રિકી - અમેરિકી લેખિકા ટોની મોરિસન અને ટીવી દુનિયામાં મોટું નામ ધરાવતાં ઓપરાહ વિનફ્રી પણ બરાક ઑબામાને સાથ આપી રહ્યાં હતાં. હજારોની સંખ્યામાં નવયુવાન પેઢી પણ ઑબામા સાથે રહી કામ કરતી જોવાની સાંપડતી હતી.

આવા નૂતન રાજકારણીય સ્વપ્નદ્રષ્ટાની ઓળખ શોધવા ઑબામાનાં પહેલાં પુસ્તકમાં ડોકિયું કરવું રહે. એમના વાણીપ્રવાહમાં જેટલો જાદુ છે એવો જ જાદુ એમના ગદ્યમાં પણ છે. Dreams from my Father : A Story of Race and Inheritance પુસ્તકમાં એમની કુટુંબકથા છે. તે એક અનોખી કુટુંબકથા છે. ૨૦૦૪ની નવી આવૃત્તિમાંની પ્રસ્તાવનામાં પોતાની શોધ અને ઓળખનું કારણ જણાવતા એ લખે છે :

I went to work with the belief that the story of my family, and my efforts to understand that story, might speak in some way to the fissures of race that have characterized the American experience, as well as the fluid state of identity - the leaps through time, the collision of cultures - that mark our modern life.

એમની કુટુંબગાથામાં એવું શું હતું કે ૨૧મી સદીના જગતના જટીલ પ્રશ્નો - રાષ્ટ્રીયતા, સંસ્કૃતિઓની અથડામણ, ધાર્મિક-રાષ્ટ્રીય-સંસ્કૃતિ-ઓળખ વગરેનું સમાધાન કરી શકે ? એ લખે છે : ૧૯૫૯માં કેન્યાના રાષ્ટ્રપતિ કેન્યાટા અને ઘણી જ લાગવગ - પ્રભાવ ધરાવતા મંત્રી ટોમ મ્બોયા એક લૂઓ જાતિના ૨૩ વર્ષીય નવયુવાનને અર્થશાસ્ત્રનો અભ્યાસ કરવા હવાઈ યુનિવર્સિટી મોકલે છે. આ નવયુવાન પ્રખર અભ્યાસી ચબરાક બુદ્ધિશાળી છે એટલે પ્રાધ્યાપકો - સહવિદ્યાર્થીઓ પર જાદુ પાથરે છે. એમાં એક ૧૮ વર્ષીય અમેરિકી યુવતી પણ છે. બન્ને પ્રેમમાં પડે છે. યુવતીનાં માતાપિતા, કુટુંબીજનો પર પણ આ યુવાન ગજબનો પ્રભાવ પાડે છે અને છેલ્લે લગ્ન માટે સહમતી મેળવવામાં સફળ બને છે. આ રીતે આ લૂઓ જાતિના યુવાન અને અમેરિકન યુવતીનો ઘરસંસાર શરૂ થાય છે. ૧૯૬૧માં આ સુખી સંસારમાં કમળ ખીલે છે. આ પુત્રનું નામ કિસ્વાહિલી - અરબી શબ્દ બરાક (એટલે વરદાન = blessing) રાખવામાં આવે છે. દાદાનું નામ હુસૈન હતું - એમણે વરસો પહેલાં ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો હતો. દીકરાનું બીજું નામ દાદાની યાદમાં 'હુસૈન' રહ્યું. ઑબામા એ લૂઓ જાતિની એક અટક છે. અને સ્વાભાવિક એ જ અટક ચાલુ જ રહી.

દરમિયાન, માબાપનો ઘરસંસાર ચારેક વર્ષમાં અંતાય છે, કેમ કે કેન્યા પાછા ફર્યા બાદ સરકારી તંત્રમાં પિતા ગળાડૂબ રહેવા લાગેલા અને વળી સાથે સાથે નવી જીવનસંગિની સાથે કેન્યામાં નવો સંસાર ખીલવવામાં ખોવાઈ જાય છે. હવાઈ ખાતે રહેતી પત્ની અને પુત્ર ભૂલાતાં ગયાં. અમેરિકી માતા હિંમત હારતી નથી. એ ખુદ બાહોશ તેમ જ વિદ્યાસમ્પન્ન હતી. પોતાના માતાપિતાનો વળી સાથસહકાર પણ હતો. એટલે બારાક ઑબામા પોતાનાં અમેરિકી નાનાનાનીની હૂંફમાં મોટા થાય છે. શિક્ષણ મેળવે છે. માતા સાથે ઈન્ડોનેશિયામાં પણ બીજા પિતા સાથે રહી આવે છે. મોટા થતા, હાર્વર્ડ લૉ કૉલેજમાં કાયદાનું ઉત્તમ શિક્ષણ તેણે લીધું છે અને પછી ત્યાં જ કાયદાના પ્રાધ્યાપક પણ બને છે. કૉલેજના સામયિક "Harward Law Journal"ના મંત્રી-તંત્રી ય બન્યા. વળી, આ કૉલેજમાં એમની ભાવિ પત્ની મિશેલની ઓળખાણ થઈ. પોતાના પિતાના કુટુંબની મુલાકાત અને કુટુંબશોધ માટે કેન્યા પણ રહી આવ્યા. આવા બધા અવનવા અનુભવો અને મોટા થતા થતા અનુભવેલી નાનીમોટી મૂંઝવણો, સમસ્યાઓનું આલેખન, રસાળ ગદ્યમાં, જોવા મળે છે આ એમના પહેલાં પુસ્તકમાં.

સન ૨૦૦૬માં લખાયેલાં બીજાં પુસ્તક The Audacity of Hope : Thoughts on Reclaiming the American Dreamમાં, બારાક ઑબામા નવું અમેરિકી રાજકારણ કેવી રીતે સર્જી શકાય છે, એના પર વિષદ છણાવટ કરે છે. નૂતન રાજકારણની વ્યાખ્યા આપતા એ લખે છે : એવું રાજકારણ જેમાં ધર્મ, જાતિ, રંગથી પર જતું રાજકારણ. શ્વેત અમેરિકી લોકોને એ ધરપત આપતા લખે છે કે પાછળનો - ભૂતકાળનો ઇતિહાસ જેમાં અશ્વેત પ્રજા પર થયેલા જુલમો, અન્યાયો, વગેરેના ઇતિહાસને ઉચિતપણે ઇતિહાસની સરાણે નોંધતા નોંધતા નજર સમક્ષ રાખી એમાંથી પાઠ ભણવા છે અને અમેરિકી રાષ્ટ્રને આગળ લાવવું છે. એ સાથે દુનિયાના દેશોમાં શાંતિ - સુલેહ થાય એવું વાતાવરણ - એવું રાજકારણ સર્જવાનું છે. ગરીબ દેશોને કોઈ પણ અપેક્ષા વગર, સહાયક - મદદરૂપ બનવાનું છે. અને અમેરિકી રાષ્ટ્રનું નામ અને ગૌરવ વધારવામાં મને વધારે રસ છે.

આ ચોપડીની ભાષા અને ગદ્ય ભારે સબળ છે અને સરસ છે. વાચકને અંત સુધી જકડી રાખવામાં એ સફળ પણ થાય છે. ઑબામા પોતાના સામાજિક - રાજકીય અંતરંગની વાતો અને અમેરિકી રાજકારણના ઇતિહાસમાં વાચકને ઝબોળી રાખે છે. આ પુસ્તક એટલે 'a commercial success unthinkable for a British M.P., sitting atop "The New York Times" best seller list for weeks !!'

નૃસિંહ અવતાર

○ હરનિશ જાની

એક ઉખાણું : જગતનો એવો કયો દેશ હશે કે જેના પ્રમુખ ક્રિશ્ચિયન હોય અને કુરાન વાંચેલું હોય. ભણેલા હોય અને ગજવામાં ગૂડ લક માટે હનુમાનજીની મૂર્તિ રાખતા હોય ? જેની મા શ્વેત અમેરિકન હોય અને બાપ અશ્વેત આફ્રિકન હોય ? પ્રાથમિક અભ્યાસ ઈન્ડોનેશિયામાં કર્યો હોય અને કૉલેજ અમેરિકામાં કરી હોય. મારા અને તમારા જીવન દરમિયાન, એક અદ્દભુત ઘટના બન રહી છે. લોકો કહે છે કે ઈતિહાસ રચાઈ રહ્યો છે. મારા મુસ્લિમ મિત્રો કહે છે કે ઑબામાને અલ્લાએ મોકલ્યો છે. હું કહું છું કે 'સંભવામિ યુગે યુગે'. આ નૃસિંહ અવતાર છે !

થોડા વખત પહેલાં, મેં એક વાત લખી હતી કે અમેરિકા હજુ આફ્રિકન અમેરિકન, જ્યુઈશ, મુસ્લિમ કે સ્ત્રી પ્રેસિડન્ટ માટે તૈયાર નથી. આ વાત મારા રોજિંદા જીવનના અવલોકન પરથી લખી હતી. શ્વેત પ્રજાના મારા સંપર્ક અને મારા અનુભવ પરથી એક વાત ચોક્કસ હતી કે હજુ રંગદ્વેષ સદંતર ગયો નથી. મેં એક વાત નોંધી છે કે મારા શ્વેત મિત્રો મને એકલા મળે ત્યારે એક વ્યક્તિ તરીકે વર્તે છે. જ્યારે શ્વેત લોકોનો સમૂહ એક શ્વેત ટોળું બની જતું હોય છે. અને તે જુદું વર્તન કરતું હોય છે. અને એ વાત કોઈ પણ ટોળાં માટે સાચી હોય છે. એ ટોળાંની સાયકોલોજી હોય છે. ચૂંટણીના અઠવાડિયા પહેલાં બરાક ઑબામાના વિજયની મનમાં ખાતરી હતી. છેલ્લા દિવસોમાં સામા પક્ષે, રિપબ્લિકનોએ કાદવ ઉછાળવાનું ચાલુ કરી દીધું હતું. લોકોનું ધ્યાન ખેંચવા, Gha Naa ટી.વી. ઉપર ઑબામાનું પૂરું નામ બોલાતું : 'બરાક હુસૈન ઑબામા'. હુસૈન નામ કોઈ પણ અમેરિકનને ભડકાવવા માટે પૂરતું છે. ૨૦૦૪ની જેમ દરેક ચર્ચમાં ઈરાકના યુદ્ધને ધર્મયુદ્ધનો સિક્કો લગાવવાનું ચાલુ થયું. સાચા અમેરિકનોએ ઑબામાને મત ન આપવો જોઈએ. સાચા અમેરિકનો એટલે શ્વેત પ્રજા. અને આ પ્રજાના સહકાર વિના ઑબામા ન જીતી શકે. આ પ્રચારને લીધે, મારો ઑબામાની જીતનો વિશ્વાસ ડગવા માંડ્યો હતો. વળી, ઑબામા ટેરરિસ્ટો સાથે સંબંધ ધરાવે છે, એ વાત ખોદી કાઢી. અને વાઈસ પ્રેસિડન્ટનાં ઉમેદવાર સેરાહ પેલિન જાહેરમાં પૂછતાં : ખરેખર, આ ઑબામાં છે કોણ ? તેમનું કહેવું હતું કે ઑબામા ટેરરિસ્ટ છે. ભૂતકાળમાં તેમનો નાતો ટેરરિસ્ટો સાથે હતો. પરંતુ બુશ સાહેબના દેશપ્રેમના ટેરરિઝમથી કંટાળેલા લોકોએ એ ન સાંભળ્યું.

ચોથી નવેમ્બરે રાતના સવા અગિયારે બરાક ઑબામાનું વિજય સંભાષણ સાંભળતો હતો, અને મારા જેવા બુદ્ધિજીવીની આંખોમાંથી ચોધાર આંસુ દોડતાં હતાં, કારણ કે, એ નમ્રતા અને આશાઓથી ભરપૂર હતું. મારાં આંસુ, આનંદ અને આશાનાં હતાં. બુશના શાસનમાં, દેશની સાથે સાથે મને ખુદને વ્યક્તિગત રીતે પણ આર્થિક મુશ્કેલીઓ આવી હતી. મારી પત્નીએ મને ૨૦૦૦ની સાલમાં કહ્યું હતું કે આપણી સાડાસાત વરસની શનિની પનોતી બેઠી છે ! આજે લાગે છે કે શનિ મહારાજ, એટલે બુશ મહારાજ. અને મારી એકલાની જ નહીં, પરંતુ અમેરિકાની પણ પનોતી ચાલતી હતી. સાડા સાત નહીં, પણ આઠ વરસની. બાકી ક્લિન્ટન સાહેબે આપેલા તિજોરીના ચાર હજાર અબજ ડોલરનો ધુમાડો કરીને આજે અમેરિકનોને માથે દશ હજાર ડોલરનું દેવું ઠોકી દીધું છે, તે પનોતી જ કહેવાય ને ?

અમે સવારે મતદાન કર્યાં પછી સાંજના પાંચથી ટી.વી. સામે ગોઠવાઈ ગયા હતાં. અમારા બધાં મિત્રોના, ખાસ કરીને ગુજરાતી મિત્રોના, ફોન ચાલુ થઈ ગયા હતા. ઘણાંઓ ઑબામાના કેમ્પમાં વોલંટિયર રહ્યા હતાં. આજ સુધીમાં મેં પ્રમુખની નવ ચૂંટણીઓમાં મતદાન કર્યું છે. નવ વખત પ્રમુખોને પોતાનો વિજય સ્વીકારતા જોયા છે. સાંભળ્યા છે. આ બધું હજારોની મેદનીમાં કોઈ હૉલમાં થતું હોય છે. આ વખતનો પ્રસંગ અદભુત હતો. શિકાગોના પાર્કમાં દશ લાખની મેદની સમક્ષ ઑબામાએ પોતાનો વિજય સંદેશો આપ્યો. જે જગત આખાએ વધાવ્યો. અમેરિકન પ્રમુખની ચૂંટણીમાં આ એક અનોખો પ્રસંગ હતો. આ ઑબામા હજુ પ્રમુખ થયા પણ નથી. હજુ કોઈ પરાક્રમ કર્યું નથી અને આવું સ્વાગત ! આનો જશ બુશ સાહેબને જાય છે. આ દશ લાખ લોકો કોણ હતા ? બેકારો, ઘરબાર વિનાના, મેડિકલ ઈન્સ્યોરન્સ વિનાના, કૉલેજ સ્ટૂડન્ટ્સ, સજાતીય યુગલો, આફ્રિકન અમેરિકનો, શ્વેત અમેરિકનો, સ્પેનિશ, ચાઈનીસ, – ટૂંકમાં, સર્વ ધર્મ, રંગ, જાત, જાતિના લોકો ઉમટ્યા હતા. લોકોના ઘર જતા રહ્યાં. બુશ સાહેબના કારભારથી લોકોની નોકરીઓ જતી રહી. મોંઘવારી વધી ગઈ. ઈરાક અને અફઘાનિસ્તાનના યુદ્ધમાં દર મહિને દશ અબજ ડોલર વપરાય છે. અને કૉલેજના વિદ્યાર્થીઓની ફીશિપમાં કાપ મૂકવા છે. આ દશ લાખનો સમૂહ એટલે ૯૫% મધ્યમ વર્ગનો સમૂહ. જેમને ઑબામા ટેક્સમાં રાહત આપવાના છે. એમની પાસે આ જ એક આશા હતી. એકલા અમેરિકનોને જ કેમ ? આખા જગતને ઑબામાંની આશા હતી. અમેરિકા એકલામાં જ નહીં દુનિયાના બધા દેશોમાં આર્થિક મુશ્કેલીઓ ઊભી થઈ છે. આપણાં જીવન દરમિયાન એક અદભુત ઘટના બની રહી છે. ઈતિહાસ રચાઈ રહ્યો છે. અમેરિકાની આ પાર્ટીમાં દુનિયા આખી જોડાઈ છે. કેનિયામાં, દેશ આખામાં નેશનલ હૉલિડે જાહેર કરાયો. ઑબામાની દાદીના કારણે આયર્લૅન્ડમાં લોકો નાચ્યા. ઈન્ડોનેશિયામાં ફટાકડા ફૂટ્યા. અને મારા સૂજલામ્ સૂફલામ્ દેશમાં હોમહવન થયા, જ્યાં ક્રિકેટની મેચ જીતવા હવન થાય ત્યાં આ હનુમાનજીના ભક્ત માટે તો થવા જ જોઈએ. જીત્યા પછી પણ હવનો થાય છે. બાલાજીના કોઈ વિદ્વાને ઑબામાએ કયા ચોઘડિયામાં વ્હાઈટ હાઉસમાં જવું તે પણ જોઈ રાખ્યું છે. વાસ્તુશાસ્ત્રવાળાઓ જાણે છે કે ઑબામા હવે ઓવલ ઓફિસ ખસેડવાના નથી એટલે સમજીને જાહેર કરી દીધું કે એમની ઓફિસ યોગ્ય જગ્યાએ છે. હવે બનારસથી પંડિતોનું મંડળ જાન્યુઆરીની ૨૦, ૨૦૦૯ના રોજ ઑબામાની કૂંડળી બનાવીને આવે તો નવાઈ નહીં !

(લેખકના આગામી હાસ્યરચનાસંગ્રહ 'સુશીલા'માં સમાવિષ્ટ લેખ)

[4 Pleasant Drive, YARDVILLE, NJ 08620, U.S.A.]

"ધ ટાઈમ્સ"ના અમેરિકી સંવાદદાતા જેરાર્ડ બેકર ઑબામાએ સર્જેલાં રાજકીય આંદોલનને 'ઑબામાવાદ' [Obama-Mania] કહીને તેને સંબોધે છે. બરાક ઑબામાનું રાષ્ટ્રપતિનું શાસન જો બને, તો તે કેવું રહેશે, એનો ચિતાર આપતા આ પત્રકાર આમ લખતા હતા : 'There is something almost mystically appealing about his potential presidency - a black man from humble beginnings, whose grandfather was a Kenyan goat-herd and who got to Harvard Law School and the US Senate. The prospect of an Obama presidency is genuinely thrilling. And what better way to demonstrate to the world that America is ready to heal the tears in the fabric of international relations by electing some one named Barack Hussein Obama.'

[3 Buckingham Mews, SUTTON COLDFIELD, B73 5PR, U.K.]

વિવિધ સાંસ્કૃતિક સમાજમાં વ્યક્તિતા અને આધ્યાત્મિકતા

○ નવનીત ધોળકિયા

લેફ્ટન્ટ જનરલ એફ. એન. બીલીમોરિયા સ્મૃતિનું આ પહેલવહેલું વ્યાખ્યાન આપવાનું મને નિમંત્રણ આપવા માટે હું વિનમ્રતા અને ગૌરવ અનુભવું છું. 'વિવિધ સાંસ્કૃતિક સમાજમાં વ્યક્તિતા અને આધ્યાત્મિકતા' જેવા મુશ્કેલ વિષયની પસંદગી મેં કરી છે.

ફરેદુન નોશિર બીલીમોરિયાના પરિવાર સાથેનો મારો સંબંધ લાંબા ગાળાનો છે. જનરલ બીલીમોરિયાએ લશ્કરમાં ભભકાદાર સેવાઓ આપી છે. ભારે ડહાપણભર્યા અને વિચારવંત પુરુષ તરીકે હું તેમને જાણતો હતો. ઝોરાસ્ટ્રીઅન કોમ તથા ભારતની આર્થિક સમૃદ્ધિના વિકાસમાં તેમની દેણગી વિશેની આપણને જાણકારી છે, પરંતુ આપણા મુલકી જનજીવનમાં વિધવિધ સ્તરે આ કોમે જે ફાળો આપ્યો છે તેની ય આપણને સમજણ છે.

ભારતના સાંસ્કૃતિક વારસાની જાળવણી બાબત તેમણે જે કિંમતી ફાળો આપ્યો છે, તે જોવાનું રાખીએ. વળી, આપણા પરિસરની સારસંભાળ ક્ષેત્રે તેમની દેણગી પણ ધ્યાનપાત્ર બની રહી છે. આ બધું એક સાથે જોઈએ તો આપણને સમજાય છે કે ધર્મનિરપેક્ષ ભારત માટે આ કોમ કેટલી સ્વીકૃત છે તેનો અંદાજ મળી રહે છે અને તેમાં વળી જનરલ બીલીમોરિયા અપવાદ નથી.

હાઉસ લૉર્ડ્સમાં, એક દા, જનરલ બીલીમોરિયાના પરિવારને નિમંત્રણ આપવાનો તેમ જ તેમનુ ઉચિત સ્વાગત કરવાનો મને સુંદર મોકો મળ્યો છે. તેમનામાં ચેપ લાગે તેવી વિનોદવૃત્તિ હતી અને તેમનાં પત્ની યાસ્મિનમાં પ્રૌઢ સમજણ રહેતી અને આમ બંનેનાં જીવન એકબીજાંનાં પૂરક બની જતાં.

અને વળી, મારે કરણને ય ભૂલવા ન જોઈએ, હજુ મે ૨૦૦૬માં જ તેમને હાઉસ ઑવ્ લોર્ડ્સમાં સ્થાન અપાયું છે. ત્યારથી એમણે પાછું વળીને જોયું જ નથી. આ દેશના રાજકીય જીવનમાં તેમનો ફાળો ય હવે ભારે અગત્યનો બની રહ્યો છે.

મારે 'ટેમેનોસ એકેડમી'નો ય આભાર માનવાનો છે. પૂર્વ અને પશ્ચિમના પવિત્ર વારસાઓના સંદર્ભે તત્ત્વજ્ઞાન અંગેના શિક્ષણને કેન્દ્રમાં રાખીને ધર્માદા પ્રવૃત્તિઓ કરતી આ નોંધપાત્ર સંસ્થા છે. વિશેષ અગત્યનું તો એ છે કે તેમને 'શાશ્વત્ તત્ત્વજ્ઞાન'માં શ્રદ્ધા છે. આપણી સંભાવનાઓને પરિપૂર્ણ કરવા તેમ જ અંતિમ સુખ મેળવવા આધ્યાત્મિક જરૂરિયાતોનું પોષણ થવું જરૂરી છે, તેવું તેમનું કેન્દ્રગામી ધ્યેય રહ્યું છે.

આમ, આ ભાષણની તૈયારી કરવા માંડી ત્યારે મૂળમાં 'અધ્યાત્મ' શું છે તેની તરતપાસ કરવાની મેં રાખી. આ વિષય વિશે વિચાર કરતો હતો, તેવાકમાં, "મેટ્રૉ" દૈનિકમાં, એક વાર, એક જાહેરખબર આવેલી, તે સાંભરી આવી :

આધ્યાત્મિક –

મિ. સાલેમ

પ્રણય તેમ જ સગપણ બાબતોના નિષ્ણાત. પ્રણય, લગ્ન, સગપણો, વેપારરોજગાર, ઈ. જેવી તમારી મુઝવણોમાં તમને સહાયક બની શકે તેવા અસલ આત્મવાદી.

ત્રણ જ દિવસમાં પરિણામ

બધાં કામો પાર પડે તેની બાંયધરી !

લૉર્ડ નવનીત ધોળકિયા
ઑવ્ વૉલ્ધમ બ્રૂક્સ

આવતા મહિનાઓ દરમિયાન, સાર્વત્રિક ચૂંટણીઓ વેળા મતદાનમાં વિજયી બનવાની ઝંખના સેવતા બધા રાજકીય આગેવાનોને આ અપીલ કરશે તેની મને ખાતરી છે. પંરતુ મને આવી વિગતમાહિતીની શોધઝંખના નહોતી. જો કે આ પછી, મને સંતોષ વળે તેવો જવાબ લાધ્યો જ હતો.

ચિચેસ્ટરના બિશપ જ્યોર્જ બેલની પચાસમી વાર્ષિકી ટાંકણે, ઉમરાવ સભામાં, અબીહાલ એક પ્રદર્શન ભરાયું હતું. યુદ્ધના કાળાડિબાંગ દિવસોમાં નિતાંત માનવતા કાજે સતત ઝઝૂમનારા તરીકે તેમનું આદરપૂર્વકનું સ્મરણ થતું આવ્યું છે. યુદ્ધે ચડેલા દેશો વચ્ચે મનમેળ કરાવવા તેમ જ અરસપરસ મૈત્રીની ખિલવણી કરવાનાં કામોમાં એમણે મજબૂત અને નક્કર પગલાં ભરવાનાં રાખેલાં.

આ બિશપનું એક અવતરણ ટાંકવાની રજા લઉં છું :

'ચોમેર ઉત્સાહ પ્રસરાવવાનાં કામોમાં દેવળોએ પાયાનું કામ કરવાનું છે ... અલબત્ત, આજે જેવા દિવસો છે તેમાં જેને હચમચાવી શકાય નહીં તેવી બાબતો અંગે સ્થિર છે તે સૌએ એકબીજાને સહાયટેકો આપતા રહેવો જોઈએ.

'ન્યાય તથા સત્યમાં, દયાભાવ ને પ્રેમમાં, કળામાં તથા કવિતામાં તેમ જ સંગીતમાં માનનારાઓ માટે આ સહિયારી સપાટી બનવી જોઈએ. પોતાની માન્યતાઓની સામગ્રી અવિનાશી રહેવી જોઈએ.

'નૈતિક તથા આધ્યાત્મિક હકીકતોને ગણતરીમાં લેવા માટે શા માટે અશક્તિ દર્શાવાતી હશે ? આપણા ઉદ્દેશોને ઉત્તેજન આપવા માટેના આદર્શો, ભલા, શા માટે ભૂલાઈ જતા હશે ? '

ઈ.સ. ૧૯૪૦ના અરસામાં આ શબ્દો ઉચ્ચારાયા હતા. ત્યારે એ જેટલા સાચા હતા તેટલા જ એ આજે પણ સાચા છે.

ધર્મ, અધ્યાત્મ અને વર્ણ વચ્ચે અરસપરસ થતી અસરોમાંની એક સદંતર ભૂલાઈ ગઈ છે. બ્રિટિશ સમાજમાં લઘુમતી કોમો હળીભળી શકે તે માટે તત્કાલીન વડા પ્રધાન હેરલ્ડ વિલસને, સને ૧૯૬૫માં, તત્કાલીન આર્ચબિશપ ઑવ્ કેન્ટરબરી, ડૉ. માયકલ રામસેના વડપણ હેઠળ 'નેશનલ કમિટી ફૉર કૉમનવેલ્થ ઈમિગ્રન્ટ્સ'ની રચના કરી હતી. સારા વર્ણીય સંબંધો માટેનાં મોટા ભાગનાં કામોમાં આરંભે દેવળોએ બહુ મોટો ફાળો આપેલો છે. અને આજે પણ તેમની દેણગી સક્રિય રહી છે.

બ્રિટિશ ઓળખ અંગેના મૂલ્ય બાબત વિકાસના પરિબળોની આપણે ઝાઝી વિચારણાઓ કરી છે. પરંતુ બ્રિટિશ ઓળખ અંગે આધુનિક ઉદારમત ક્યાં સુધી પહોંચે છે ? માનવજાતિ સંબંધક, બહુસંસ્કૃતિવાદ, દેશાંતર (ઈમિગ્રેશન) અને ઈસ્લામ બાબતની જાહેર ચર્ચા વિશે, વળી, આપણો કેવોક રવૈયો રહે ?

તાજેતરમાં, બ્રિટનના એક રાષ્ટ્રીય દૈનિકે પોતાના વાચકોને એક સવાલ પૂછેલો : 'બ્રિટિશ હોવું એટલે શું ?' તેના જવાબમાં જે ઈ.મૈલ આવ્યા તે જોવા વાંચવાની મને તક સાંપડી હતી. સ્વિટ્ઝર્લેન્ડથી એક ઈ.મૈલ આવેલો તે મને બરાબર યાદ રહી ગયો છે :

'બેલ્જિયન બિયર પીવાને સારુ, આયરિશ પબ ભણી જર્મન વાહનમાં હંકારી જવું, અને પાછા ફરતાં, રસ્તામાંથી ઈન્ડિયન કરી બંધાવી લેવી અને ઘેર ખાતાં ખાતાં જપાની ટેલિવિઝન પરે અમેરિકન કાર્યક્રમ નિહાળવા એટલે બ્રિટિશ કહેવાઈએ. અને સૌથી વધુ બ્રિટિશ વસ્તુ, ભલા, કહી હશે ? જે કંઈ વિદેશી હોય તેને માટે શંકાકુશંકા કરતા રહેવી.'

આ દેશમાં, ઓળખ વિશે જે કંઈ ગૂંચવણભરી જાહેર ચર્ચા ચાલે છે તેનું આ ચિત્ર છે. વરસોથી આપણે વિધવિધ સમસમાયિકોમાં આ અંગે ચર્ચા થતી જોઈ છે. સંસદમાંના મારા એક સાથીદાર વિન્સ કેબલ આને 'ઓળખનું રાજકારણ' તરીકે જુએ છે.

વૈશ્વીકરણ, સત્તા-અધિકારની સોંપણી, શરણાર્થી અને દેશાંતર વિષયક બાબતો, એક તરફે ધર્મપાલન વિશે ઘટાડો અનુભવવો – એક સંશોધનનું તારણ આવું રહ્યું હતું : સને ૧૯૬૪માં એક લોકમતમાં ૭૪% લોકોએ જણાવેલું કે તેઓ ધર્મના કોઈ એક જૂથ સાથે સંકળાયેલાં છે અને નિયમિતપણે ધર્મસ્થાનકોમાં

જતાં હોય છે. જ્યારે ઇ.સ. ૨૦૦૫માં આવી તરતપાસમાં ૩૨% ટકા જ લોકો આ વર્ગજૂથમાં આવેલાં. અને બીજી બાજુ, ઈસાઈ, મુસ્લિમ, યહૂદી કે બીજા કોઈ પણ પ્રકારનો આત્યંતિક રૂઢિવાદ ફેલાઈ રહ્યો છે તે વિશેની આપણી ચિંતામાં ખૂબ વધારો થયો છે.

સાંપ્રત બ્રિટનમાં, 'ડાબેરી' અને 'જમણેરી' જેવા જેવા જૂના રાજકીય સમીકરણો હવે ઝાઝા સ્પષ્ટ રહ્યાં નથી. આજકાલ, વળી, રાજકારણીઓ ગુનાઓને ઝબ્બે કરવામાં કોણ સરસાઈ મેળવે છે તેની હોડમાં સતત રહે છે. બીજી તરફ, 'કોમી સંયોગ' (કમ્યુનિટી કહિસન)ના વિચાર પ્રચારમાં પણ તે સતત ઓતપ્રોત રહેલા દેખાય છે. આ વિચાર બાબત જો કે દૂરંદેશપણે કંઈ ઝાઝું વિચારાયું હોય તેમ મને લાગ્યું જ નથી. પેલી ખડખડ વહેતી મોટી નદી ઓચિંતાની ક્યાંક રેતીના રણમાં અલોપ થઈ જાય તેવી તેની હાલત છે.

અને હવે 'ઇંગ્લિશ' કે પછી 'બ્રિટિશ' અંગે 'સહિયારાં મૂલ્યો'(શેર્ડ વેલ્યુસ)ની તપાસની વાત ચલણમાં છે. પાંચમા દાયકાની શરૂઆતમાં હું બ્રિટન એકલો ભણવાને આવ્યો હતો. મને બ્રાયટનમાંના મારા આરંભના એ દિવસો બરાબર સાંભરે છે. 'વિકર ઑવ્ ડિબ્લી'નાં મુખ્ય પાત્રની જગ્યાએ એવું જ કોઈ પુરુષ પાત્ર હોય તેવા અમારા એક સ્થાનિક પાદરીને મારા પર દયા આવી હશે. એક વાર, મને ટીકી ટીકી ને જોતા રહ્યા અને પછી તેમણે મને પૂછી પાડ્યું : 'દીકરા, તું કેથલિક છો કે પછી પ્રોટેસ્ટન્ટ છો ?' મેં વળતા સામે જોયું અને પછી બોલ્યો : 'ફાધર, આ ઇમિગ્રાન્ટ છું એ ય ભારે પડે છે, ત્યાં એ બેમાંની ક્યાં પંચાત કરું ?'

(સદ્દભાવ : "ઇન્ડિયન એક્સપ્રેસ", ૧૭ નવેમ્બર ૨૦૦૮)

આજની ભરતીજુવાળ તેમ જ બદલાવની પરિસ્થિતિમાં, રાષ્ટ્રીય ઓળખ અંગે સહિયારી કોઈ સમજણ હોવી જોઈએની ઘણાંને દલીલ કરતા ભાળ્યા છે. અને જો આ ખરું હોય, તો આપણે આ વિવિધતા, ખુલ્લાપણાં અને બહુત્વવાદની માન્યતાઓ અને તેનાં આચરણ વચ્ચે તેનો કેમ મેળ પાડશું ? આ સહિયારી ઓળખના ધારી લીધેલા વિચારો અંગે સર્વસંમતિ સાધી શકાય તે પછી પણ, તેની જગ્યાએ વ્યક્તિગત ઓળખ, બહુત્વવાદ તેમ જ ખરા અર્થવાળા બહુસાંસ્કૃતિવાદનો પ્રસાર પ્રચાર કરવો વિશેષ આવશ્યક છે.

હવે આ ભેળસેળમાં, ઈરાકમાંનું યુદ્ધ અને તેને પગલે પગલે થયેલી આતંકવાદની વૃદ્ધિ તેમ જ 'બહુસાંસ્કૃતિકવાદના મરણ'ની વાયકાને લઈએ તો, 'ઇક્વાલિટી ઍન્ડ હ્યુમન રાઇટ્સ કમિશન'ના ટ્રેવર ફિલિપ્સના માનવા અનુસાર, કેટલીક કોમોમાં સંકીર્ણ વાડાઓ તથા અલાયદાપણું ઊભું થાય.

કેટલીક વખત તો એવું લાગે છે કે ગોરડન બ્રાઉન, ગિડન્સ તેમ જ બીજા વાટે જેની સતત વાતો થતી રહી છે તે સહિયારાં મૂલ્યો અને 'નાગરિકત્વ' અંગેના વિચારો હવે બ્રિટનમાં મુસ્લિમ કોમ વિશેના 'કોયડાઓ' વિશે શું કરવું તેના ચર્ચા સારુ સ્વીકૃત ભાષામાં મહોરાં બની ગયાં છે.

"ગાર્ડિયન"માં તાજેતરમાં લખતાં, જૉનથન ફ્રીડલૅન્ડે નોંધ્યું છે તેમ, 'રાજકારણીઓએ તથા પ્રચારમાધ્યમોએ બંનેએ જાણે કે એક, નાનાં લઘુમતી જૂથ અંગે એક જાતના વાતોન્માદક ઢોલ પીટવામાં સતત સમય વિતાવ્યે જ રાખ્યો છે. આપણાં રાષ્ટ્રીય જનજીવન સામે આ એક માત્ર સૌથી મોટો કોયડો હોય તેમ, પહેલવહેલાં, તેમને અણિયાળા ગોદા માર્યા કર્યા અને પછી તેમને લપેટીને પીટવામાં તે સૌ રત રહ્યાં છે.'

આમ, લેબર તથા કન્સર્વેટિવ આગેવાનોની જીભ પણ તરફદારી કરવામાં સૂકાતી નથી તે ઓળખની બાબત વિશે શાંત ચિત્તે તર્કબદ્ધ દલીલ કરવાનું આજના સમયે મુશ્કેલ બનવાનું છે. અને આમ અહીં ઓળખ અંગે જ ગૂંચવણ નથી, પરંતુ જે કંઈ વાતચીત કરીએ છીએ તેનો શો ધ્વનિ છે તેમાં ય સ્પષ્ટતા નથી. અને આ ચરુમાં વર્ણ, ધર્મ, ઓળખ, તથા જેની સાચીખોટી વ્યાખ્યાઓ જોડવામાં આવી છે તે બહુસાંસ્કૃતિકવાદનો જાણે કે જબ્બર ખીચડો પકાવાયો છે.

અને આપણને આનો એક વરવો દાખલો ય જોવાનો આવ્યો છે : લેન્કશરના "ઇવનીંગ ટેલિગ્રાફ"માં, સાંસદ જેક સ્ટ્રૉએ, તાજેતરમાં, જે લખાણ કર્યું તે તમને વિદિત હશે. તે લખતા હતા : કેટલીક મુસ્લિમ મહિલાઓ બુરખો પહેરે છે તેથી 'દેખીતી રીતે વિખૂટાપણાંનું તેમ જ અલાયદાપણાનું' ચિત્ર ખડું થાય છે.

લોકશાહીમાં આવી બાબત વિશે જાહેરમાં તંદુરસ્ત ચર્ચાવિચારણા થાય તે બહુ જરૂરી વાત છે. એમ છતાં, કોઈ એક વ્યક્તિ કે જૂથની ઓળખ બીજા લોકોની જિંદગી અને આઝાદી છીનવી લેતું હોય ત્યારે તેને પડકારવાનું રાખવું જરૂરી બને છે. પરંતુ થોડાક ધીરા પડીએ અને વિચારીએ કે અલ્પ સંખ્યાની મુસ્લિમ મહિલાઓ બુરખો પહેરતી હોય તો તેથી કોમ કોમ માંહેની સંવાદિતાને ક્યાં અસર પહોંચે છે ? સમાજમાં ભાવાત્મક એકતા લાવવામાં તેથી ક્યાં અડચણો આવે છે ?

ચાલો, થોડાક પાછા હટી જઈ વિચારીએ. ઇ.સ. ૧૯૭૬માં 'વર્ણીય સંબંધક ધારો' (રેઇસ રિલેશન્સ એક્ટ) અસ્તિત્વમાં આવ્યો અને પરિણામે 'વર્ણીય સમતા પંચ' (કમિશન ફૉર રેશિયલ ઇક્વાલિટી)ની રચના કરવામાં આવી, તેને હવે ત્રીસેક વરસ ઉપર થયાં છે. ગઈ સાલ આપણે વળી બીજી પણ ઉજવણી કરેલી. બ્રિટિશ સામ્રાજ્યમાં 'ગુલામ - વેપાર પ્રતિબંધક ધારો' સને ૧૮૦૭માં પસાર કરવામાં આવેલો તેની બીજી શતાબ્દીની તે ઉજવણી હતી. બધા નાગરિકો માટે એક સમાન તક બાબતનું તથા બીજુંત્રીજું તંત્ર ઊભું કરવા વિશે વર્ણ, પંગુતા, જાતિ, વય, માન્યતા અને જાતીય પૂર્વાભૂમિકતા વિષયક વિવિધ કાયદાઓ ઘડવામાં બ્રિટન સ્વાભાવિક આગલી હરોળમાં જ રહ્યું છે. પરિણામે, જુદાં જુદાં જૂથો વચ્ચે સારા સંબંધો બંધાય તેને ઉત્તેજન આપવાના મુદ્દાઓ પર વિશેષ ભાર અપાયો છે. (આ તકે તે યાદ રાખવું જ રહ્યું કે વર્ણીય સંબંધક ધારાઓ બાબત જે ચેતના આવી છે તેના પાયામાં મહદ્ અંશે સ્ટીવન લૉરેન્સના પરિવારજનોની મહેનત દેખાઈ છે.) એમ છતાં, સર્વસામન્ય ઓળખ બાબત સમાજનું ઘડતર થઈ શક્યું છે કે નહીં તે બાબતની ગૂંચવણ તો ઊભી જ છે.

આ ગૂંચને ઉકેલવા માટે વિવિધ લઘુવંશીય બ્રિટનની સાંપ્રત પરિસ્થિતિનું પૃથક્કરણ કરવું જરૂરી લેખાય. બધી જ કોમોમાં બદલાવ અંગે જે તાણાવાણા ઊભા થયા છે તેને ચકાસવાની આપણી ફરજ બને છે. વળી યુદ્ધ પછીના સમયગાળા દરમિયાન, દેશાંતર અંગેની જે પ્રક્રિયાઓ જોવા મળી છે તેને તેમ જ બધા રાષ્ટ્રોના ભૌગોલિક સીમાડાઓ ભેદીને ચોમેર ફરી વળેલા વૈશ્વીકરણ બાબતને પણ ધ્યાનમાં લેવી જ રહે. કમભાગ્યે, બહુસાંસ્કૃતિકવાદ અને 'બ્રિટિશપણાં' (બ્રિટિશનેસ) અંગેની બધી જાહેર ચર્ચાઓ ભારે છીછરી પરિપાટીએથી જ થવા પામી છે. 'ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ રેઇસ રિલેશન્સ'ના શિવાનંદને વિવરણ કર્યું છે તેમ, 'બહુસાંસ્કૃતિકવાદને હોળીનું નાળિયેર' જ બનાવાયું છે : ભાવાત્મક એકતાને ઠેકાણે, બહુસાંસ્કૃતિકવાદને ઘસીને દૂર હડસેલી, સ્વાંગીકરણના (ઍસિમિલેશન) માર્ગ પર ધસમસી જવાયું છે. ઘણાં બધાં કહી શકશે કે આ વિશે લગીર સ્પષ્ટ વ્યાખ્યા બાંધવા તેમ જ તેને ફળીભૂત કરવા ક્યારે ય પ્રયાસ થયો જ નથી. આ અંગે પારેખ અહેવાલ કહે છે, તે જોઈએ : 'રાષ્ટ્ર બનાવી શકાય તેને સારુ બહુસંસ્કૃતિ બાબત વિશેના વચનો ઠાલા પોકળ સાબિત રહ્યા છે.'

બહુસાંસ્કૃતિકવાદ એટલે અલાયદાપણાં વિશે સહિષ્ણુતા રાખવા જેવા સરસ દેખાતા ઉપલકિયા અર્થથી કંઈક વધારે હોવું જરૂરી છે. આવા નિષ્ક્રિય વલણને કારણે જુદી જુદી કોમોમાં જુદા જુદા હિતોની અગત્ય પેદા થઈ છે જેને લીધે અરસપરસ સંઘર્ષમાં આવવું પડતું ય હોય. ખરો બહુસાંસ્કૃતિવાદ તો અગ્રલક્ષી હોય, અને સરકારી સ્તરે કે પછી વ્યક્તિગત સ્તરે, આપણે જે કંઈ કરતા હોઈએ તે

દરેકમાં સમાનતા અને વિવિધતા જ ભરી પડી હોય. રંગભેદ તથા ભેદભાવનો સામનો કરવા માટે સવિશેષ અગ્રલક્ષી બનવું પડે, એટલે કે સામાજિક, આર્થિક અને મુલકી આદાનપ્રદાનના વ્યવહારો બાબત સમાજમાં જે કંઈ અસમાનતા હોય તેને દૂર કરવા સતત મથવું જ જોઈએ. વિવિધ સંસ્કૃતિઓ અને વિભિન્નતાઓને આદરપૂર્વક સન્માનતા રહી (એટલે કે ફક્ત સહિષ્ણુ બનીને જ નહીં) તે દરેકના ફાળાની વિધેયક કદરવાળી નોંધ લેવી જોઈએ.

તે વિચાર આટલો તો સ્વીકાર કરે જ છે, 'નાગરિકોનો તેમ જ અનેક સમાજોમાંથી એક સમાજ' (પારેખ અહેવાલ અનુસાર) બનેલો આપણો સમાજ છે, વિશાળ સમાજના અધિકારોની ને બીજા કોઈ એક જૂથના અધિકારો વચ્ચે સમતુલા આણી શકાય છે તેની સગવડ આ માનવ અધિકારોનાં માળખાંમાં રહી છે.

સમાનતાલક્ષી કાયદાકાનૂનોમાં વર્ણ, જાતિ અને પંગુતાને આવરી લેવાયાં છે તેથી વિવિધ જૂથો વચ્ચેના સારા સંબંધો કેળવવામાં સહાય સાંપડી છે અને તેનો મને રાજીપો છે. બહુસાંસ્કૃતિકવાદનો ખાતમો થયો છે તેવા ગપગોળા હવામાં ઓગળી ગયા છે તેવી આશા હવે મારામાં બંધાઈ છે. પરંતુ હવે ગૂંચવણ ભરી જાહેર ચર્ચાવિચારણાના તખ્તા પરે આપણે ગોઠવાઈ ગયા છીએ.

છેલ્લાં ૫૦ વર્ષો દરમિયાન, એક પછી સરકારે દેશાંતર અંગે નીતિરીતિ ઘડવામાં ફાળો આપ્યો છે. 'ઈમિગ્રાન્ટો' બાબત કાયદાકાનૂન ઘડી શકાય અને જરૂરી શાસકીય રીતરસમો ઊભી કરવા અંગેની તરતપાસ કરવા સારુ, ૧૯૫૦માં, લેબર સરકારે વિધવિધ ખાતાઓને સાંકળતી એક સમિતિની રચના કરી હતી. યુનાઈટેડ કિંગ્ડમમાં દાખલ થતા લોકો વિશેના આંકડાઓમાં પ્રધાનો રોકાયેલા રહેતા હતા અને નવા આગંતૂકોની કલ્યાણ અને ભાવાત્મક એકતા વિશેની બાબતની કોઈ ચર્ચા જ થતી નહોતી. હકીકતમાં, મુખ્ય સિદ્ધાંતે એવું સૂચન કર્યું હતું કે 'દેખીતી રીતે રંગ નક્કી કરવા માટેની કસોટી પક્ષપાતી જે ભેદભાવવાળી ગણાશે. તેથી દત્તક લેવા માટે તે અશક્ય લેખાશે.

'છતાં પણ, બ્રિટિશ રૈયતને આ દેશમાં મુક્તપણે દાખલ થવા માટેનાં બંધનો માટે વપરાતાં અંકુશો સામાન્ય રીતે રંગીન લોકો માટે જ વાપરવામાં આવશે.'

રંગ પર આધારિત અંકુશ માટેની રીતિનીતિ બાબત આ માર્ગ અખત્યાર કરવામાં આવેલો. સન ૧૯૬૨ પછીના દરેક કાયદાકાનૂન આની ગવાહી પૂરશે.

આશરે ૫૦ વર્ષ પહેલાં, કેરિબિયન વિસ્તારમાંથી આવેલાં સેંકડો નરનારીઓની આશા અને સ્વપ્નાંઓ વહેતાં વહેતાં 'અમ્પાયર વિન્ડરશ' – નામની એક સ્ટીમર ટીલબરીની ગોદીમાં લાંગરી હતી. એ પહેલાં, આવી કોઈ જ બીજી ઘટના બની નહોતી. સામ્રાજ્યના હાંસિયા જેવા વિસ્તારમાંથી મહાનગરના કેન્દ્રમાં પોતાનું નવું જીવન બનાવવા લોકો આવ્યાં હોય તેની આ ઘટના હતી. આપણે એ સમયની મૂલવણી કરવી જરૂરી છે.

યુદ્ધને કારણે બ્રિટન પર સર્વનાશના ઓળા ઊતરી આવેલા હતા. પૂર્વ સંસ્થાનોમાં થઈ રહેલા ફેરફારોને કારણે તેમ જ ઘર આંગણે આવી રહેલા બદલાવને લીધે વૈશ્વિક સત્તા તરીકેનું સ્થાન ઘટી રહ્યું હતું. આખો મુલક જૂના વિચારોમાં અટવાઈ જઈ ખોવાઈ ગયો હતો. તદુપરાંત, રાષ્ટ્રસમૂહના દેશોની આઝાદીની બાબત પણ હતી. અને તેને લીધે માલિક-નોકરના આજ સુધી ભરપેટ માણેલા સંબંધો અંગેની બ્રિટિશ વલણનો પણ અંત દેખાતો હતો. પરિણામે આપણા વિશે નવી પરિપાટીએ બેસીને વિચારણા કરવાની જરૂરિયાત ઊભી થઈ હતી. આ પ્રક્રિયા હજુ ચાલુ રહેવા પામી છે. આથીસ્તો, આજની આ જાહેર ચર્ચા કંઈ આજની નથી.

દેશાંતર માટેની ખરી નીતિરીતિ બાબત તેમ જ નવા આવનારાંઓ માટે વસાહત મુદ્દે ઝાઝું વિચારાયું જ નહોતું. પ્રથમપહેલાં, આવનારાંઓ માટે સંસ્થાનવાદના વારસાને ખંખેરીને બ્રિટન કોઈક અસલ ઊકળતો ચરુ હોય તેમ કહેવાતા આશાવાદ વડે તે સૌનું સ્વાગત કરવામાં આવેલું.

રાષ્ટ્રસમૂહના નાગરિકો બ્રિટિશ રૈયત હતાં. એવી એક સામાન્ય માન્યતા પ્રવર્તતી હતી કે વર્ણીય, સાંસ્કૃતિક અને ધાર્મિક જૂથના સૌ કોઈ લોકો એક સરખાં આદર્શો, વલણો અને મૂલ્યોનાં એક પ્રજાજૂથ જેવા નવા અખંડમાં આત્મસાત્ થઈ જશે. નીતિઓના ઘડવૈયાઓએ ક્યારે ય વિચાર્યું નહોતું કે 'ઓળખ' એ મુદ્દો બની જશે. નવાં આગંતૂકો 'જેવો દેશ તેવો વેશ' કરીને સ્પષ્ટપણે ગોઠવાઈ જશે અને આત્મસાત્ થઈ જશે. જાતિવાદ તથા આર્થિક સીમાંતવાદની (માર્જિનલાયઝેશન) કેવી અસર હશે કે પછી લોકો નાગરિક બન્યાની લાગણીઓ વ્યક્ત કરવા સાથે પોતાને જેનું ગૌરવ છે, તેવા પોતાના સાંસ્કૃતિક વારસાનું જતન કરવાનું ગોઠવશે તેમ કોઈએ વિચાર્યું જ નહોતું.

પરંતુ હકીકત તદ્દન જુદી વસ્તુ હતી. એ આરંભના દિવસો દરમિયાન જે માન્યતાઓ બાંધી હતી તેને વ્યવહારમાં લાવી શકાઈ નથી. સન ૨૦૦૧ના ઉનાળા દરમિયાન, ગોરા અને એશિયાઈ યુવકો વચ્ચે ઉત્તર ઈંગ્લૅન્ડના ઑલ્ડમ, બર્નલી અને બ્રેડફર્ડમાં જે તોફાનો થયા હતા તેથી તેમ જ અંતિમ જમણેરીઓનું જે રીતે પુનરુત્થાન થતું હતું તેથી પણ દેખાયું જ છે કે આ પ્રક્રિયા સ્વાધીનગતિએ કે પછી અનિવાર્યપણે બનવાની નથી.

જે લોકોને યુરોપીય વડવાઓ હતા તેમને માટે સમાજનાં આર્થિક અને રાજકીય જનજીવનમાં આત્મસાત્ બનવાનું બહુધા સહેલું બન્યું છે. શ્યામ અને એશિયાઈ જૂથોએ મોટે ભાગે પોતાની ઓળખ જાળવી રાખી છે.

હવે આપણે જોયું છે કે સાંસ્કૃતિક બહુત્વવાદ (પ્લુરાલિઝમ) અસ્તિત્વમાં આવ્યું છે.

વ્યક્તિઓની ઓળખનાં પ્રદર્શનો આ બહુત્વવાદમાં પૂરવણીરૂપ બની ગયાં છે, તેવું આ પહેલાં બ્રિટનમાં બન્યું જ નહોતું. આનું સ્વાગત થવું જોઈએ. તેનું મૂલ્ય સમજાવું જોઈએ અને તેનો પ્રસારપ્રચાર થવો જોઈએ. અને ભય માટેના તે કારણો છે તેમ માનવું જ નહીં જોઈએ. અલયાદપણાંનાં અને સાંસ્કૃતિક બહુત્વવાદનાં મૂલ્યો સ્વીકારાય એ પ્રગતિશીલ ઉદારમતી અભિગમ છે.

'વિવિધ કોમોનો સમાજ'ની પ્રાપ્તિ તે આ મૂલ્યોનું પ્રતિબિંબ સાબિત થાય છે. આપણા માટે પ્રગતિશીલ ઉદારમતી ધ્યેય આંબવાને સારુ આ ગૌરવની ઘટના બનવી જોઈએ.

તદુપરાંત, વૈશ્વિક અર્થકારણના વૃદ્ધિ વિકાસ અંગે જે ફેરફારો બનતા રહે છે તેવા સમયગાળામાં દેશાંતરનું મહત્ત્વ વિશેષ બની રહે છે.

જેમ જેમ વૈશ્વિક અર્થતંત્ર વિકસતું જાય છે તેમ તેમ તેને શક્ય લાગે ત્યાં લોકોનાં કૌશલ પર મદાર રાખવાનો આવે છે. અને આ પ્રકારની પ્રક્રિયામાં એ જરૂરી બનવાનું છે કે આંતરરાષ્ટ્રીય દેશાંતર વ્યવસ્થાને કારણે બ્રિટનને મુખ્ય ફાયદો થાય તે જોવાનું રાખવું જરૂરી છે. તેમ છતાં, દેશાંતર અને તેને પરિણામે જે બહુત્વવાદ પેદા થયો છે તે બાબતનું સ્વાગત કરવાનાં આ કારણો છતાં, દેશાંતર જેવા ઊર્મિશીલ મુદ્દે, તેને લીધે 'બ્રિટિશપણાં' અંગેની થતી અસરો વિશે રાજકીય વાતાવરણમાં સતત ઉદ્વેગ અને ઉશ્કેરાટ જોવાનો સાંપડે છે.

આને સારુ ઓછાંમાં ઓછાં ચાર કારણો છે :

* એક, સંખ્યા વિશે અમર્યાદ ચર્ચા ચાલી છે - અને હવે પૂર્વ યુરોપના દેશોમાંથી 'બીજાં' (અધર્સ) આવી રહ્યાં તે વિશેની વાત ઉપડે છે. વળી, 'બનાવટી આશ્રયસ્થાન મેળવવા ઈચ્છુકો' (બોગસ અસાયલમ સીકર્સ) વિશે સમૂહ માધ્યમોમાં ગભરાટ જાગે છે.

* બે, આપણે આપણી રાષ્ટ્રીય સીમાઓ અંગે તેમ જ 'યુરોપ સરીખી લશ્કરી કિલ્લેબંધી' (ફોર્ટ્રેસ યુરોપ) માંહેની સીમાઓ બાબત ચિંતા કરીએ છીએ.

* ત્રણ, આંતરરાષ્ટ્રીય સમાજ માંહેની આપણી કામગીરી વિશે કેટલાક સવાલો છે ખરા - આપણું મોં યુરોપ ભણી ઠેરવાયું છે અથવા યુનાઈટેડ સ્ટેટ્સ તરફ, કે પછી બંને ભણી ?

* અને છેલ્લે, આપણી રાષ્ટ્રીય ઓળખ શી છે તે વિશે ચિંતાઓ કરીએ છીએ. અને પછી દેશાંતર બાબત આપણું ધ્યાન ઠેરવાય છે અને પછી આપણને લાગે છે કે તે મુદ્દે તો અસલામતી છે, માટે તે વિશે નાકાબંધી કરવી જોઈએ, વળી, આ એક ઓળખ હેઠળ કોણ કોણ સામેલ છે અને તે શી બલા છે, ઇ.ની ચિંતા જાગે છે.

આશરે ત્રીસેક વર્ષ પહેલાં ઈનોક પૉવેલે દેશાંતર બાબત તેમનું વિવાદાસ્પદ અને ભડકાવનારું નિવેદન આપ્યું હતું. ૧૯૬૮માં તેમણે આપેલા આ ભાષણમાંથી બે'ક અવતરણો ટાંકવાની રજા લઉં છું :

'મારી જેમ તમે ય સાંભળતા રહેતા હશો, તમારાં ગામોમાં, મારા ગામની પેઠે, વૂલ્વરહેમ્પટનમાં, સ્મેધવિકમાં, બર્મિંગમમાં, લોકો પોતાની સગી આંખે નિહાળતાં હશે અને પછી ગભરાતાં ય હશે; પોતાની જિંદગીમાં આ તે શો ફેરફાર આવી ગયો છે, કે પછી, જો તેઓ વૃદ્ધ થઈ ગયાં હોય તો તેમનાં બાળબચ્ચાંના સમયગાળામાં ય, તેમનાં ગામો અને શહેરો અને કસબાઓ જે એક દહાડો પોતીકાં લાગતાં હતાં હવે તે સઘળાં જાણે કે વિદેશી ભૂમિમાં ફેરફાઈ ગયાં ન હોય.'

'ઈંગ્લૅન્ડ તેમનો દેશ છે તેમ કહેવું બહુ સાચું નથી, જેમ કે, વેસ્ટ ઈન્ડિઝ અથવા પાકિસ્તાન કે પછી ભારત આપણા દેશ નથી તેમ. આવડી મોટી સંખ્યામાં તેઓ છે અને વળી, અહીં વસવાનાં ય છે.'

દેશાંતર બાબતની નીતિરીતિઓએ આપણા રાષ્ટ્રીય હિતની જાળવણી કરવી જોઈએ તેમ જ તેને સલામતી બક્ષવી જોઈએ, એમાં કોઈ બેમત હોઈ જ ન શકે. તે જ રીતે જગત આખામાં આટઆટલા જબ્બર ફેરફારો આવી રહ્યા છે ત્યારે કોઈ પણ સ્થિર રહી શકશે તેમ પણ બનવાનું નથી. ચાળીસ વર્ષથી દેશાંતર અંગેની નીતિરીતિઓ રાજકીય યુદ્ધમેદાન બની રહ્યાં છે. વર્ણીય સમતા પંચ માટે લફબરાં યુનિવર્સિટી દ્વારા બિલીંગ તેમ જ બીજાઓ કને એક સંશોધનકામ કરાવાયું છે. આ હેવાલ અનુસાર, '(છેલ્લી) ત્રણ ચૂંટણીઓ દરમિયાન વર્ણ, ધર્મ, આશ્રયસ્થાન તેમ જ દેશાંતર અંગેની સહિયારી બાબતોનું બહુ વજન રહેવા પામ્યું છે. પહેલાંની બે ચૂંટણીઓની સરખામણીએ, ૨૦૦૫ની ચૂંટણીઓ વેળા, દેશાંતર અંગેની બાબતોને સમૂહમાધ્યમોમાં ઝાઝેરું સ્થાન અપાયું છે.' ૨૦૦૫ના અરસામાં યુનાઈટેડ કિંગ્ડમનાં સમૂહ માધ્યમોમાં આ મુદ્દા વિશે જે કંઈ ચર્ચાવિચારણાઓ થઈ છે, તેનું ચોથું સ્થાન રહ્યું હતું.

એમ છતાં, વિધવિધ માનવ સમુદાયો અને બહુસાંસ્કૃતિકવાદ વિષયક બાબતોનો સામનો કરવાનો આવે છે ત્યારે આગેવાની હાંફળીફાંફળી થઈ જાય છે. એક બાજુ દેશાંતર બાબત, તેમ જ બીજી બાજુ, સામાજિક એકતા અને બહુત્વવાદી સમાજ અંગે રાજ્ય સ્તરે જાણે કે ગાંડપણનો ભાવ પ્રગટ થાય છે. સામૂહિક માધ્યમો વાટે ભડકાવાયેલી સમૂહ દેશાંતર અંગેનો ભય ઉદ્દીપન રાખવામાં જ જાણે કે દેશાંતર બાબતની નીતિરીતિને ઉપયોગમાં લેવામાં આવે છે. વસ્તીની બહુમતી પ્રજા વિવિધતાનું સ્વાગત કરે છે તેને ઠંડા પાડવાનું તે રાખે છે અને લઘુમતી કોમોને પછી એવો બિલ્લો લગાડવામાં આવે છે કે તે 'કોયડારૂપ' છે. તેમનાં કૌશલ અને અભિગમો ય આવકાર્ય નથી.

ઈ.સ. ૧૯૯૫ દરમિયાન, બહુસાંસ્કૃતિવાદની વિચારધારા માટે ટેકારૂપ સંખ્યાબંધ સર્વ સામાન્ય અભિપ્રાયો રજૂ કરવામાં આવેલા. એક અહેવાલ જણાવતો હતો, 'આ મુલકમાં રાષ્ટ્રસમૂહના દેશોમાંથી આવેલી વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક ભૂમિકાવાળી કુલ દસેક લાખ જેટલી વસ્તીને લીધે જ તેમના વસવાટના વિસ્તારોમાં સંખ્યાબંધ કોયડાઓથી વિવિધ સામાજિક તાણો ઊભી થઈ છે.'

યુનાઈટેડ કિંગ્ડમની સરકારને માટે લઘુમતી કોમોના અને યજમાન સમાજના સભ્યો વચ્ચે અધિકારો અને જવાબદારીઓ બાબત સમતુલા જાળવવાનું કામ મુશ્કેલ બની ગયું છે. આ પડકારને જાણે કે ઝીલવાનો હોય તેમ લઘુમતીઓએ આ પરિસ્થિતિમાં વિશેષપણે ગોઠવાવું જરૂરી છે, તેનાં ગાણાં ગાવામાંથી સરકાર ઊંચી આવતી જ નથી. નાગરિકત્વ તેમ જ 'બુરખા' બાબતની તાજેતરની જાહેર ચર્ચામાં જ આ સ્પષ્ટ છે.

કોઈક પ્રકારના આછાપાતળા બહુસાંસ્કૃતિવાદની પ્રાપ્તિ સારુ જે કંઈ પ્રગતિ સધાઈ છે, ત્યારે રાજકારણીઓ તે વિશે અશ્રદ્ધા સાથેનો લાભ ઊઠાવે છે, તેનો રંજ છે. સહિષ્ણુતા અંગેના આપણા ગૌરવ અને આપણા ભાતીગળ ઈતિહાસની પેલે પાર, અનેક કોમોથી બંધાયેલા બ્રિટિશ સમાજની વલણ સાથે ચેડા કરતાં કરતાં મોટા ભાગની બહુમતીની કાચીપાકી સમજણને રાજકારણીઓનું આ છાવરવું કઠે છે. કદાચ, આ વિશે પાયો પાકો કરવાની આવશ્યક્તા છે કે જેથી તે વિશેની જાહેર ચર્ચા વેળા સમૂહ માધ્યમો વાટે બહેકાવાયેલી વાતો અને તેને માટે બહુ ઝડપે આવતા રાજકીય નિવેદનોથી બળતામાં ઘી હોમાઈ ન જવાય.

પાળ માનીએ, ઈનોક પૉવેલના દિવસોથી આપણે બહુ ઝાઝા દૂર નીકળી ગયા છીએ, અને વળી, અંતિમ છેડાના જમણેરીઓની 'બ્રિટિશપણાં'ની વ્યાખ્યા - સમજણ બાબત તમામ રાજકીય પક્ષો વાટે કડક આલોચના કરવામાં આવતી રહે છે તથા સમાનતા જાળવવાની અને સહિષ્ણુ બનવાની દલીલ થયા કરે છે. આ બ્રિટિશપણાંના વિચારને જમણેરીઓના સંકજામાંથી છોડાવવો જરૂરી બને છે. પરંતુ તેમ કરવા સારુ પહેલવહેલા, દેખીતા અક્કડ દેખાવાને કારણે કેટલાંક જૂથોને ગણતરીની બહાર હડસેલી મૂકવાના ત્રાગડામાં સંડોવાઈ ન જવાય તે સારુ. ભેદભાવ દૂર કરવા જરૂરી છે અને સમાનતા આણવી આવશ્યક છે. નવાં દેશાંતરવાસીઓને (ઈમિગ્રન્ટ્સ) જણાવવામાં આવે છે તેમ, નાગરિકત્વ અંગેના બધા પ્રશ્નોના જવાબ આપવામાં તેમ જ આદેશ અપાયા છતાં તાજ પ્રત્યે વફાદારીના શપથ લેવામાં મુશ્કેલીઓનો સામનો કરતા ઘણા ગોરા બ્રિટિશ પ્રજાનનોનો તેમાં સમાવેશ હોઈ શકે છે. વળી હાંસિયામાં ધકેલી દેવાયા હોય તેવા અનેકોનો ય તેમાં સમાવેશ થતો હોય. તે જ રીતે રઝળપાટ પછી પણ, રોજગારી મેળવી નહીં શકનારા તથા પોતાની અવગણના થતી હોય તેવું જેમને લાગતું હોય, તેવાં અનેક ગોરા યુવકો પણ તેમાં આવી જતાં હોય.

બ્રિટિશપણાંની વ્યાખ્યા બાંધવામાં જ પૂરેપૂરો જવાબ આવી જવાનો નથી. ગોરી પ્રજા સમેતની બધી કોમોને જે કોઈ સામાજિક અને આર્થિક અસમાનતાઓ અડીનડી રહી છે તેને ઘટાડવાની વૃત્તિ વાટે અંતિમવાદી જમણેરીઓ કનેથી આ વિચારને છોડાવવાનું કામ સહેલું બનવાનું છે. આમ કરવાથી વિવિધ જૂથો વચ્ચે સાધનસામગ્રીઓ બાબત કોઈ જાતની સરસાઈનો ભાવ રહેવા પામશે નહીં.

ગોરડન બ્રાઉને, તાજેતરમાં, 'ફેબિયન સોસાયટી'ના ઉપક્રમે 'બ્રિટિશપણાંનું ભાવિ' વિષય પર જે પ્રવચન આપેલું, તેમ ઓળખો વિશે કોઈ પંડિતાઈ ભરી અને સવિશેષ શુષ્ક વ્યાખ્યાની શોધખોળ કરવી જરૂરી નથી, તેમ યાદ રાખવું અગત્યનું છે, કેમ કે આપણને સૌને વિભિન્ન ઓળખો છે. અમર્ત્ય સેને કહ્યું જ છે ને, 'ઓળખો તંદુરસ્ત બહુત્વવાદનાં દ્યોતક છે, અને કોઈ એક ઓળખની અગત્ય બીજા કોઈનાં મહત્ત્વને ભૂંસી નાખવામાં નથી.'

'બ્રિટિશપણાં'ના દાખલામાં, હવે, ૧૯૬૮ના અરસામાં યોજાયેલી ઑલિમ્પિક્સ રમતો ટાંકણે, તે દિવસોમાં, અમેરિકી સમાજમાં એક સમાન સભ્ય નાગરિક ન હોવાની લાગણી ધરાવતા ટૉમી સ્મિથ અને જ્હોન કારલોસે 'બ્લેક પાવર' સલામી આપી હતી તેની સંગાથે ૧૯૯૨ દરમિયાન લીનફર્ડ ક્રિસ્ટીએ 'યુનિયન જેક' ધ્વજ વડે વિભૂષિત, અને પછી, ૨૦૦૪ના સમયગાળામાં, મુષ્ટિયુદ્ધ કરનાર (બોક્સર) અમીર ખાને બ્રિટનના તથા પાકિસ્તાનના ધ્વજ વિભૂષિત કરેલા દૃશ્યો સરખાવવાં જેવાં છે. આમ જોઈએ તો આ (કદાચ ભાવનાપ્રધાન હોઈ શકે, તેમ છતાં) બહુ જ નાના અમથા દાખલાઓ છે. આપણમાં ઘણાંને જેનું ભારે મૂલ્ય છે તે આપણી બહુત્વવાદી ઓળખોના આ દાખલાઓ છે. આપણે સૌ બ્રિટિશ મૂલ્યોનું હાર્દ સરળતાથી ગોઠવી શકીએ તેવા કોઈ એક ચોકઠામાં સ્વાભાવિકપણે બેસી શકતા નથી. કોમી સંવાદની આપણને જે આકાંક્ષાઓ છે તેની જગ્યાએ 'બીજાંપણાં'(અધરનેસ)ની તેમ જ સામાજિક પ્રતિબંધો અંગે વ્યાખ્યા બાંધવા માટેનો આ માર્ગ છે. હું તો સ્પષ્ટપણે અલાયદો અને ધોરી માર્ગ જ પસંદ કરું. આંતરિક ક્ષેત્રે સર્વસમાવિષ્ટ વિચાર જે અપનાવે અને સાથેસાથે વિદેશ નીતિને ક્ષેત્રે જગતભરમાં અને ઘરઆંગણે ભય ફેલાવવાની જગ્યાએ સર્વસમાવિષ્ટ નીતિ અખત્યાર થાય તેની જ તરફેણ હું તો કરું. પરંતુ આ કરવું કઈ રીતે ?

છેલ્લા એકાદ દાયકા દરમિયાન, માનવ અધિકાર અંગે આપણે ત્યાં ધીમો પણ એક સરખો વિકાસ થયેલો આપણે જોયો છે. 'માનવ અધિકારો અંગેનાં યુરોપીય સંમેલનની ઘોષણા' (યુરોપિયન કન્વેનશન ઑવ્ હ્યુમન રાઈટ્સ)ને આપણા ૧૯૯૮ના માનવ અધિકાર ધારામાં સમાવી લેવામાં આવી છે. આ અધિકારોને નાગરિકપદ વિશે કેવી રીતે વ્યવહારમાં આણી શકાય ?

આપણી સ્વતંત્રતાઓને, યુનાઈટેડ કિંગ્ડમમાં, વ્યક્તિગત સ્વતંત્રતાઓ બાબત આપણા સમાજમાંના સામાન્ય સ્વીકૃત અભિપ્રાયોને સહાયક સંખ્યાબંધ રૂઢિપરંપરાઓ તથા પ્રણાલિકાગત પ્રવૃત્તિઓ વાટે સલામત

રાખી શકાશે, તેવી માન્યતા વધારે પડતા લાંબા સમયગાળાથી પ્રવર્તતી રહી હતી.

આપણે ત્યાં લિખિત બંધારણ નથી તેમ જ કાનૂની પ્રક્રિયામાં તથા દસ્તાવેજી પુરાવાઓની રજૂઆતોમાં કોઈ ઝાઝું માર્ગદર્શન પણ નથી.

આમ અહીં ભય ડોકાય છે :

'બહુસાંસ્કૃતિક સમાજમાં સમાન્ય મૂલ્યો બાબતનાં કોઈ ગૃહિતો ચાલે નહીં અને ચલાવી લેવાય પણ નહીં. પરિણામસ્વરૂપે, વિવિધ સાંસ્કૃતિક અને ઐતિહાસિક ભૂમિકાઓમાં, આપણે જીવન માટેનાં મૂલ્ય અને ઈરાદાઓ બાબત, આપણે કયા હેતુઓનું અનુસરણ કરવું જોઈએ, માબાપો અને બાળકો તથા સ્ત્રી અને પુરુષ વચ્ચે કેવું સગપણ બંધાવું જોઈએ તે વિશેના વિસંગત વિચારો ધરાવતા હોઈએ છીએ. આવા પ્રકૃતિજન્ય સર્વ સામાન્ય વિચારો બાબતની સુંવાળી માન્યતાઓમાં આપણી સ્વતંત્રતાઓ જળવાઈ રહેશે, તેમ માનવું જ નહીં.'

પરંતુ, માનવ અધિકારો સંબંધક કાયદાઓ ઘડવાનો આરંભ કરવાથી નવી વિભાવનાઓ પેદા થાય છે. બ્રિટન મહાવરાઓ, માન્યતાઓ, અને પરંપરાઓનો દેશ છે. હવે, ગ્રંથ, કાયદાકાનૂન તેમ જ બંધારણના દેશ તરીકેની મુઝવણો ભણી ધસી જતા મુલકનો તેને સામનો કરવાનો છે. ઉદાહરણ તરીકે, કોઈ એક વ્યક્તિ અને સભ્ય શાસન વચ્ચેની તકરારો અંગે ઉકેલ મેળવવા માનવ અધિકારો માટેના જગતભરના પ્રાંતીય અદાલતોનો આધાર જ રહે છે. સંસ્કૃતિઓ સ્થિર રહેવાને સર્જાઈ નથી. સમાજો ય બદલાતાં રહે છે. જાતિ, પેઢી પેઢીઓ, ધર્મ, ભાષા અને કોઈ એક કોમની વિશાળ સમાજ સાથેની સંબંધવ્યવસ્થા અંગે ઘર્ષણો જાગતા રહેતા હોય છે.

આ વિશે ગભરાટની કોઈ આવશ્યક્તા નથી. સંગીત, કળાઓ તેમ જ વેષભૂષાઓ બાબત મિશ્રણ થાય છે તેના આપણે સાક્ષી છીએ. નવી રચાનારી સંસ્કૃતિ અંગે આપણામાં સચેતન જાગૃતિ આવશે.

આમ આપણા બહુસાંસ્કૃતિક, બહુવર્ણીય તેમ જ બહુધર્મી સમાજ માટે ઉચિત રાજકીય ડહાપણ જગવવાની આવશ્યક્તા છે. ધર્મ અંગેની સાંકડી વિચારધારા (અને સાંપ્રત સમયની અસ્પષ્ટ, ઝાંખી) રાજકીય તથા સામાજિક ઓળખોને નબળી પાડી દે છે. વળી, કોમોની સુખાકારી માટેના સામાજિક તથા આર્થિક માળખાં ય હચમચાવી કાઢે છે. અમર્ત્ય સેને કહેલું જ ને : *'ધાર્મિક ઓળખોની જગ્યાએ, રાજકીય તથા સામાજિક ઓળખોની અગત્ય ઓછી કરવાને કારણે, શાસન નાગરિક સમાજને વિશેષપણે નબળું પાડે છે. હકીકતમાં આવા નાગરિક સમાજને જ મજબૂત કરવાની તાતી જરૂરિયાત છે.'*

વહેલા કે મોડા, બહુસાંસ્કૃતિવાદથી આપણી જાહેર ચર્ચા નાગરિકત્વ અંગે વિસ્તરવી જોઈશે. આવું પગલું ભરાશે ત્યારે હકીકતે બહુસાંસ્કૃતિવાદ અંગેની સુસ્પષ્ટ વ્યાખ્યા પણ અસ્તિત્વમાં આવશે. બ્રિટિશ નાગરિકત્વની તથા તેની સાથે જોડાયેલાં અધિકારો અને ફરજો બાબતની મહત્તાનાં જરૂર આપણે ગુણગાન ગાઈએ. આપણી લોકશાહી પ્રક્રિયામાં, જોડાજોડ એકતાવાળા સમાજની પૂરવણી કરતાં રહીએ, તો વિવિધ કોમોની સક્રિય સહભાગિતા પેદા કરી શકાય અને તેથી, વળી, લઘુવાંશિકપણાં બાબત તેમ જ બહુસાંસ્કૃતિકવાદ અંગે ઓછો વિવાદ પેદા થશે.

આપણા મુલકમાંથી આપણે શું મેળવીએ છીએ તેના કરતાં, હવે, આપણા મુલકને આપણે શું આપીએ છીએ તે ઓળખી કાઢવું જરૂરી બનવું જોઈએ. કોઈ પણ જાતના વર્ણીય ભેદભાવ વગર, સૌ અમનચમનમાં જીવન ગૂજારે, શિક્ષણ મેળવી શકે, રોજગારી મેળવી શકે તેમ જ પરિવારનો ઉછેર કરી શકે તેવી નાગરિકત્વની આ પ્રક્રિયા દરેકને માટે એક સરખી લાગુ પાડવી જોઈએ.

પરંતુ અંગ્રેજી ભાષાનું કૌશલ પ્રાપ્ત કરવા ઉપરાંત કંઈક વિશેષ નાગરિકત્વનો અર્થ છે. ભાવાત્મક એકતા પ્રાપ્ત સમાજના ઘડતર માટે સંચારવ્યવસ્થા અગત્યનો ફાળો આપે છે તે મુદ્દે કોઈને ય મતભેદ હોઈ ન શકે. પરંતુ નાગરિકત્વ તેથી કંઈક વધુ છે. તે સામાજિક કરારનામું છે અને સમગ્ર સમાજને તે એકસરખું લાગુ પડે છે. સામાજિક સ્તરે સર્વસમાવિષ્ટ નીતિ, સહિષ્ણુતા, સમતા અને માનવ અધિકારો સરખી રીતે નિખરી શકે તેવા વિવિધતાવાળા સમાજને ચરિતાર્થ કરવાનો તેનો ઈરાદો રહેલો છે. વળી નાગરિકત્વના અધિકારો તથા તેની ફરજો વચ્ચે સમતુલા જાળવવાનું પણ તેનું કર્તવ્ય બને છે.

વ્યક્તિઓને શાસકીય સલામતી, તેમની વિવિધતાવાળી સંસ્કૃતિ માટે આદરભાવ, તેમ જ તેમને સારુ વાણીસ્વાતંત્ર્ય જેવા નાગરિકત્વના અધિકારો પ્રાપ્ત થાય તે ય અગત્યનું છે. માનવ અધિકાર ધારામાં આ દરેકનો સમાવેશ થયો છે. આથીસ્તો, સરકારને કયા અધિકારો અનુકૂળ આવે છે તેની પસંદગી કરવાનો કે તેની પસંદગી નહીં કરવા બાબતનો અધિકાર રહેવો નહીં જોઈએ.

ચાલો, આપણે આ દલીલને તર્કની એરણે તપાસીએ; વ્યક્તિઓની જરૂરિયાતોથી તેમના નાગરિકત્વને ફારગત પણ કરી નહીં શકાય. સામાજિક કરારનામાંમાં પ્રતિષ્ઠિત જાહેર સેવાઓ તેમ જ જેમને અત્યાચારને કારણે ભય અડીનડી રહ્યો છે તેવાઓને અને જીર્ણ દુર્બળ તથા નબળા વર્ગને સારુ શિષ્ટ સામાજિક સહાયટેકો આપવા જરૂરી બને છે. સમાજને તંદુરસ્ત અને પ્રદૂષણ વિનાનું પરિસર મળે તેમ જોવું જોઈશે. ગુનાઓ સામે વ્યક્તિઓને સલામતી બક્ષવામાં આવી રહી હોય તેમ લાગતું હોય, તો સમાજમાં પીડા દમનમાં અને ભેદભાવપણામાં સહજપણે ઘટાડો નોંધાવાનો છે. આવું થાય તો તંદુરસ્ત અને પ્રતિષ્ઠિત સમાજ માટેનો તેમનામાં આદરભાવ જાગશે અને વધશે. અને આ જ રીતે સુસંબદ્ધતા (કહિસન) મેળવી શકાશે.

ગૃહ મંત્રાલયની, નાગરિક બાબતની, ૨૦૦૩ની તેમ જ ૨૦૦૫ની બંને મોજણીઓમાં આવું આવું કહેવામાં આવ્યું છે. અને આથીસ્તો, આપણે હજુ લાંબો પ્રવાસ કરવાનો રહે છે. જાહેર સ્તરના સંગઠનોમાં ગોરા જનસમાજની સરખામણીએ બીજા વર્ણોના લોકોને વધુ સહેવાનું થાય છે, તેવી લાગણી લઘુમતી સમાજમાં પ્રવર્તે છે. દેશાંતર (ઈમિગ્રેશન) સત્તાવાળાઓ, પોલીસ ખાતું, સ્થાનિક આવાસ યોજનાઓ માટેના વિભાગો, જેલ સેવાઓ તેમ જ લશ્કરી સેવાઓમાં ખાસ કરીને તેવી લાગણીઓ જોવાની સાંપડે છે. આથી, સમગ્ર સમાજને હાંસિયામાં ધકેલી મૂકાય તે જોવાનું જરૂરી બને છે. ગરીબાઈ હટાવવાની યોજનાઓ, બેકારી દૂર કરવા બાબતના કાર્યક્રમો તેમ જ સંસ્થાકીય ભેદભાવો નિર્મૂલન કરવાનાં પગલાં જો હાથ ન ધરાય તો સમાજ કોરાણે જઈ જ પડે. તદુપરાંત, દરેક વ્યક્તિ પોતાની ઓળખ અંગે કોઈ પણ જાતની વ્યાખ્યા બાંધતા બાંધતા સંપૂર્ણ સભાસદ બની રહે તેવી વિવિધતાનું મૂલ્ય સ્વીકારતો સમાજ પ્રસ્થાપિત કરવાનું ય પાછું ઠેલાતું જાય.

અને હવે આપણી સમક્ષ માળખું છે. બધા જ પ્રકારના મુલકી, રાજકીય, સામાજિક તથા આર્થિક તેમ જ સૌથી વધારે માનવ અધિકારોને આવરી લેતી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સાધનસામગ્રીઓ છે. આમ, સ્વાભાવિક, સમતુલા જાળવવા બાબતનો સવાલ સતત ઊભો રહેતો જ હોય : અને આ કંઈ નવી બાબત નથી. જીવન માટેના અધિકાર જેવા કેટલાક માનવ અધિકારો કેવળ સંપૂર્ણ છે, પરંતુ બીજા અધિકારોને - વ્યક્તિઓના, કોમો માટેના તેમ જ શાસન અંગેના - જરૂરિયાત અનુસાર વધુઓછા કરવાના આવે. દરેકને રાજી રાખવા વિશે સમતુલા જા ળવવાના કામ બાબત મુશ્કેલીઓ આવવાની છે તે મુદ્દાને હું નજર અંદાજ પણ કરતો નથી. બુરખા બાબતની ચર્ચા આ મુદ્દે સારો દાખલો બને છે. તેમ છતાં, એકબીજાના માનવ અધિકારો અંગે અરસપરસ આદરભાવ રહે તેથી એક આદર્શ માળખું ઊભું થઈ શકે છે. આ માળખામાં રહીને, આપણી વચ્ચે તાજેતરના મહિનાઓમાં આપણે અનુભવેલા ધડાકાપડાકાને ઠેકાણે રાષ્ટ્રીય સ્તરની સ્વસ્થ ચર્ચાવિચારણાઓ થાય, તે જરૂરી છે. અહીં રાજકારણીઓએ આગેવાની આપવાની તાતી આવશ્યકતા છે. તેમણે અગ્રલક્ષી પણ રહેવું જોઈશે. તેમણે સમૂહ માધ્યમોમાં જે ભય પેદા કરાઈ રહ્યો છે તે વિશેની ચર્ચામાં સપડાવું નહીં જોઈએ. કોઈ એક સમયે સૌથી ઊંચા અવાજે બૂમબરાડા પડાતા રહે છે તેને ય ધ્યાનમાં તેમણે લેવા નહીં જોઈએ.

સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના 'અલાયન્સ ઑવ્ સીવિલાયઝેશન્સ' (સભ્યતાઓનું મૈત્રી-જોડાણ) હેવાલમાં કહેવાયું છે તેમ,

'સતત ભેદભાવ, માનભંગ, અથવા

બ્રિટનના વિકાસની સાથે શેર-શાયરીની ધૂમ મચાવનાર વહોરા પટેલો

○ શીરીન મહેતા અને મકરંગ મહેતા

(ગતાંકથી ચાલુ)

(૧) અદમ ટંકારવી

નોંધ : બેડફર્ડ ખાતે મળેલી છઠ્ઠી 'ગુજરાતી ભાષા સાહિત્ય પરિષદ' ટાંકણે આદમે

હાંસિયામાં ફંગોળાઈ જવાની પરિસ્થિતિઓનો જે લોકો સામનો કરતા હોય તેવી લાગણીઓ અનુભવતા હોય તેઓ પોતાની ઓળખને વધુને વધુ આક્રમકપણે પ્રતિપાદિત કરતા રહે છે.'

સમાપન કરતી વેળા, મારે કહેવું જોઈએ કે વિચારમત અને સંશોધનોના બે પ્રકારના અહેવાલે મારું ખાસ ધ્યાન ખેંચ્યું છે. "ધ ગાર્ડિયન"માં પ્રગટ થયેલા એક મતવિચાર અનુસાર, ૫૭% લોકોનું માનવું છે કે મુસ્લિમોએ બ્રિટિશ સંસ્કૃતિના મુખ્યપ્રવાહમાં હળવાભળવા માટે વિશેષ કામગીરી કરવાની રહે છે. તે હેવાલ પ્રગટ થયો તેના એક અઠવાડિયા પછી, "ધ ગાર્ડિયને" યુનિવર્સિટી ઑવ્ લેન્કાસ્ટરે ગૃહ ખાતા માટે તૈયાર કરેલા એક સંશોધન તારણ બાબતના સમાચાર આપ્યા હતા.

પંદર વર્ષના યુવાનોમાં વંશ તથા ધર્મ બાબત કેવા કેવા વિચારો પ્રવર્તે છે તેની અહીં તરતપાસ કરવામાં આવી છે. મુસ્લિમ યુવાનોની સરખામણીએ ગોરા યુવકયુવતીઓને ભાવાત્મક એકતા માટે વિશેષ સવાલો છે, તેવું તેમનું તારણ રહ્યું છે.

ઈ.સ. ૨૦૦૨ દરમિયાન, 'મૉરી'ની (MORI) એક મોજણીમાં જણાવાયું છે, વંશીય સમતા અંગે દસ ટકા જેટલા ગોરા યુવાનોને વિરોધ છે. અને તેને કારણે ગેરી યંગે "ધ ગાર્ડિયન" આ મથાળા સાથે એક લેખ કરેલો, તે સાંભરી આવે છે : *'ગોરી પ્રજા બાબત, ચાલો, આપણે જાહેર અને પ્રામાણિક ચર્ચા માંડીએ.'*

ઓળખ, બ્રિટિશપણું તથા નાગરિકત્વ બાબત વિચાર કરવાના આપણા અભિગમમાં, ચાલો, હવે લઘુમતીઓ માટે મુશ્કેલીઓ ઊભી કરવાનું તો ટાળીએ અને જોડાજોડ બહુમતીઓ માટે નાગરિકત્વની જવાબદારીઓ બાબતની ચિંતા સેવતા થઈ જઈએ.

બીલીમોરિયા પરિવારે પણ કર્યું છે તેમ, ઝોરાસ્ટ્રી કોમના દાખલાઓમાં સાબિત થયું જ છે કે હજારો વર્ષથી ચાલી આવતી ઓળખો તથા સંસ્કૃતિઓની રસમો ઝાંખી પડી શકે તેમ નથી. આપણે જે મુલકમાં રહીએ છીએ ત્યાં વિશેષ વફાદારી સાથે આપણું જીવન વ્યતિત થાય તેમ કરવાનું થાય, તે વિશે, ચાલો, મજબૂતાઈએ મંડી પડીએ. ●

(લંડનસ્થિત 'નેહરુ કેન્દ્ર'ને ઉપક્રમે, ૨૩ ઑક્ટોબર ૨૦૦૮ના દિવસે, આપેલા મૂળ અંગ્રેજી પ્રવચન[Identity and Spirituality in Multicultural Society]નો ગુજરાતી અનુવાદ. અનુવાદક : વિપુલ કલ્યાણી)

[House of Lords, LONDON SW1A 0PW]

આ ચમકદાર ગઝલ રજૂ કરી હતી અને "ઓપિનિયન"ના જૂન, ૨૦૦૦ના અંકમાં પ્રગટ થઈ હતી.

બાગમાં ક્યાં હવે ફરે છે સનમ
વેબસાઈટ ઉપર મળે છે સનમ
ફ્લોપી ડિસ્ક જેવો આ ચહેરો તારો
અન્ય ઉપમા જ ક્યાં જડે છે સનમ
મેમરીમાં ય હું સચવાયો નહીં
તું મને શેઈપ ક્યાં કરે છે સનમ
ડબલ્યુ ડબલ્યુ ડબલ્યુની પાછળ
ડોટ થઈને તું ઝળહળે છે સનમ
આ હથેળીના બ્લેન્ક બૉર્ડ ઉપર
સ્પર્શની કી જ ક્યાં મળે છે સનમ
શી ખબર કઈ રીતે કી-કોડ કરું
સિલિકન ચીપ કશું કહે છે સનમ
ક્યાં છે રોમાંચ તારા અક્ષરનો
ફક્ત ઈ-મેઈલ મોકલે છે સનમ
દિલની ધડકન છે સોફ્ટવેર હવે
એને ગ્રાફિકમાં ચીતરે છે સનમ
લાગણી પ્રોગ્રેસ્ડ થઈ ગઈ છે
એન્ટર એક્ઝીટ બસ કરે છે સનમ
આંખ મારી આ થઈ ગઈ માઉસ
કિન્તુ વિન્ડો જ ક્યાં ખુલે છે સનમ.

(૨) સૂફી મનુબરી

નોંધ : બ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા પ્રસિદ્ધ "અસ્મિતા"ના ૧૯૮૭ના અંકમાં આ ગઝલ પ્રસિદ્ધ થઈ હતી.

બેડ ચાખીને તું સૂકો રોટલો ભૂલી ગયો
ચૂસતો'તો કેરીનો તું ગોટલો ભૂલી ગયો
પોચા પોચા બેડ પર આરામ લઈને તું હવે
તૂટેલો કાથીનો પેલો ખાટલો ભૂલી ગયો
સ્નાન કરવાનું મળ્યું ટબ-બાથમાં બેસી અહીં
એટલે તું ચોકડીનો પાટલો ભૂલી ગયો
ફ્રનસ નથી સળગાવવું પડતું અહીં એથી જ તો
ઘાસતેલ લેવા જવાનો બાટલો ભૂલી ગયો
સૂટ પહેરીને ફરે છે કેટલો ઊંચો અહીં
પહેરીને ફરતો હતો બૂટ ફાટલો ભૂલી ગયો
તું રમે છે આજ તો બીન્ગો કસીનોમાં રમત
કોડીએ રમતો હતો એ ઓટલો ભૂલી ગયો
ઈંગ્લૅન્ડની મેડમના ટૂંકા વાળ જોઈને 'સૂફી'
તું હવે તો બોલવાનું ચોટલો ભૂલી ગયો.

(૩) મહેક ટંકારવી

તું નથી જેને જુએ રોજ એ તું જાણી લે
આયનો તોડ, પ્રતિબિંબને પિછાણી લે
જોઈએ કોણ બચાવે છે બદનસીબીથી
નાવ પણ આપણી તો થઈ ગઈ છે કાણી લે
પ્રેમની ઓઢીને ચાદર બહાર નીકળી જા
બર્ફીલી સાંજની શીતળતાને ય માણી લે
આજ તક તો બધી દુનિયાની ખબર રાખી છે
બસ હવે તારી ખબર રાખ, ખુદને જાણી લે
કોઈનાં આંસુઓ એમાં જરૂર ટપક્યાં છે
થઈ ગયું ગામ કૂવાનું ય ખારું પાણી લે
અંતમાં હોઠ બધાના રહી ગયા પ્યાસા
જે હતું એ બધું તો ઝાંઝવાનું પાણી લે
આવે યમદૂત હુકમ લઈને એ પહેલાં જ 'મહેક'
આંખને બંધ કરી દે ને કફન તાણી લે.

(૪) સૂફી મનુબરી

જરૂરત હોય ના ત્યારે અમે મોઢું ફુલાવીશું
અમારે કામ જો પડશે તો પૂંછડી પટપટાવીશું
અમે મસ્જિદમાં જઈને પણ કદી સખણા નથી રહેતા
અમે હજમાં જઈને પણ ધમાચકડી મચાવીશું
કુસુમકાકી તો ઘરમાં બેસીને કેકર બનાવે છે
અમે તો ગોરીના પાસે 'સૂફી' પાપડ બનાવીશું.

૧૯૭૫ બાદ બ્રિટનના પટેલ સમાજમાં બે ફેરફાર થયા. આર્થિક દષ્ટિએ સ્થિર અને સધ્ધર થતાં પુરુષોએ તેમની પત્નીઓને બોલાવવી શરૂ કરી. જેમને બાળકો હતાં તે તેમની સાથે બાળબચ્ચાંને લઈ ગઈ. બાળકો ત્યાં ઉછરવા લાગ્યાં. વળી, ૧૯૮૦થી તો ઈંગ્લૅન્ડમાં જ જન્મેલી નવી પેઢીનો ફાલ શરૂ થયો. આ રીતે ડાયસ્પોરાનાં નવા પ્રવાહો શરૂ થયા.

ડાયસ્પોરાનો અદ્યતન તબક્કો :

આજ ઈંગ્લૅન્ડની શાળા કૉલેજોમાં ભણતાં પટેલ યુવક અને યુવતીઓને આદમ પટેલ, યાકૂબ પટેલ, મહેક ટંકારવી, સૂફી મનુબરી, અબ્દુલાહ પટેલ અને સિરાજ પટેલ જેવા પ્રથમ પેઢીના વસાહતીઓએ કરેલા સંઘર્ષો વિશે ખાસ માહિતી નથી. પરંતુ જો તેમણે સંઘર્ષો કરીને નવી દિશાઓ તરફ આંગળી ચીંધી ના હોત તો નવી પેઢી આત્મવિશ્વાસથી આગળ વધી ના હોત. જૂની પેઢીએ તેના સંતાનોને ખંતપૂર્વક શીખવ્યું છે કે 'દૂધમાં સાકર ઓગળી જાય તેમ તમારે પશ્ચિમના ધસમસતા પ્રવાહમાં તણાઈ જવાનું નથી. આપણો ધર્મ, આપણી માતૃભાષા અને આપણાં સંસ્કારો જાળવી રાખીને બ્રિટનના મુખ્ય પ્રવાહોમાં ભાગ લેવાની જરૂર છે.'

આ પ્રકારની શિખામણોની યુવા પેઢી ઉપર થોડીક અસર તો જરૂર પડી છે. પણ આ તો બ્રિટનનો ધસમસતો પ્રવાહ છે, અને નવી પેઢીના સ્ત્રી-પુરુષો ઈંગ્લૅન્ડમાં જન્મ્યાં અને ઉછર્યાં છે, તેથી બીજા ડાયસ્પોરિક ગુજરાતીઓની જેમ પટેલોમાં પણ આ સમસ્યા તો છે જ. 'દીની' અને 'દુન્યવી' તાલીમ વચ્ચે મેળ કેવી રીતે બેસાડવો તે

એક મોટો પ્રશ્ન છે. આદમ ઘોડીવાળા (ટંકારવી) જેવા બૌદ્ધિકોએ આ સમસ્યાને વાચા આપી છે. ૧૯૯૧માં ઈંગ્લૅન્ડમાં કાયમ માટે વસવાટ કરવા આવ્યા તે પહેલાં તેઓ વલ્લભ વિદ્યાનગરની પ્રખ્યાત સંસ્થા 'ઈન્સ્ટિટ્યૂટ ઑવ્ ઈંગ્લિશ'માં પ્રોફેસર હતા. વળી તેઓ બ્રિટનની શાળાઓમાં શિક્ષક તરીકેનો બહોળો અનુભવ અને પ્રતિષ્ઠા ધરાવે છે. તેમણે "ઓપિનિયન"ના ઑક્ટોબર, ૧૯૯૬ના અંકમાં 'સત્યાનાશ : ઈંગ્લૅન્ડની આંતરકથા' લેખ પ્રસિદ્ધ કર્યો. તેમાં તેમણે લખ્યું છે કે, બ્રિટનમાં વ્યક્તિ સ્વાતંત્ર્ય, શિસ્ત, સામાજિક સલામતી અને વૈભવ પુષ્કળ હોવા છતાં કુંવારી માતાઓ, લગ્નોત્તર સંબંધો, છૂટાછેડા, યુની-સેક્સ અને ડ્રગ્સની સમસ્યાઓ વધી છે. વળી જો તમે એવું કહો કે મને ઈશ્વરમાં શ્રદ્ધા છે તો તેને 'અંધશ્રદ્ધા' ગણીને હસી નાંખવામાં આવે છે. ત્યાં કુટુંબ ભાવના ઘસાઈ ગઈ હોવાથી વૃદ્ધજનોની સ્થિતિ દયાપાત્ર છે. સાધન સંપત્તિને જોરે વૃદ્ધો 'ઓલ્ડ હોમ્સ'માં રહે છે, પણ મહિનાઓ અને વર્ષો સુધી તેમનાં કુટુંબીજનો તેમની ખબર કાઢવા પણ જતા નથી. શું માનવને સ્નેહ અને હૂંફની જરૂર નથી ? પ્રોફેસર ઘોડીવાળાના શબ્દોમાં :

'બ્રિટિશ ગુજરાતીઓની હાલત કફોડી છે. નાગરિકતાની વાત નીકળે ત્યારે યુવાન એશિયનો જે તોરથી 'આઈ એમ બ્રિટિશ' કહે છે તે જોવા જેવો છે. હમણાં લંડનમાં 'ઇન્ડિયન મુસ્લિમ ફેડરેશન'ની રજત જયંતીનો સમારંભ હતો. બ્રિટન ખાતેના ભારતીય એલચી લક્ષ્મીમલ્લ સિંઘવી અધ્યક્ષપદે હતા. આરંભે 'સારે જહાઁ સે અચ્છા હિન્દોસ્તાઁ હમારા ... 'નું વૃંદગાન થયું. અહીં જન્મેલા બાળકો આ ગીતની પ્રેક્ટિસ કરતા હતા. ત્યારે એમણે પ્રેક્ટિસ કરાવનાર સજ્જનને પૂછ્યું કે, આનો શો અર્થ થાય ? આ ભાઈએ અંગ્રેજીમાં 'સારે જહાઁ'નું ભાષાંતર કરી સમજાવ્યું એટલે તરત આ બાળકોએ પૂછ્યું કે, 'ઈફ યોર કન્ટ્રી ઈઝ સો ગુડ, વોટ આર યુ ડુઈંગ હીઅર ?' કોણ, શું જવાબ આપે ? આવા પ્રસંગોએ મૂળ ભરૂચ જિલ્લાની મુસ્લિમ બહેનો અમારી ગુજરાતી બોલીમાં ચિડાઈને કહે છે કે, 'અંઈ છોકરો બઉ ફાટી ગ્યોં ચ.' વડીલોની કોઈ અપેક્ષા સંતોષવાનું ચિરંજીવીઓ માથે લેતા નથી. 'આઈમ નોટ હિયર ટુ લીવ અપ ટુ યોર એક્સપેક્ટેશન.' જેવી ગીત પંક્તિઓ ઝૂમીને ગાય છે. વડીલો આવા બેકાબૂ વલણથી ખિન્ન થાય તો ફરજંદ કહે કે, 'ધેટ ઈઝ હિઝ પ્રોબ્લેમ' ... બ્રિટનમાં બધે અનૈતિક્તા છે, અરાજકતા છે, પાપાચાર છે એવું સૂચવવાનો આ લખાણનો હેતુ નથી. પ્રશ્ન માત્ર એટલો જ છે કે વ્યકિત એટલી હદે અહમ્‌કેન્દ્રી થઈ છે કે તે સમાજ રચનામાંથી ખસી ગઈ છે.'

આવું દ્વિધાયુક્ત કહેનાર અને લખનાર માત્ર આદમ ઘોડીવાળા જ નથી. બ્રિટનના ભારે પ્રસંશક અને વિશ્વવિખ્યાત રાજ્યશાસ્ત્રી ભીખુ પારેખે પણ તેમની મૂંઝવણો વ્યક્ત કરી છે. તેમણે "ધ એશિયન એજ"ના ૨૩ ઑગસ્ટ, ૧૯૯૪ના અંકમાં, અંગ્રેજીમાં પ્રસિદ્ધ કરેલો લેખ "ઓપિનિયન"ના સૌ પ્રથમ અંક(૨૩.૦૪.૧૯૯૫)માં 'પથરાયેલા ઘરની દાસ્તાન' શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થયો હતો. તેમાં તેમણે લખ્યું છે કે તેઓ તો બ્રિટિશ વિચારસરણી અને જીવનપદ્ધતિથી સારી રીતે વાકેફ થયા પછી જ એ દેશમાં ગયા હતા. ભારતીય તેમ જ પશ્ચિમી મૂલ્યો તથા સંવેદનક્ષમતાની બે અલાયદી વિચારસરણીના પ્રતિનિધિ રહેલા ગાંધી અને નહેરુએ તેમના વિચારોને ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. પ્રોફેસર પારેખ ત્રણ દાયકાઓથી બ્રિટનમાં વસવાટ કરતા હોવા છતાં કેટલેક અંશે નહેરુની દ્વિધા અને વિચિત્રતા અનુભવે છે. તેમણે નીચેના શબ્દોમાં આત્મમંથન કર્યું છે :

'અંગ્રેજી માહોલમાં હું કદી ય પોતાપણું પામી શક્યો નથી. અંગ્રેજ માનસની જટિલતા ક્યારેક મને હાથ તાળી દઈને નાસી જતી દેખાય છે. ક્ષુદ્ર વાતો મને થકવે છે, કામવાસનાવાળી વક્રોક્તિ અને લોકરીતિ મારામાં કુતૂહલ જગવે છે. હજુ ય કેટલીકવાર સામાજિક અને લાગણીશીલ પરિસ્થિતિમાં ફેંકાઈ જતો અને ક્યારેક અણઘડ તથા અસ્વસ્થ હોવાનો અનુભવ કરું છું. ... પાછો વળીને હું વિચારું છું, ત્યારે મારામાં ભાત-ભાતના વિરોધાભાસોના ઝૂમખાઓ હું ભાળું છું. ભારત કરતાં બ્રિટનમાં મેં સવિશેષ વર્ષો કાઢ્યા છે અને વધારે કાઢવાનો છું. આમ છતાં, ભારતમાં સરખામણીએ હું વધારે હળવાશ અનુભવું છું.'

ભીખુભાઈએ ઉમેર્યું છે કે સંપૂર્ણપણે વિસામો મળે અને 'હા...શ' થાય તેવું 'મારે એક પણ ઘર નથી.' તેમ છતાં, કેટલાંક કારણોસર એમણે ભારત, બ્રિટન અને કેનેડાને 'પોતાના ઘરો' ગણ્યાં છે. આ તો એક મોટા ગજાના બૌદ્ધિકની દાસ્તાન છે. પણ સવાલ છે સામાન્ય માણસનો, બહુજન સમાજનો. બ્રિટનના 'જનરેશન ગેપ' જેવા વિષયો ઉપર કવિઓએ થોડા શબ્દોમાં ઘણું કહી દીધું છે; ગાગરમાં સાગર ભરી દીધો છે. જેમ કે સૂફી મનુબરીની નીચેની રચના :

યુકે.માં આ જોવા જેવી sight છે.
બાપ દીકરા વચ્ચે રોજ fight છે.
બાપ છે લેંઘાના જેવો ઢીલો
દીકરો જીન્સ જેવો tight છે.

અદમ ટંકારવી કહે છે :

અરધાપરધા શોપમાં રે' છે અરધાપરધા ઘરમાં
પટેલનું મન બીલ્લીમોરે, તન રે' છે લેસ્ટરમાં
છોકરાં જીવે એમની રીતે
ડાન્સ કરી લીવરપુલ જીતે
વાત કશી ના કાને ધરતાં
મનમાં જે આવે તે કરતાં
સલાહ શિખામણ ના સાંભળતા
'નો વે' બોલી છૂટી પડતાં
વિવેક વર્તન નામે શું બળ્યું ભણતરમાં
પટેલનું મન બીલ્લીમોરે, તન રે' છે લેસ્ટરમાં
પચ્ચીસ વરસે પાછળ જોયું
શું શું પામ્યા શું શું ખોયું
રાત પડે ને ઊંઘ ન આવે
ત્યાં બીલ્લીમોરા બોલાવે
પીઝા બર્ગર સ્હેજ ન ભાવે
બદામ પીસ્તા કેટલાં ચાવે
અહીં રહું કે દેશ હું જાઉં
બનું બ્રિટિશ કે ઈન્ડિયન થાઉં
પોપસોંગ કે ભજનો ગાઉં
સેન્ડવીચ કે ઢોકળાં ખાઉં
મનમાં સાલી ગાંઠ પડી છે
સતત to be or not to be છે.
એકલદોકલ એવું લાગે ધૂળ પડી જીવતરમાં
પટેલનું મન બીલ્લીમોરે, તન રે' છે લેસ્ટરમાં.

બ્રિટનમાં વસતા બાળકો ને કિશોરોને ગુજરાતી ભાષા લખવાના અને બોલવાના ફાંફાં પડે છે. તેની મૂંઝવણ તો સૌને છે અને વારંવાર એવા લેખો પ્રસિદ્ધ થાય છે કે જો ગુજરાતી ભાષા મરશે તો તેની સાથે ગુજરાત અને ભારતનાં સંસ્કાર પણ ખતમ થશે. પણ બ્રિટનમાં તો હવે બાળકો ગુજરાતી નહીં પણ 'બ્રિજરાતી' શીખે છે. અદમ ટંકારવીએ ટકોર કરી છે :

વેમ્બલીમાં લડખડે છે ગુર્જરી
હાય હેલો પણ કરે છે ગુર્જરી
બ્લેકબર્નમાં થરથરે છે ગુર્જરી
બર્ફમાં લપસી પડે છે ગુર્જરી
બોલ્ટનમાં જાણે બોમ્બે મિક્સ છે
ત્યાં પડીકામાં મળે છે ગુર્જરી
આંખ મીચી નર્મદાનું નામ લઈ
ટેમ્સમાં ડૂબી મરે છે ગુર્જરી

વિપુલ કલ્યાણીએ તેમના લેખ 'ચૌટામાં લુંટાણી મહારાણી ગુજરાતી વાણી' "ઓપિનિયન", સપ્ટેમ્બર ૧૯૯૮માં આ જ વાત છેડી છે. પરંતુ મુસીબત એ છે કે બ્રિટનમાં હવે સંનિષ્ઠ અને કુશળ શિક્ષકો મળતા નથી. શનિ-રવિએ કમ્યુનિટી ક્લાસોમાં બાળકો કક્કો બારાખડી શીખે છે. પણ યોગ્ય શિક્ષકો મળતા નથી. અદમ ટંકારવીની મનોવ્યથાને કોઈ 'વાંક દેખા'એ તેનું અસલી નામ છૂપાવીને 'મુને ટીચર રાખો જી !' શીર્ષક હેઠળ કટાક્ષ કાવ્ય "ઓપિનિયન"ના માર્ચ ૧૯૯૮ના અંકમાં પ્રગટ કર્યું છે અને વળી ઉમેર્યું છે, 'મીરાંબાઈની ક્ષમાયાચના સાથે'. કાવ્ય અફલાતૂન છે ! 'બ્રિજરાતી' તે આનું નામ !

મુને ટીચર રાખો જી !

ટીચર બનશું ટીચીંગ કરશું, કોક દી હોમવર્ક જોશું
બેબી સીટીંગના બાળકો આવશે, કક્કો તેમને ઘૂંટાવશું
દર શનિવારે થેલી ઉતારી, સીધા સ્કૂલે જાશું
રાઈટીંગ લખવા આપી દૈને, સ્વેટર મફ્લર ગૂંથશું
ગુજરાતી મારી મધરટંગ છે, એટલે નેટીવ સ્પીકર
સ્પેલીંગ બેલીંગ માર્યા ફરે ને, મરવું મળવું બરાબર

ક્વોલિફિકેશન્સ ? ગુજરાતીમાં ? સાહેબ, યુ આર જોકીંગ !

વોલંટરી હું. ટાઈમ ડીવોટ કરું,. એ જ ખરેખર સમથીંગ વ્હોટ આઈ વોન્ટ ઈઝ આપણી લેંગવેજ એ છે આપણું કલ્ચર

ન્યુ જનરેશનને ટીચ થાય માટે થાવું મારે ટીચર ! નૈ જો રાખો તો મારા પોતાના ક્લાસ કરીશ હું શરૂ સંચાલક થૈ રાખીશ બીજા મારા જેવા ટીચરું !

મદ્રેસા વિરુદ્ધ યુનિવર્સિટી :

આમ બધા ગુજરાતીઓની જેમ, વહોરા પટેલોની સમસ્યાઓ તો છે જ. પટેલોનાં બાળકો ઈસ્લામ ધર્મના તેમ જ કૌટુંબિક સંસ્કારો પ્રાપ્ત કરવા મદ્રેસાઓમાં જાય છે. અહીં બાળકો અને કિશોરોને પ્રશ્નો પૂછવાનો અવકાશ નથી. કારણ કે બધું જ્ઞાન પરંપરાગત આજ્ઞાઓને ધોરણે અપાય છે. પોષાક, વિચારો અને રહેણીકરણી જેવા વિષયો પરત્વે મૌલવીઓ સમજૂતી આપે છે. પરંતુ આ જ બાળકો યુવાવસ્થાએ પહોંચ્યા બાદ, જ્યારે હાઈ સ્કૂલો અને કૉલેજોમાં ભણવા જાય છે ત્યારે મદ્રેસાના શિક્ષણ કરતાં તદ્દન જુદી ઢબનું ભણે છે. કૉલેજો અને યુનિવર્સિટીઓમાં કોઈ 'ફાઈનલ ઑથોરિટી' હોતી નથી, કારણ કે ખુદ પ્રોફેસરો જ વિદ્યાર્થીઓને 'રીઝનીંગ' અને 'રેશનલ મૂલ્યો'ના ધોરણે શીખવે છે. પશ્ચિમ યુરોપે તો છેક ૧૫મા સૈકામાં 'રેનેસૉં' અને 'રિફોર્મેશન'નાં આંદોલનો દ્વારા સ્થાપિત સંસ્થાઓ અને મૂલ્યો સામે આંદોલનો કર્યા હતાં, પછી તે રાજાઓ હોય કે ધર્મગુરુઓ. આ નવાં મૂલ્યોને આધારે તે સમયથી યુનિવર્સિટીઓ સ્થપાઈ હતી અને ઉત્તરોત્તર વિકસતી રહી છે. તેને પરિણામે, સામાજિક અને આર્થિક પરિવર્તનની નવી દિશાઓ ખુલી છે. બીજ તરફ, પટેલો સ્થિતિચુસ્ત કે ધર્માન્ધ નથી. જેમ કે આદમ ઘોડીવાળાએ બ્રિટનના વૈભવ, જાનમાલની સહીસલામતી અને વિચાર સ્વાતંત્ર્યની પ્રસંશા કરી જ છે. આમ છતાં, અગાઉ દર્શાવ્યું છે તે મુજબ અન્ય મુસ્લિમોની જેમ તેમણે એક ગુજરાતી મુસલમાન તરીકેની ભાષાકીય તેમ જ વૈચારિક અસ્મિતાને જાળવી રાખીને આગળ ધપવાની વાત કરી છે.

આવાં વલણો માટે ઈસ્લામને અલગ પાડવાની જરા પણ જરૂર નથી. સ્વામીનારાયણ સંપ્રદાય સહિત બધા જ હિંદુ સંપ્રદાયોએ તેમનાં અસંખ્ય અનુયાયીઓને હિંદુ ધર્મ જા ળવી રાખવાની શિખામણો આપ્યા જ કરી છે, અને છેલ્લાં વીસેક વર્ષથી તો 'વિશ્વ હિન્દુ પરિષદ' અને આર.એસ.એસ. જેવી સંસ્થાઓ તેમ જ બી.જે.પી. દ્વારા હિન્દુત્વનો ફેલાવો થઈ રહ્યો છે. બ્રિટનનો ઉપકાર માનો કે તેણે ઉદાર દિલથી અનેક મતમતાંતર ધરાવતા હિંદુ, મુસલમાન, પારસી, શીખ, જૈન, યહૂદી અને આફ્રિકન - કેરિબિયન વસાહતીઓને વૈચારિક સ્વાતંત્ર્ય આપ્યું છે. બીજું કાંઈ નહીં તો પણ લૉર્ડ આદમ પટેલ ઑવ્ બ્લેકબર્ન અને લૉર્ડ ભીખુ પારેખ જેવા કર્મઠ બુદ્ધિજીવીઓનાં જીવન અને કવન દ્વારા આ મુદ્દાને સમર્થન મળે છે. ડાયસ્પોરામાં જેને રસ તેમ જ ફિકર છે તેને તો ભીખુ પારેખકૃત 'The Future of Multi-Ethnic Britain'નું અધ્યયન કર્યા વગર છૂટકો જ નથી. ભીખુભાઈ 'ધ રનીમીડ ટ્રસ્ટ : કમિશન ઑન ધ ફ્યુચર ઑવ્ મલ્ટી - એથ્નિક બ્રિટન'ના ચેરમેન હોવાથી આ ગ્રંથ 'ધ પારેખ રિપોર્ટ' તરીકે વિશ્વપ્રસિદ્ધ છે.

સુન્ની વહોરા પટેલોની એક મોટી સમસ્યા એ છે કે તેઓ ભારતના અન્ય મુસલમાનોની જેમ આંતરાષ્ટ્રીય આતંકવાદનો ભોગ બન્યા છે. બ્રિટનની સરકાર આતંકવાદના તાંડવથી એવી તો મૂંઝવણમાં મૂકાઈ છે કે તેણે સૌ મુસલમાનોને એકી લાકડીએ હાંકીને તેમની તમામ પ્રવૃત્તિઓ ઉપર ચાંપતી દેખરેખ રાખવાની વ્યવસ્થા ગોઠવી છે. પરંતુ પટેલો સહિત અનેક મૂળ ભારતીય બૌદ્ધિકોએ સંખ્યાબંધ લેખો દ્વારા ઘોષિત કર્યું છે કે 'અમે સૌ ભારતીય મૂળ ધરાવીએ છીએ અને અમે પાકિસ્તાનની જેમ મિલિટરી ડિક્ટેટરશિપના વાતાવરણમાં નહીં પણ ભારતના ડેમોક્રેટિક માહોલમાં જન્મ્યાં અને ઉછર્યાં છે.'

ગમે તેમ પણ હવે તો પટેલો દૂધ ફૂંકી ફૂંકીને પીએ છે. દાયકાઓ પહેલાં પ્રખ્યાત ઈતિહાસકાર પ્રોફેસર એસ.સી. મિશ્રાએ ૧૯૬૩માં, 'Muslim Communities in Gujarat' નામનો ગ્રંથ પ્રસિદ્ધ કર્યો હતો. તેમાં તેમણે પરિવર્તનની દૃષ્ટિએ 'indigenisation', 'westernisation' અને 'modernisation' જેવી વિચારધારાઓ વચ્ચેનાં આંતરસંબંધોની ચર્ચા કરી હતી. તે વખતે વૈશ્વિક સ્તરનો આતંકવાદ ન હતો, પણ હવેના માહોલમાં પટેલોએ એમની સૂઝ મુજબ ઈસ્લામિક મૂલ્યો અને આધુનિકીકરણ વચ્ચેનો તાલમેલ બેસાડવાના ભગીરથ પ્રયાસો શરૂ કરી દીધા છે. સૌથી વધારે વિકટ સમસ્યા એ છે કે એક તરફ પડદા, ડ્રેસકોડ, દાઢી, ગુજરાતીની સાથે ઉર્દૂ ભાષા ઉપર ભાર મૂકાય છે અને બીજી તરફ મુરબ્બીઓ પણ માને છે કે યુવાનો અને યુવતીઓને કૉલેજો અને યુનિવર્સિટીઓમાં ભણાવ્યા વગર છૂટકો જ નથી.

વહોરા પટેલોના સદ્દભાગ્યે જૂની અને નવી પેઢીને જોડતા સાંકળરૂપ અનેક બૌદ્ધિક કર્મશીલો બ્રિટનમાં કાર્યરત છે. બધા વિશે લખવા બેસીએ તો એક સ્વતંત્ર ગ્રંથ થઈ જાય. તેથી યુવા પેઢીના એક ઉત્તમ પ્રતિનિધિના દૃષ્ટાંત દ્વારા આ મુદ્દાની ચર્ચા કરીશું. તે છે ઈમ્તિયાઝ પટેલ. તેમને તેમ જ તેમની વયના અને બૌદ્ધિકોને અમે મળ્યા હતા અને કલાકો સુધી બે દિવસ ચર્ચાઓ કરી હતી. વળી, ઈમ્તિયાઝ પટેલની વિવિધ પ્રવૃત્તિઓ ઉપરાંત તેમનાં લખાણો પણ ઉપલબ્ધ છે. "ઓપિનિયન"ના માર્ચ ૨૦૦૬ના અંકમાં તેમની તેમ જ લૉર્ડ પટેલ ઑવ્ બ્લેકબર્નની કારકિર્દીની છણાવટ કરવામાં આવી છે. બ્રિટનમાં ઈમ્તિયાઝ પટેલ ને અન્ય યુવાનો-યુવતીઓનું જીવન ઘડતર કરવામાં લૉર્ડ પટેલે મોટો ભાગ ભજવ્યો છે.

ઈમ્તિયાઝ પટેલ :

ભરૂચ જિલ્લાના પરેડિયા ગામના વતની ઈમ્તિયાઝ પટેલનાં સંસ્કારનાં મૂળિયાં રોપનાર તેમનાં પિતા વલીભાઈ પટેલ અને માતા અમીનાબહેન હતાં. ત્યાર બાદ મિંયાગામ - કરજણ અને વડોદરામાં શિક્ષણ પ્રાપ્ત કર્યુઃ અને ૧૯૮૫માં ઈંગ્લૅન્ડ ગયા ત્યારથી બ્લેકબર્નમાં વસવાટ કરે છે. બ્લેકબર્ન કૉલેજમાંથી અંગ્રેજી, ગણિત અને કમ્પ્યૂટરનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. પ્રેસ્ટનથી તે સમયે પ્રકાશિત થતાં "નવયુગ" સામયિકમાં પત્રકાર અને સબ-એડિટર તરીકે કામ કર્યું. પોતાની કલમ અને કાબેલિયતથી બ્રિટનના પત્રકારી આલમમાં આગવી ઓળખ ઊભી કરી.

તેઓ ૧૯૮૯માં મ્યુઝિક આર્ટ ગેલેરીના સાઉથ એશિયન ગેલેરીના ડાયરેક્ટર તરીકે નિમાયા અને બ્રિટન ઉપરાંત ભારત, પાકિસ્તાન અને બાંગલાદેશમાં પ્રદર્શનો ગોઠવ્યાં. પણ આટલું માત્ર નહીં, તેમણે અમને કહ્યું હતું કે, લૉર્ડ આદમ પટેલની જેમ બ્રિટનના રાજકારણમાં સક્રિય ભાગ લઈને એ દેશના સર્વાંગી વિકાસ માટે સંનિષ્ઠ પ્રયાસો કરવાની જરૂર છે અને તેની સાથે પોતાની અને અન્ય એશિયન કોમોના ન્યાય અને અધિકારો માટે પણ બ્રિટનની સરકાર તથા ત્યાંની અંગ્રેજ પ્રજાને જાગૃત કરવાની જરૂર છે. તેમણે વિખ્યાત બ્રિટિશ હેરલ્ડ લાસ્કીનું એક વાક્ય ટાંક્યું હતું, 'Vigilance and eternal vigilance is the price that we pay for liberty and progress.' આવાં કારણોસર ઈમ્તિયાઝભાઈ દસ વર્ષ સુધી લેબર પક્ષના સભ્ય રહ્યા. તે દરમિયાન તેમણે તત્કાલીન હોમ સેક્રેટરી જેક સ્ટ્રૉ અને લૉર્ડ આદમ પટેલ જેવી પ્રતિભાઓ સાથે કામ કર્યું. ૨૦૦૦થી લેબર પક્ષમાંથી રાજીનામું આપીને લિબરલ ડેમોક્રેટિક પક્ષમાં જોડાયા. બ્રિટનની ૨૦૦૦ની રાષ્ટ્રીય ચૂંટણીમાં જેક સ્ટ્રૉ સામે ઈમ્તિયાઝ પટેલે લિબરલ ડેમોક્રેટિક પક્ષના ઉમેદવાર તરીકે ઊભા રહી લેબર પક્ષને હલબલાવી નાંખ્યો હતો.

ઈમ્તિયાઝભાઈનું કહેવું છે કે, 'એશિયનો અને એમાં ય મુસ્લિમ સમાજ જ્યાં જ્યાં વસે છે ત્યાં ત્યાં તેમને રાજકીય, આર્થિક, શૈક્ષણિક અને સામાજિક સધ્ધરતા પ્રાપ્ત કરવી જ પડશે. તેઓએ પોતાના પગ પર ઊભા રહી પ્રગતિ કરવી જ પડશે.'

તેઓ વર્ષોથી બ્રિટનમાં વસવાટ કરતા હોવા છતાં ભારત અને ગુજરાતને ભૂલ્યા નથી. ગુજરાતમાં ધરતીકંપ વખતે કચ્છ-ભૂજમાં ઈમ્તિયાઝભાઈએ 'મુસ્લિમ ગ્લોબલ' નામની યુનાઈટેડ કિંગ્ડમની ચેરિટી સંસ્થાની આગેવાની હેઠળ ૧૫ દિવસ ભૂકંપગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ, લગભગ ૧૫૦૦ કુટુંબોને મદદ કરેલી. તે સમયના મુખ્ય પ્રધાન કેશુભાઈ પટેલ સાથે તેમની છ વ્યક્તિઓની ટીમે, ત્યારે કામ કરી બ્રિટન અને ભારતમાં પ્રશંસા મેળવેલી. તેઓ વર્ષો સુધી કાઉન્ટી સ્તરના રાજકારણ સાથે કાઉન્સિલર તરીકે સક્રિય રહ્યા હતા. તેઓ 'એશિયન ન્યૂઝ એજન્સી', 'ઈન્ડિયા લીગ', 'ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ', 'યુનાઈટેડ કિંગ્ડમ ઉર્દૂ ઈન્સ્ટિટ્યૂટ', 'યુનાઈટેડ કિંગ્ડમ ઈન્ડિયન મુસ્લિમ કન્સલટેશન ફૉરમ', 'લેન્કશર કાઉન્સિલ ઑવ્ માસ્ક્સ', 'બ્લેકબર્ન વિથ ડાર્વેન રેશિયલ

ઈક્વાલિટી કાઉન્સિલ' વગેરે મોભાદાર અને મહત્ત્વની સંસ્થાઓના સભ્ય અને સલાહકાર તરીકે આજે સેવા પૂરી પાડે છે.

ઈમ્તિયાઝભાઈના એક ખાસ મિત્ર સુરતી સુન્ની વહોરા, સલીમ લોરગટ છે. બ્લેકબર્નમાં ૧૭.૦૯.૨૦૦૬ના રોજ તેમનો ઈન્ટરવ્યુ લીધો ત્યારે બંને ખીલી ઉઠ્યા હતા. ઈમ્તિયાઝ પટેલની અસર એટલી બધી કે સલીમભાઈએ તેમની લેબર પાર્ટી બદલી અને ૧૯૯૭માં લિબરલ ડેમોક્રેટિક પક્ષમાં તે જોડાયા. બંને મિત્રો તેમના વડીલરૂપ લૉર્ડ આદમ પટેલની જેમ સમાજવાદી વિચારસરણીથી પ્રભાવિત થયા છે. બંને કાઉન્સિલર રહી ચૂક્યા છે. સિવીલ લિબર્ટીની ઝુંબેશ બદલ તેઓ ઘણા જાણીતા થયા છે. તેમણે અમને કહ્યું :

અમે તો અગાઉ ગુજરાતમાં જ ઉછર્યા હતા. અમે ઈન્ડિયાના ડેમોક્રેટિક કલચરને આત્મસાત્ કર્યું હોવાથી પાકિસ્તાન, સાઉદી આરબ અને ઈરાક સાથે તાલુક રાખતા નથી. પણ હવે આતંકવાદ, અમારા જેવા લિબરલ મુસ્લિમો સામેનો રોષ અને વૈશ્વિકરણના પ્રવાહો એટલી હદ વકર્યા છે તે અમારા જેવા શાંતિપ્રિય વહોરા પટેલોને પણ ગુજરાતી - બ્રિટિશ આઈડેન્ટીટીનાં નવા પરિણામો શોધવા અજમાવવા પડે છે. અમારી પેઢી સુધી તો ઈન્ડિયન છાંટ ધરાવતો ઈસ્લામ શક્તિશાળી હતો. પણ હવે બ્રિટનમાં ઈસ્લામિક દેશોમાંથી આયાત થતા મેઈન સ્ટ્રીમ ઈસ્લામની અસર વધી છે અને તેની અસર યંગ જનરેશન પર પડતી જાય છે. બાળકો ગુજરાતી ભાષા ઉપરાંત મદ્રેસાઓમાં ઉર્દૂ અને અરબી ભાષાઓની પણ તાલીમ મેળવે છે. બીજી તરફ, હાઈ સ્કૂલ અને કૉલેજના શિક્ષણને પ્રતાપે મુસ્લિમ યુવાનો મૌલવીઓ અને વડીલોની ચીલાચાલુ વિચારસરણીનો વિરોધ કરે છે. બીજી ગુજરાતી જ્ઞાતિઓ અને કોમોની જેમ અમારે માટે પણ આ એક મોટી સમસ્યા છે.'

નવી પેઢીનાં સ્ત્રી-પુરુષોનું ગુજરાતી ઘસાતું જાય છે. આમ છતાં, તેમણે પોલિટેકનિકો તેમ જ યુનિવર્સિટીઓમાં ધંધાદારી શિક્ષણ પ્રાપ્ત કરીને ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ, બિઝનેસ એન્ડ ફિનાન્સ, બેંકીંગ, વકીલાત, શિક્ષક અને પ્રોફેસર, સોશિયલ વર્કર્સ, એન્જિનિયરીંગ અને ફાર્મસી જેવા ઉદ્યોગો ઉપરાંત સરકારી અને પ્રાયવેટ સંસ્થાઓમાં પ્રવેશ કર્યો છે. તેઓ ઘરમાં પોષાક ટ્રેડિશનલ - ગુજરાતી પહેરે છે અને કુટુંબના મુરબ્બીઓ સાથે ગુજરાતીમાં વાત કરે છે. પણ ઘરની બહાર તેમનો વ્યવહાર અંગ્રેજીમાં હોય છે. અણીશુદ્ધ અંગ્રેજી ઉચ્ચારો અને લઢણ અને વળી બ્રિટિશ વિચારસરણી અને એટીકેટથી ખાસ્સા માહિતગાર ! તેથી નવી પેઢીના પટેલો ખૂબ સ્વાભાવિક રીતે મેઈન સ્ટ્રીમ સોસાયટીમાં હળીભળી શકે છે. તેઓ બ્રિટિશ નાગરિક તરીકે સભાન છે. આમ છતાં, પટેલ યુવાનો બ્રિટનના સમાજમાં ઓગળી જવા નથી માંગતા કારણ કે તેઓ પોતાની ઈન્ડિયન, ગુજરાતી અને સુન્ની વહોરા પટેલ તરીકેની આઈડેન્ટીટીથી પણ સભાન છે.

તેનું એક સ્પષ્ટ ઉદાહરણ શમીમ આદમની મોજણી છે. બેડફર્ડમાં જ્યારે ગુજરાતી સાહિત્ય અકાદમીની છઠ્ઠી 'ભાષા-સાહિત્ય પરિષદ' ભરાઈ ત્યારે તેનાં ભાગરૂપે ૩૦ એપ્રિલ, ૨૦૦૦માં યોજાયેલ 'ગુજરાતી ડાયસ્પોરા અને યુવા પેઢી' વિષય પર કેયૂર ભટ્ટ, શમીમ આદમ, ઈમ્તિયાઝ પટેલ અને મીનળ માણેક જેવાં યુવા પેઢીનાં પ્રતિનિધિઓએ તેમનાં વક્તવ્યો રજૂ કર્યાં હતાં. શમીમે વહોરા પટેલોના સામાજિક માળખાંને આધારે બ્રિટનની જૂની અને નવી પેઢી વચ્ચે પ્રવર્તતા સંબંધો વિશેનો કેસ સ્ટડી રજૂ કર્યો હતો. તે અગાઉ તેમણે ૧૫થી ૨૦ વર્ષનાં વહોરા પટેલ યુવાનો અને યુવતીઓને પ્રશ્નાવલી આપી હતી અને પોતે પણ તેમને મળ્યાં હતાં. મોટા ભાગનાં યુવાનો અને યુવતીઓએ એવો અભિપ્રાય આપ્યો હતો કે તેમને બ્રિટનની શૈક્ષણિક તકો, વાણી સ્વાતંત્ર્ય, સ્ત્રી-પુરુષ સમાનતા, વંશીય સમાનતા અને સામાજિક સલામતી ખૂબ ગમે છે. તેની સાથે તેમણે એવો પ્રતિભાવ પણ આપ્યો હતો કે તેમને બ્રિટનમાં પ્રવર્તતાં નશીલા પદાર્થોનું સેવન, ધૂમ્રપાન, નાઈટ ક્લબીંગ, સ્ત્રી-પુરુષ વચ્ચેનો સ્વેચ્છાચાર અને રંગભેદની નીતિ પ્રત્યે ધિક્કાર છે. તેમણે એવું પણ ઉમેર્યું હતું કે અંતિમવાદીઓને કારણે તેમની સામે પણ રેશિયલ ઍબ્યૂઝ થાય છે. શમીમે જ્યારે તેમને પ્રશ્ન પૂછ્યો કે, તમે બ્રિટનના મુખ્ય પ્રવાહમાં ભાગ લેતાં લેતાં તમારી સંસ્કૃતિને જાળવવા શું કરશો ?' તેમણે ઉત્તર આપ્યો હતો કે અમે અમારો પહેરવેશ જાળવીશું, પ્રાર્થના કરીશું, કથા-ઉપદેશ સાંભળીશું, ધર્મ પાળીશું અને ગુજરાતી ભાષા વધારે સારી રીતે જા ળવી રાખવાના પ્રયાસો કરીશું. તેમણે વાતચીતમાં જણાવ્યું હતું કે તેમની મુખ્ય ચિંતા બ્રિટિશ કલચર અને મુસ્લિમ ગુજરાતી કલચરનો સુમેળ સાધવાનો છે. તેઓ એક તરફ બ્રિટનના મુખ્ય પ્રવાહમાં ઓગળી જવા [assimilate] પણ માંગતા નથી; અને બીજી તરફ, માબાપની જીવનપ્રણાલીને સંપૂર્ણપણે અપનાવવા પણ તૈયાર નથી. તેઓ માબાપે બળજબરીથી નક્કી કરેલ પાત્ર સાથે લગ્ન કરવા તૈયાર નથી, તો વળી, તેમની સંમતિ વગર કેવળ પોતાની જ પસંદગીના લગ્ન કરવા માટે પણ તૈયાર નથી. અઢાર વર્ષની એક યુવતીએ સંશોધકને જણાવ્યું હતું કે પોષાકની બાબતમાં તેનું કુટુંબ ઘણું કડક હોવાથી તેને એશિયન ડ્રેસ પહેરવાની ફરજ પડે છે. પણ કૉલેજમાં તો આવો પોષાક જોઈને બીજા વિદ્યાર્થીઓ હસી કાઢે છે. તેથી હું કૉલેજ કે ઈન્ટરવ્યૂ દરમિયાન વેસ્ટર્ન ડ્રેસ પહેરું છું અને ઘરમાં માતાપિતા અને મુરબ્બીઓની પસંદગી મુજબનો પોષાક અપનાવી લઉં છું. આ રીતે અમારું ગાડું ચાલે છે. તેણે ઉમેર્યું હતું :

'Life at home is very different to being out at work, school or even college. First the fact is that the life-style outside is completely different to ours at home. You have to adjust to two different life-styles such as being western when outside and very Indian when at home.'

પોતાની સર્વે - રિસર્ચનું તારણ આપતાં શમીમ આદમે લખ્યું છે :

'જૂની પેઢીની જીવનપ્રણાલી અને રીતરિવાજનું એક અંતિમ છે અને મુક્ત બ્રિટિશ જીવનપ્રણાલીનું બીજું અંતિમ છે. બ્રિટનની ગુજરાતી મુસ્લિમ યુવા પેઢી આ બે અંતિમો વચ્ચે ફંગોળાય છે. વખત જતાં, આ લોલક સમતોલ થઈ બે સંસ્કૃતિઓ વચ્ચે બેલેન્સ થશે એવી આશા રાખી શકાય.' ("ઓપિનિયન", ઑગસ્ટમ ૨૦૦૦)

શું ભવિષ્યમાં આવું 'બેલેન્સ' જળવાશે ? આ કાંઈ મિકેનિકલ ઘડિયાળનું લોલક નથી. અત્રે એ ખાસ યાદ રહે કે આદમ ઘોડીવાળા જેવા જૂની પેઢીના પટેલોની સરખામણીમાં શમીમ જેવાં યુવાનોનાં દૃષ્ટિબિંદુઓ પ્રમાણમાં વધારે 'ઓપન' અને ઉદાર છે. ઈમ્તિયાઝ પટેલે તો ઉપરોક્ત પરિસંવાદમાં પોતાના અનુભવો ટાંકતા સ્પષ્ટ જબાનમાં કહ્યું હતું કે એક સામાજિક કાર્યકર તરીકે પોતે હેલ્થ પ્રોફેશન સાથે સંકળાયેલા હોવાથી શાળા-કૉલેજો અને યુનિવર્સિટીઓમાં ભણતાં સેંકડો 'બ્રિટિશ ગુજરાતીઓ'ના પરિચયમાં આવ્યા છે. સંભવતઃ તેમાં સુન્ની વહોરા પટેલો આવી જાય. યુવા પેઢીના બ્રિટિશ ગુજરાતીઓએ ઈમ્તિયાઝ પટેલને વધારે સ્પષ્ટ રીતે ઉત્તર આપતા દમામપૂર્વક [assertive] કહ્યું હતું અને તે મોટે ભાગે ઈમ્તિયાઝ પટેલની વિચારસરણીને પણ અનુરૂપ હતું :

'What is Gujarati Culture ? What is its significance ? Why in Britain do we need to preserve and promote Gujarati Culture ? What are we going to achieve at the end of the day by preserving Gujarati Culture ? Haven't we got enough issues to talk about in British / Western Culture ? Why are you creating confusion of Cultures ?'

વળી યુવાનો અને યુવતીઓએ ઈમ્તિયાઝભાઈને કહ્યું હતું : 'ગુજરાતી સંસ્કૃતિ વિશે જેટલું જાણવા યોગ્ય હશે એટલું જાણી લઈશું ! આ વધારાની માથાકૂટ શા માટે ? ઘરમાં ગુજરાતી બોલીએ છીએ. ક્યારેક અવારનવાર ગુજરાતી કપડાં પહેરીએ છીએ. હોળી, દિવાળી, ઈદ ગુજરાતી ઢબે મનાવી લઈએ છીએ. What is the problem, man ???' ("ઓપિનિયન", નવેમ્બર ૨૦૦૦).

ઈમ્તિયાઝ પટેલે વહોરા પટેલોનો ઉલ્લેખ કર્યા વગર 'યુવા ગુજરાતી પેઢી'ની વાત કરી છે. પણ અત્રે તો 'પટેલ ડાયસ્પોરા'ની વાત છે. સિરાજ પટેલ જૂની પેઢીના બૌદ્ધિક અને સાહિત્યકાર છે. હકીકતમાં, તો તેમણે છેક ૧૯૬૩માં બ્રિટનમાં સથળાંતર કર્યું હતું. તેઓ

ગુજરાત તેમ જ બ્રિટનનો બહોળો અનુભવ ધરાવે છે. તેમણે ૨૫ માર્ચ, ૨૦૦૬ના રોજ કરાંચીમાં 'પાકિસ્તાન ગુજરાતી જર્નાલિસ્ટ એસોસિયેશન' સમક્ષ સંશોધન રજૂ કરતાં કહ્યું હતું કે તેઓ અને બીજા વહોરા પટેલો બ્લેકબર્ન અને બોલ્ટન જેવા 'કોટન ટાઉન્સ'માં એકોનોમિક માઈગ્રન્ટ્સ તરીકે ગયા હતા. ત્યાર બાદ તેમણે વહોરા પટેલોની હાલની પરિસ્થિતિની છણાવટ નીચેના શબ્દોમાં કરી હતી :

'૧૯૯૧ પછીથી અત્યાર સુધીના તબક્કાને ત્રીજી પેઢીનો તબક્કો ગણીએ તો સહેજે માલુમ પડે છે કે બ્રિટનમાં ગુજરાતી પેઢીમાં ગુજરાતી ભાષા પ્રત્યે ઝાઝું આકર્ષણ નથી. આટલું જ નહીં, સાંસ્કૃતિક અને સંસ્કારોની દૃષ્ટિએ પણ બધું રેલમછેલ થઈ રહ્યું છે. આપણાં બાળકોમાં વેસ્ટર્ન કલચરની બોલબાલા વધી રહી છે. મોટા પ્રમાણમાં માબાપ અને વડીલો ન છૂટકે જાણે લાચાર બની ગયા છે. શિખામણની રૂએ કંઈ કહેવા જાય તો દીકરો કે દીકરી સામેથી માબાપ પર ગુસ્સે થાય અને જો વાત વધારે છંછેડાઈ જાય તો ઘર છોડીને સ્વતંત્ર રહેવા ભાગી જાય. ભારત કે પાકિસ્તાનમાં જો આવું બને તો દીકરો કે દીકરી રખડપટ્ટીથી થાકીને સાંજે ઘર ભેગાં થાય કે તેના માટે રોટલા અને ઓટલા, એટલે ખાવાપીવા અને રહેવાની સગવડ હોતી નથી. બ્રિટનમાં એથી ઉલટું છે. અહીંની સરકાર ઘરમાંથી ભાગી છૂટનારને રહેવાની, ખાવાપીવાની દરેક સગવડ કરી આપે છે.'

પોતાના ગંભીર વક્તવ્યને લોકભોગ્ય બનાવવા સિરાજ પટેલે 'સૂફી' મનુબરીની જે ગઝલ પેશ કરી હતી, તે એવી ચોટદાર છે કે તેને અત્રે દોહરાવીશું :

યુ.કે.માં આ જોવા જેવી sight છે.
બાપ દીકરા વચ્ચે રોજ fight છે.
બાપ છે લેંઘાના જેવો ઢીલો
દીકરો જીન્સ જેવો tight છે.

આ નવા પ્રવાહની મૂંઝવણ 'સૂફી' મનુબરીએ રમૂજી પણ ધારદાર જબાનમાં વ્યક્ત કરી છે :

થઈ ગયો હું રિટાયર્ડ આંખે દેખાતું નથી
હું રહું અહીંયા કે જાઉં દેશ સમજાતું નથી
ભરયુવાનીમાં જ હું તો યુ.કે.માં આવ્યો હતો
મારી પાછળ ભાઈને પણ બોલાવ્યો હતો
છોકરાના છોકરાનો હું તો દાદો થઈ ગયો
જે હતો સુટ-સાટમાં તે આજે સાદો થઈ ગયો
જેનો દાદો હું હતો તે મારો 'દાદો' થઈ ગયો
કોઈને પણ ઘરમાં સારું-નરસું કહેવાતું નથી
એક પગ યુ.કે.માં મારો બીજો પગ છે દેશમાં
છે અહીં બિરયાની મરઘી ખાટા મગ છે દેશમાં
કોણ કે' છે અમારી લાગવગ છે દેશમાં
આભના તારા ગણાવે એવા ઠગ છે દેશમાં
એવા આવે છે વિચારો 'સૂફી' ઊંઘાતું નથી
હું રહું અહીંયા કે જાઉં દેશમાં સમજાતું નથી.

સમાપન :

આપણે અગાઉ જોયું તે મુજબ ભરૂચ જિલ્લાના સુન્ની મુસ્લિમ પટેલોના પૂર્વજોએ ઘણી હાડમારીઓ સહન કરીને તેમની તેમ જ તેમના સમયમાં પ્રવર્તતા બૃહદ્ ગુજરાતી સમાજનો વિકાસ કરવામાં અનન્ય ફાળો આપ્યો હતો. આ રીતે ગુજરાતમાં તેમનો મધ્યમવર્ગી બૌદ્ધિકોનો નવો ફાલ ઉભરાયો હતો. આવા સંજોગોમાં લૉર્ડ આદમ પટેલ તથા સિરાજ પટેલ જેવા તેજસ્વી પટેલોએ સ્થળાંતરની પ્રક્રિયા શરૂ કરી હતી.

પ્રથમ પેઢીના પટેલોએ નવા અપનાવેલા દેશમાં ભારે તપશ્ચર્યા કરી હતી. તેમણે બાળકોને લાડ લડાવતાં ઊંચાં સંસ્કારો આપ્યા હતાં. તેમણે દુઃખો સહન કરતાં પણ મુશાયરાઓ યોજ્યા હતા અને ગઝલો ગાઈ સંભળાવી હતી. જો તેમનામાં આત્મશ્રદ્ધા ન હોત તો તેઓ એકલા સાહિત્ય દ્વારા વિકસી શક્યા ના હોત. ગઝલ - મુશાયરાઓએ તેમને પારકા પરદેશમાં નવું પ્રેરકબળ પૂરું પાડ્યું છે. તેને અનુરૂપ હિંદુ - મુસ્લિમ સંસ્કૃતિ વચ્ચેનો સમન્વય કરતા હારૂન અહમદે ગાયું હતું :

વિદેશો પરાયા વતન પણ બને છે
ને વેરાન વગડા અમન પણ બને છે
જમુના કિનારે વાગેલ વેણુ કદી
નીલ કાંઠાની બંસી પણ બને છે
અહીં પાંચ ખંડોના માનવનો મેળો
જુદાઈ તજી હમવતન પણ બને છે
ને ગોકુળ અમારું અહીં નીલ કાંઠે
આ ધરતી કદી તો તપોવન પણ બને છે.

સુન્ની વહોરા પટેલોની ત્રીજી અને છેલ્લી પેઢી આવા વાતાવરણમાંથી પસાર થઈ રહી છે. વડીલો ઘણા ચિંતીત છે, પણ તેમની અને નવી પેઢી વચ્ચેની સાંકળરૂપ આધેડવયના પટેલો 'બેલેન્સ' જાળવવાના ભારે અને સંનિષ્ઠ પ્રયાસો કરે છે. તેને માટે તેઓ ઘણું આત્મમંથન કરે છે. આવા કારણોસર બીજા ડાયસ્પોરિક ગુજરાતીઓની સરખામણીમાં તેમના પ્રયાસો વધારે સફળ થયા હોય તેમ લાગે છે.

નવી પેઢીના યુવકો અને યુવતીઓ બ્રિટનના સમાજ, અર્થતંત્ર, રાજકારણ અને શિક્ષણ સંસ્થાઓની વધારે સારી રીતે પરિચિત અને જાગૃત છે. વળી તેઓ આજના વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં ઈસ્લામનું મહત્ત્વ સમજે છે. તેઓ પોતાની આગવી ઓળખને ચાલુ રાખીને આજે તો બ્રિટનના પ્રવાહોમાં આત્મવિશ્વાસથી ભાગ લઈ રહ્યા છે. બ્રિટનના વિકાસમાં તેમનો નાનો પણ કિંમતી ફાળો છે. આમ છતાં, નવી પેઢીમાં 'ટેન્શન' અને મથામણો તો છે જ. જો મથામણો થતી ના હોત તો પશ્ચિમના ધસમસતા પ્રવાહમાં તેઓ તણાઈ ચૂક્યા હોત ! પણ તેમ થયું નથી, કારણ કે અસલમાં તો નર્મદાનું પાણી પીનાર એ ખેડૂત પ્રજા છે. તેથી પટેલો સો ગળણે ગાળીને ટેમ્સ નદીનું પાણી પીએ છે !

આમ, અત્યાર સુધી તો પૂર્વ અને પશ્ચિમના, ગુજરાત અને બ્રિટન વચ્ચેના સંસ્કારની સમતુલા જળવાઈ શકી છે. ત્યાર પછીના કેટલાક દાયકાઓ બાદ શું થાય છે તે તો બીજી અને ત્રીજી પેઢીના યુવાનો અને યુવતીઓ વચ્ચેનાં 'ડાયલોગ' અને આદાન-પ્રદાનનો વિષય છે. જો કે શેર-શાયરી અને ગઝલોને તો કોઈ પણ જાતની કૃત્રિમ બાઉન્ડ્રી નડતરરૂપ નથી. સુખમાં કે દુઃખમાં, તેની ધૂમ તો મચ્યા જ કરશે. તેમણે ફિલસૂફી અને સાહિત્યનાં તાણાંવાણાં સાંધીને હૃદયસ્પર્શી ડાયસ્પોરિક સાહિત્ય વિકસાવ્યું છે. ગુજરાતી સાહિત્ય તો પટેલોના લોહીમાં ભળી ગયું છે. ●

[F-2, Ayojan nagar Society, Near Shreyas Raiway Crossing, AHMEDABAD - 380 007, India]

અકાદમીના ત્રણ દાયકા : વિવિધ કાર્યક્રમો

ગુજરાતી સાહિત્ય અકાદમીની અવસ્થા હવે ત્રણ દાયકાની બહાર નીકળી રહી છે. આ સાંસ્કૃતિક મહત્ત્વની ઘટનાને ધ્યાનમાં લઈને અકાદમીની આ હયાતીના આ ત્રીજા દાયકાની સમાપ્તિ ટાંકણે, **'ગુજરાતી સાહિત્ય અકાદમીની ત્રિશતિ : દશા અને દિશા'** સંબંધક વિવિધ ત્રણ કાર્યક્રમો અહીં તથા તળ ગુજરાતમાં યોજવામાં આવ્યા છે.

ગુજરાતી સાહિત્ય અકાદમી, "ઓપિનિયન" તેમ જ 'ગુજરાતી લેક્સિકોન'ના સંયુક્ત ઉપક્રમે, શનિવાર, ૧૦ જાન્યુઆરી ૨૦૦૯ના બપોરે ત્રણ વાગ્યાથી, અમદાવાદ ખાતે ગૂજરાત વિદ્યાપીઠના પરિસરમાં, 'બ્રિટનનો ગુજરાતી ડાયસ્પોરા : ઐતિહાસિક અને સાંપ્રત દૃષ્ટિકોણ' વિષય સંબંધક જાહેર પરિસંવાદનું આયોજન થયું છે.

વળતે દિવસે, રવિવાર, ૧૧ જાન્યુઆરી ૨૦૦૯ના દિવસે સવારે દસ વાગ્યાથી અમદાવાદ ખાતે 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના પ્રાંગણમાં, 'ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યસર્જન : દશા અને દિશા' વિષય પર એક જાહેર પરિસંવાદ યોજાશે. આ સભામાં, ડાયસ્પોરિક ગુજરાતી પ્રકીર્ણ સાહિત્ય, કાવ્યસર્જન, વાર્તાવૈભવ તેમ જ નવલકથા બાબતના ચાર અલગ વિષયો પર તજજ્ઞો રજૂઆત કરવાના છે. આ અવસરે ત્રણેક પુસ્તકોનું લોકાર્પણ કરવામાં આવશે.

કાર્યક્રમોની વિગતો આ મુજબ રહેશે :

શનિવાર, ૧૦ જાન્યુઆરી ૨૦૦૯

સમય : બપોરે ૩.૦૦ વાગ્યાથી

સ્થળ : ગૂજરાત વિદ્યાપીઠ સભાગૃહ, આશ્રમ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪, ગુજરાત.

પરિસંવાદ વિશેષ :

'બ્રિટનનો ગુજરાતી ડાયસ્પોરા : ઐતિહાસિક અને સાંપ્રત દૃષ્ટિકોણ'.

શુભ કામના : સુદર્શન આયંગર, કુલ સચિવ, ગૂજરાત વિદ્યાપીઠ

(વિશેષ વિગત છેલ્લા પાન પરે)

'તારે જમીન પર'

○ 'હરિશ્ચંદ્ર'

કાલે ત્રીજી વાર માસ્તર જાનકીદાસે મને ખબર આપી કે, "પરેશ શાળામાં હાજર રહેતો નથી. છોકરો ગુમરાહ થઈ જશે." એટલે આજે ભોજન બાદ પરેશે નિશાળનો થેલો ખભે લટકાવ્યો કે ચુપકીદીથી હું પણ તેની પાછળ પાછળ ચાલ્યો. સ્કૂલની સડકને બદલે શાહજાદાએ બીજો જ રસ્તો પકડ્યો!

ચાલતાં ચાલતાં અમે ગામ બહાર નીકળી ગયા. એ એની ધૂનમાં જ હતો. એણે પાછા વળીને એકે વાર જોયું પણ નહીં. સીટી વગાડતો, ક્યારેક પથરાને બૂટ વડે ઠોકરો મારતો આગળ ધપ્યે જ જતો હતો. સુવ્વરનો બચ્ચો ! એ નહોતો જાણતો કે એના આ બૂટ ખરીદવા એના બાપને સવારથી સાંજ સુધી ફાઈલો સાથે કેટલાં માથાં ફોડવાં પડતાં હતાં!

મદારીઓના ડેરા નજીક એ પહોંચ્યો, તો પાંચ-છ કૂતરા જોરશોરથી ભસતા એની નજીક લપક્યા. હું ગભરાયો - ક્યાંક એ મારા છોકરાને પગે બચકું ભરી લે તો! પણ જેવો એ કૂતરાઓની નજીક પહોંચ્યો કે તેઓ દૂમ હલાવવા લાગ્યા. ઓહ! મતલબ કે કૂતરા સાથે એને જૂની ભાઈબંધી હતી.

હું ઝાડની આડશે જોઈ રહ્યો હતો. મદારીના એક છોકરાએ ચાર-પાંચ સાપ પરેશને ગળે લટકાવી દીધા. મારો તો શ્વાસ જ અધ્ધર થઈ ગયો ! દિલ ધડકતું હતું. પણ ધીરે ધીરે સાપ ગળેથી સરકીને બદન પર થઈ ઘાસ પર રમવા માંડ્યા. પછી પરેશ આગળ વધ્યો. નહેરને કિનારે કેટલાંક બંગાળી છોકરાં માછલી પકડી રહ્યાં હતાં.

આ બધું એ એકીટશે જોઈ રહ્યો હતો. જોવામાં એ એટલો મગ્ન હતો કે હું, એનો બાપ, એની અડોઅડ જઈને ઊભો રહ્યો તેનો ય એને ખ્યાલ ન રહ્યો. એની આંખોમાં ઉત્સુકતા હતી, જીવન પ્રત્યેનો પ્યાર હતો. એ ત્યાંના વાતાવરણમાં લીન થઈ ગયો હતો.

એકાએક પરેશની નજર મારા પર પડી અને એનું મોં પડી ગયું. આખરે એને કાંઈ ન સૂઝ્યું એટલે એણે આંગળી ચીંધી કહ્યું, "પાપા, આ લોકો માછલી પકડી રહ્યાં છે." હું ય એની સાથે બેસી ગયો. ન એની સ્કૂલની વાત નીકળી, ન મારી ઑફિસની! ન મેં એને પૂછ્યું કે, તું શાળાને બદલે આ બાજુ કેમ આવ્યો. ન એણે ધડ કરી કે હું ઑફિસને બદલે આ બાજુ શી રીતે આવી પહોંચ્યો. અમે મિત્રોની માફક અહીંતહીંની હાંકતા રહ્યા. "ચાલો પાપા, નદીની પેલે પાર જઈએ,' કહી એ બૂટની દોરી છોડવા લાગ્યો.

"ના બેટા, પગ ભીંજાવાથી તને શરદી થશે," કહી મેં એને મારી પીઠ ઉપર બેસાડ્યો અને એણે એના હાથ મારા ગળે લપેટી દીધા. એનાં ચિંતા-ભય બધું જ ગાયબ થઈ ગયું. એ બોલ્યે જતો હતો : "પાપા, નદીની પેલે પાર એક પથ્થરફોડો છે. દી' આખો બસ પથ્થર ફોડ્યા કરે છે. વળી ત્યાં એક સ્વામીજી પણ છે. નદી પાર કરી કે સામે જ સ્વામીજી મળ્યા. "તમારો છોકરો છે કે?" "હા."

"ઘણો ડાહ્યો ને ભોળો છે. તમારું નામ રોશન કરશે." ન જાણે આટલી વાત પર મને એટલી ખુશી થઈ કે સ્કૂલથી ભાગેલા એ છોકરા વિશે મને ગર્વ થયો. નજીકમાં જ થોડાં ઝૂંપડાં હતાં. વાસણ માંજતી એક ભરવાડણે કહ્યું, "ઘણા દિવસે આવ્યો, પરેશ!"

પરેશ એની નજીકમાં જઈ લાડમાં બોલ્યો, "હા, માસી ! આજે તો મારા પપ્પા પણ આવ્યા છે." પરેશની માસી અમને ચા પીવડાવવા માગતી હતી પણ અમે ના કહી.

પરેશને નિશાળેથી ન ભાગી જવાનું સમજાવવા મનોમન હું કોશિષ કરતો રહ્યો; પણ કાંઈ કહી ન શક્યો. આખરે મેં નક્કી કર્યું કે આજે નહીં, કાલ-પરમે એને સમજાવી દઈશ.

વરસાદે જોર કર્યું. અમે જેમતેમ ઘરે પહોંચ્યા. આંગણામાં જ ધૂંવાંપૂંવાં થતી એની મા ઊભી હતી. એણે મને ઊધડો જ લીધો : "આખો મહોલ્લો ઘૂમી વળી. પહેલાં તો બેટો જ ભાગતો હતો, હવે તો બાપે ય ભાગવા લાગ્યા કે શું?"

કદાચ એને ગોપીનાથ દ્વારા જાણ થઈ હશે કે આજે હું ઑફિસે નહોતો ગયો. પરેશ મારી સોડમાં ભરાયો - પણ જાણે એ મને એની સોડમાં લઈ લેવા માગતો નહીં હોય! એને થતું હશે કે એને કારણે જ એના પાપાને આ સાંભળવું પડે છે. કદાચ મારા મનની અંદર સૂતેલા બેટાને જાગૃત થયેલો જોઈ એના મનની ભીતરનો સૂતેલો બાપ જાગ્યો હતો. પળ બે પળ રહી એ બોલ્યો, "પાપા, હવે હું ડાહ્યો થઈ ભણ્યા કરીશ, હોં!"

કેટલા ય મહિના વીતી ગયા. હવે એ નિયમિત નિશાળે જાય છે. પહેલાં કેટલી ય વાર માસ્તરની અને એની માની ધમકીઓની કોઈ અસર એના પર નહોતી થઈ. પણ છેલ્લા પ્રસંગની એના પર ઘેરી અસર થઈ છે. એને થઈ ગયું છે કે એના પાપાને ઠપકામાંથી બચાવવા એણે નિશાળે જવું જ જોઈએ.

બધાં ખુશ છે, માસ્તર જાનકીદસ ખુશ છે, એની મા ખુશ છે અને હું પણ... હા, પહેલાં પહેલાં મનેય ખુશી થઈ હતી. પણ હવે... ... રાતના નવ વાગી ચુક્યા છે. બારીમાંથી વીજળી ચમકતી દેખાઈ રહી છે. આગિયા ઝબૂકી રહ્યા છે. મલયાનિલ લહેરાઈ રહ્યો છે. પરેશ ટેબલ-લૅમ્પ પાસે પુસ્તકોમાં આંખો પરોવી બેઠો છે. પણ મારા મનના અંતઃસ્તલમાં હલચલ મચી રહી છે. જીવને થાય છે કે એ નિશાળમાંથી ભાગી છૂટે, હું ઑફિસમાંથી, અને અમે બાપ-બેટા આખી દુનિયાને અંગૂઠો દેખાડી જંગલોમાં ઘૂમતા રહીએ! પણ આ વાત હું કોઈને કહી શકતો નથી. પહેલાં એ ગુમરાહ હતો - હવે હું ગુમરાહ થઈ રહ્યો છું.

(બલવંતસિંહની હિન્દી વાર્તાને આધારે)

અધ્યક્ષ : મંગુભાઈ આર. પટેલ,
પ્રમુખ, ગુજરાત ઈતિહાસ પરિષદ
વક્તા : ભદ્રાબહેન વડગામા, રોહિતભાઈ બારોટ, દાઉદભાઈ ઘાંચી, મકરંદભાઈ મહેતા, શીરીનબહેન મહેતા
સમાપન : ત્રિદીપ સુહૃદ, મંત્રી, દર્શક ઈતિહાસ નિધિ
બેઠક સંચાલન : વિપુલ કલ્યાણી
બેઠકને અંતે પ્રીતિ ભોજનની સગવડ પણ હશે.

•

રવિવાર, ૧૧ જાન્યુઆરી ૨૦૦૯
સમય : સવારે ૧૦.૦૦ વાગ્યાથી
સ્થળ : રામાનારાયણ વિશ્વનાથ પાઠક સભાખંડ,
ગોવર્ધન ભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ,
નદી કિનારે, આશ્રમ રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ગુજરાત
પરિસંવાદ વિષય : *'ડાયસ્પોરિક ગુજરાતી સાહિત્યસર્જન : દશા અને દિશા'*
આશીર્વચન : નારાયણભાઈ દેસાઈ,
પ્રમુખ, ગુજરાતી સાહિત્ય પરિષદ
પહેલી બેઠક :
અધ્યક્ષ : અનિલાબહેન દલાલ
વક્તા : ભદ્રાબહેન વડગામા : 'પ્રકીર્ણ સાહિત્ય : નિબંધ, પ્રવાસવર્ણન, અનુવાદ, નાટ્યલેખન, ઈ.'
મધુસૂદનભાઈ કાપડિયા : કવિતા
બીજી બેઠક :
અધ્યક્ષ : ભોળાભાઈ પટેલ
વક્તા : અનિલભાઈ વ્યાસ : નવલિકા
રમેશભાઈ ર. દવે : નવલકથા
પુસ્તક - લોકાર્પણ વિધિ :
સમાપન : પ્રકાશ ન. શાહ
બપોરે તેમ જ સાંજે પ્રીતિભોજનની સગવડ પણ હશે.

ન સનમની વાતો ન સજનની વાતો
બાકી રહી ગઈ બસ દફનની વાતો

ફરકતી'તી સુંવાળી વાદળી ઓઢણી
બળબળતી રેતને છે કફનની વાતો

કેટલો શાંત છે અહીંનો કોલાહલ
ભીની નજર કરે બંધ નયનની વાતો

લીલા લાલ પીળા સોનેરી રૂપેરી
રંગ બધા કરે એ જ સપનની વાતો

ધડકે શેરમાં આ દિલ સતત યા
છે 'બાબુલ' છલકતા ગગનની વાતો

- ફારૂક ઘાંચી 'બાબુલ'

હા, આદિલ મન્સૂરી નથી; એ મોટે ગામતરે સિધાવ્યા છે. આદિલ સાહેબના એકવડિયા શરીરમાં એક ખૂબ સશક્ત પ્રતિભા અને એક માયાળુ જીવ લગોલગ ધબકતા જોયા છે. હવે એ પ્રેમાળ સહૃદયી અને મૃદુ માણસનો અભાવ સહુને લાગશે. એમના વગર મુશાયરા ય ફિક્કા લાગશે. એ મૂર્ધન્ય સાહિત્યકારને નામ આ એક ગઝલ. : '– બાબુલ'

આદિલ સાહેબની સ્મૃતિમાં, 'ઓપિનિયન'ની કલમ પણ અરધી કાઢીએ જ અદબપૂર્વક ખડી છે. : તંત્રી

પ્રકાશક : Parivaar Commincations, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · મુદ્રિત પ્રત : 275 · ગ્રાહક : 183 · [22.11.2008]